gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 25 જૂન 2023

અષાઢ સુદ-07, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 07 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા સોશિયલ મીડિયા પર છવાઈ

પેજ 11

સુવિચાર

માનવી એક એવો જીવ છે, જે કેમિકલ કરતાં પણ વધારે રિએક્શન આપે છે.

### યુક્રેનમાં પુટિનને સફળતા અપાવનાર વેગનર ગ્રુપના લડાકુઓ પર રશિયન દળોના હુમલોથી ગ્રુપના વડા પ્રિગોઝીન ભડક્યાં

## પુટિનની ખાનગી સેનાએ બળવો પોકાર્યો

# રશિયામાં ગૃહયુદ્ધના ભણકારા

■ રશિયાના રક્ષા મંત્રાલય પર હુમલો કરવા ખાનગી સેનાનો એલાન-એ-જંગથી મોસ્કોમાં ખળભળાટ

ગુજરાત | વંદન




મોસ્કોની શેરીમાં બખ્તરબંધ ટેંક

છેલ્લા એક વરસ કરતા વધુ સમયથી રશિયા દ્વારા યુક્રેન કબ્જે કરવાનું યુદ્ધ ચાલી રહ્યું છે પરંતુ હવે તેમા એક રસપ્રદ વળાંક આવ્યો છે. યુક્રેનમાં રશિયાના રાષ્ટ્રપતિ પુટિન વતી યુદ્ધ લડી રહેલ પુટિનની ખાનગી સેના વેગનર ગ્રુપ દ્વારા બળવો પોકારવામાં આવતા અને વેગનર ગ્રુપના વડા યેવગીન પ્રિગોઝીને રશિયાના સંરક્ષણ મંત્રીની હત્યા કરવાની જાહેરાત કરીને પોતાના સૈનિકોને મોસ્કો તરફ જવાનો આદેશ આપતા ઘર આંગણે પુટીન મુશ્કેલીમાં મુકાયા છે. એક અહેવાલ અનુસાર રશિયામાં ગૃહયુદ્ધ કે આંતરીક યુદ્ધના ભણકારા વાગી રહ્યાં છે. બીજી તરફ રશિયન દળો દ્વારા પ્રિગોઝીન સામે વોરંટ ઈસ્યુ કરી ધરપકડના આદેશો આપતા પુટિનની ખાનગી સેના અને રશિયન સેના વચ્ચે અથડામણો શરૂ થઈ છે. બીજી તરફ અમેરિકા રશિયામાં સર્જાયેલી નવી ગંભીર કટોકટી પર નજર રાખી રહ્યું છે. યુક્રેન દ્વારા પણ રશિયાના આગામી પગલા પણ નજર રાખવામાં આવી છે. હાલની ઘણીએ આ લખાય છે ત્યારે રશિયામાં બળવો પોકારવામાં આવે તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થવા થઈ રહ્યું છે.

યુક્રેન જીતવા નીકળેલા રશિયન રાષ્ટ્રપતિ પુટિનની મુશ્કેલીઓમાં વધારો થાય તેમ રશિયન દળોએ યુક્રેનમાં વેગનર ગ્રુપના કેમ્પ પર રોકેટ મારો કરતા મોટી સંખ્યામાં વેગનર ગ્રુપના ભાડાના સૈનિકો માર્યા જતા ગ્રુપના વડા પ્રિગોઝીન તેનાથી રોષે ભરાયા છે અને તેમના સૈનિકો પર ગેરકાયદે હુમલો કરવા બદલ રશિયાના સંરક્ષણ મંત્રી સર્ગેઈ સોઈગુને જવાબદાર ઠેરવી તેનો બદલો લેવા પોતાના સૈનિકોને મોસ્કો તરફ આગળ વધવાનો આદેશ આપ્યો છે. બીજી તરફ મોસ્કોમાં રક્ષા મંત્રાલયની આજુ-બાજુ બખ્તરબંધ ટેંકો ખડકી દેવામાં આવી છે. રક્ષા મંત્રાલયની સુરક્ષા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યાં છે. રશિયાના સોશિયલ મીડિયામાં એવી તસ્વીરો અને વીડિયો શેર કરવામાં આવ્યા છે કે જેમાં દેખાય છે કે, રશિયાના આર્મી હેડક્વાર્ટર રોસ્તોવ ઓન ડોનની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. બખ્તરબંધ ટેન્કો ઉપરાંત ...અનુસંધાન પેજ નં. 6 પર

### પીઠમાં છરો મારનારાઓને સજા મળશે : પુટિન

રશિયામાં ખાનગી સેના વેગનર ગ્રૂપ દ્વારા બળવાના પ્રયાસો વચ્ચે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને રાષ્ટ્રને સંબોધિત કર્યું. પુટિને કહ્યું કે વેગનર ચીફ યેવજેની



પ્રિગોઝીનની હરકતો દેશદ્રોહ સમાન છે. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે 'આ દેશદ્રોહ છે. રશિયા પોતાનો બચાવ કરશે અને આ પ્રતિકૂળ પગલા સામે બદલો લેશે. વેગનર ચીફ યેવજેની પ્રિગોઝિન અને તેના દળોએ રોસ્ટોવ-ઓન-ડોન અને વોરોનેઝના રશિયન શહેરોના ભાગો કબજે કર્યાના કલાકો પછી, પુતિને સવારે રશિયાને સંબોધિત કર્યું. પુતિને કહ્યું કે જે લોકોએ રશિયન સેના અને રશિયન લોકો સામે બળવો કર્યો છે તેમને બળવાની સજા આપવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, 'જે કોઈ જાણી જોઈને વિશ્વાસઘાતના માર્ગ પર ચાલ્યો હશે તેણે અનિવાર્ય સજા ભોગવવી પડશે. સેનાને યોગ્ય આદેશો મળ્યા છે.

### શા માટે પ્રિગોઝીને બળવો પોકાર્યો ?



યેવગેની પ્રિગોઝીનના ભાડૂતી સૈનિકો, વેગનર ગ્રુપ, યુક્રેન યુદ્ધમાં આગળની લાઈન પર લડી રહ્યા છે. ભૂતકાળમાં પણ, પ્રિગોઝીને રશિયન સંરક્ષણ મંત્રાલય પર તેના સૈનિકોને પૂરતા શસ્ત્રો અને સંસાધનો ન આપવાનો આરોપ લગાવતા ઘણા વીડિયો શેર કર્યા હતા. હવે પ્રિગોઝીને આરોપ લગાવ્યો છે કે રશિયન સંરક્ષણ મંત્રી સર્ગેઈ સોઈગુના આદેશ પર તેમના સૈનિકોના કાફલા પર યુદ્ધ વિમાનો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ સાથે જ વેગનર ગ્રુપના કેમ્પને પણ રોકેટ વડે નિશાન બનાવવામાં આવ્યા હતા. પ્રિગોઝિનનો આરોપ છે કે આ હુમલાઓમાં તેના ઘણા સૈનિકો માર્યા ગયા છે. વેગનર ગ્રુપના વડાએ એમ પણ કહ્યું છે કે રશિયન સંરક્ષણ પ્રધાન સર્ગેઈ સોઈગુ, રશિયન સૈન્ય જનરલો સાથે મળીને વેગનર ગ્રુપને નષ્ટ કરવા માંગે છે. પ્રિગોઝીને કહ્યું કે 'અમે આગળ વધી રહ્યા છીએ અને અંત સુધી જઈશું અને જે કોઈ અમારા માર્ગમાં આવશે તેનો નાશ કરીશું.'

### પુટીનના વિરોધીએ બળવાખોરોને ટેકો આપ્યો



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનના વિરોધી નેતા મિખાઈલ ખોડોરકોવ્સ્કીએ રશિયન લોકોને વેગનર ચીફ પ્રિગોઝીનને સમર્થન આપવાની અપીલ કરતા મામલો બિચક્યો છે. પ્રિગોઝીને કથિત રીતે મોસ્કોના લશ્કરી નેતૃત્વને ઉથલાવી દેવાનો નિર્ણય કર્યો છે. ખોડોરકોવ્સ્કીએ પુટિન સાથે છૂટા થયા પછી રશિયન જેલમાં 10 વર્ષ ગાળ્યા અને રશિયન પ્રમુખ સામે સખત પ્રતિબંધોની માંગ કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### પૂજારાને ટીમ ઈન્ડિયામાં ન લેતા ગાવસ્કર ભડક્યા, ફેન્સ ઓછા એટલે બહાર કર્યો

ભારતીય ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન ચેતેશ્વર





પૂજારાને વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પરથી ડ્રોપ કરવાના નિર્ણયથી પૂર્વ કેપ્ટન સુનિલ ગાવસ્કર ખૂબ જ નિરાશ થયા છે. ગાવસ્કરે કહ્યું કે, WTC ફાઈનલમાં આખી ભારતીય બેટિંગ યુનિટે નિરાશ કર્યા છે તો પછી પૂજારાને જ બલિનો બકરો કેમ બનાવવામાં આવી રહ્યો છે. અજિંક્ય રહાણે સિવાય કોઈ પણ ભારતીય બેટ્સમેન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની અંતિમ મેચમાં પોતાની છાપ છોડી નહતો શક્યો. લિટલ માસ્ટરે આ દરમિયાન વાતો વાતમાં વિરાટ કોહલી પર પણ નિસાન સાધ્યું હતું કે, પૂજારાના કોઈ પણ પ્લેટફોર્મ પર લાખો ફોલોઅર્સ નથી કે, જેઓ તેમને બહાર કરવા પર હંગામો કરશે. સુનીલ ગાવસ્કરને પૂછવામાં આવ્યું કે શું ચેતેશ્વર પૂજારા ભવિષ્યમાં ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકે છે? આ સવાલ પર તેમણે જણાવ્યું કે, 'હા' તે કાઉન્ટી ક્રિકેટ રમી રહ્યો છે. તેણે ઘણી js[ બોલની ક્રિકેટ રમી છે તેથી તે જાણે છે કે કેવી રીતે કમબેક કરવું. લોકો 40 કે 39 વર્ષની ઉંમર સુધી રમી શકે છે. તેમાં કંઈ ખોટું નથી કારણ કે તે બધા એકદમ ફિટ છે. જ્યાં સુધી તમે રન બનાવી રહ્યા છો અને વિકેટો લઈ રહ્યા છો ત્યાં સુધી મને નથી લાગતું કે ઉંમર કોઈ પરિબળ હોવી જોઈએ.

### પાકિસ્તાની ડ્રોન ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરીને પંજાબમાં ઘૂસ્યુ

પંજાબમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ



પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યુ છે. આ ડ્રોન ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યુ હતું જેને લઈને સેનાએ એક્શન લઈને ડ્રોનને તોડી પાડ્યુ હતું. BSF પંજાબ ફ્રન્ટિયરે પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવાની માહિતી આપી છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ પંજાબના તરનતારન જિલ્લાના લખના ગામમાં ભારતીય હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરતા પાકિસ્તાની ડ્રોન (DJI Matrice 300 RTK) ને તોડી પાડ્યુ હતું. BSFના જવાનોએ ગઈકાલે રાત્રે લગભગ 9 વાગ્યાની આસપાસ તરનતારન જિલ્લાના ટીજે સિંહ ગામ પાસે ડ્રોનની હિલચાલ જોવા મળી હતી. BSFના એક અધિકારીએ જણાવ્યું હતું કે સૈનિકો ડ્રોનને અટકાવવા માટે તરત જ એક્શન લઈને અને પંજાબ પોલીસ સાથે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## બિહારમાં વધુ એક પુલ ચર્ચામાં : ધનસા મેંચી નદી પર પુલ શરૂ થાય, પહેલા બેસીગયો

ગુજરાત | વંદન



બિહારમાં પુલ પડવા, ધંસવા અને ડૂબવાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. તાજેતરમાં ભાગલપુર-ખાગરિયાને જોડતા અગુઆની-સુલતાનગંજ વચ્ચે ગંગા નદી પર બનેલો પુલ તૂટી પડયા બાદ અને પૂર્ણિયાના બૈસીમાં પુલ ધોવાઈ ગયા બાદ હવે કિશનગંજમાં E ફોરલેન વચ્ચે NH-327 નિર્માણાધીન છે. નદી પરનો પુલ શરુ થાય તે પહેલા ધંસી ગયો છે.

NH-327 E પર બહાદુરગંજ અને ઠાકુરગંજની વચ્ચે, ગૌરી ગામ પાસે, મેંચી નદી પરના છ સ્પાન પુલમાંથી એક સ્પાન ખાડો પડી ગયો છે. નવા બનેલા બ્રિજનો એક સ્પાન ધંસવાના સમાચાર મળતા કંપની સહિત NHAIના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. બ્રિજ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. એપ્રોચ રોડ બનાવવામાં આવી રહ્યો છે. આ પુલ હજુ સામાન્ય લોકો માટે ખુલ્લો મુકાયો નથી. અરરિયાથી ગલગલિયા વચ્ચે 94 કિલોમીટરના ચાર માર્ગીય રોડનું નિર્માણ જીઆર ઈન્ફ્રા કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ફોર લેન રોડ 2132 કરોડના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. બ્રિજ ધરાશાયી થયા બાદ લોકો બાંધકામની ગુણવત્તા સામે સવાલ ઉઠાવવા લાગ્યા છે. લોકોનું કહેવું છે કે આ પુલ સામાન્ય લોકો માટે પણ ચાલુ કરવામાં આવ્યો નથી, તે પહેલા પણ આ પુલ ધરાશાયી થયો હતો. ...અનુસંધાન પેજ નં. 6 પર

## પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામાની ટીકા કરવા બદલ હિમંતા બિસ્વા વિપક્ષના નિશાને

■ સરમાએ પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામાની ટીકા કરતા વિરોધ પક્ષોએ શબ્દિક હુમલાઓ કર્યા

ગુજરાત | વંદન

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા



સરમાની અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ હુસૈન ઓબામા પર કરેલી ટિપ્પણી પર વિરોધ પક્ષો આકરા પ્રહારો કરી રહ્યા છે. આ સાથે જ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે પણ સરમા પર નિશાન સાધ્યું છે. જયરામ રમેશે કહ્યું, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા કોઈ અસામાજિક તત્વ નથી પરંતુ તેઓ પીએમ મોદીના સૌથી ખાસ લડાયક છે. જ્યારે સરમાની ટિપ્પણી બાદ વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો કે આસામના મુખ્યમંત્રીના ટ્વિટથી પીએમને અમેરિકામાં દુઃખ થયું છે. ભારતમાં કોઈ ધાર્મિક ભેદભાવ ન હોવાનો મોદીનો દાવો નબળો પડી ગયો છે.

એનસીપીએ સરમાના નિવેદનની ટીકા કરી હતી. પાર્ટીએ કહ્યું કે હિમંતા સરમાએ હુસૈન ઓબામાની ટિપ્પણી માટે માફી માંગવી જોઈએ. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આ નિવેદન માટે સરમા પાસેથી માફી માંગવાની માંગ કરી છે. એનસીપીના પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્ટોએ કહ્યું કે કાં તો સરમાએ આપણા પીએમ નરેન્દ્ર મોદી દ્વારા અમેરિકામાં આપેલા નિવેદનને સાંભળ્યું નથી અથવા તો તેઓ જે કહે છે તેનો તેઓ અનાદર કરી રહ્યા છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની ભારતમાં મુસ્લિમોની સુરક્ષા અંગેની ટિપ્પણી બાદ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નિવેદને હોબાળો મચાવ્યો હતો. હિમંતા સરમાને એક પત્રકારે ટ્વિટ કરીને પૂછ્યું હતું કે શું ગુવાહાટીમાં ઓબામા વિરુદ્ધ ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ FIR નોંધવામાં આવી છે. શું આસામ પોલીસ ઓબામાની ધરપકડ કરવા વોશિંગ્ટન જઈ રહી છે? જેના જવાબમાં પત્રકારને જવાબ આપતાં તેમણે ટ્વીટ કર્યું કે માત્ર ભારતમાં ઘણા હુસૈન ઓબામા છે. વોશિંગ્ટન જવાનું વિચારતા પહેલા આપણે તેમની સંભાળને ...અનુસંધાન પેજ નં. 6 પર

## દુલ્હા-દુલ્હન સહિત 5 લોકોની હત્યા, આરોપીએ પોતે પણ કરી આત્મહત્યા

ગુજરાત | વંદન



યુપીના મૈનપુરી જિલ્લામાં શનિવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ત્યાં લગ્નની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. મૈનપુરીના કિશની પોલીસ સ્ટેશન વિસ્તારના અરસારા ગોકુલપુર ગામમાં એક યુવકે પોતાના જ પરિવારના 5 સભ્યોની હત્યા કરી નાખી. એટલું જ નહીં, આરોપીએ પોતાને પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. 6 લોકોના મોતના સમાચાર મળતા જ વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થળ પર મૃતદેહો વિખરાયેલા જોવા મળ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે એક દિવસ પહેલા હત્યારાના નાના ભાઈની જાન દુલ્હન લઈને પરત ફરી હતી. ભાઈની હત્યા કર્યા બાદ આરોપીઓએ દુલ્હનની પણ હત્યા કરી નાખી હતી.

ઘટના અરસરા ગામની છે. ગામના રહેવાસી શિવવીરના પુત્ર સુભાષ યાદવે મોડી રાત્રે આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે એવું કહેવામાં આવ્યું છે કે, શિવવીરના નાના ભાઈ 23 વર્ષીય સોનુ યાદવની જાન ઈટાવાથી ગંગાપુરા ગઈ હતી. શુક્રવારે જ જાન પરત ફરી હતી. ત્યારબાદ શિવવીરે શુક્રવારે રાત્રે કોઈ કારણસર એક બાદ એક 5 લોકોની હત્યા કરી નાખી હતી.

આરોપીએ ...અનુસંધાન પેજ નં. 6 પર

### એક સપ્તાહમાં મણિપુરમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલો: ટીએમસી

ગુજરાત | વંદન

ભાજપ, કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સહિત વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ શનિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા મણિપુરની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે બોલાવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી હતી. તે જ સમયે, મણિપુર પર સર્વપક્ષીય બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસે પોતાનું નિવેદન જાહેર કર્યું છે.

નિવેદનમાં તૃણમૂલ કોંગ્રેસે એક સપ્તાહની અંદર સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને મણિપુર

...અનુસંધાન પેજ નં. 6 પર

### પટનાની સભા પર પ્રશાંત કિશોરનો ટોણો

## 'પોતાના ઘરમાં ઠેકાણાં નથી અને આખી દુનિયામાં ફરી રહ્યાં છે'

ગુજરાત | વંદન

પટનામાં શુક્રવારે ભાજપ વિરોધી પાર્ટીઓના એકત્ર થયા બાદ હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ એકતા 2024ની ચૂંટણીમાં ભાજપને હરાવી દેશે, પરંતુ હવે આ દાવાને ચૂંટણી રણનીતિકારમાંથી રાજનેતા બનેલા પ્રશાંત કિશોરે નિશાન બનાવ્યો છે. વિપક્ષની એકતા પર સવાલ ઉઠાવતા તેમણે ઈન્દિરા ગાંધીને ટાંકીને કહ્યું હતું કે આ એકતાને લઈને ઉત્સાહિત થવાની કોઈ જરૂર નથી. પ્રશાંત કિશોર મીટિંગ પછી નીતિશ કુમાર અને તેજસ્વી યાદવને પ્રશ્નો પૂછે છે



અને કહે છે કે 2019ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ બિહારમાં 10 સીટો પર લડી હતી, હવે તેજસ્વી અને નીતીશે જાહેરાત કરવી જોઈએ કે તેઓ 2024માં બિહારમાં કોંગ્રેસને કેટલી સીટો આપશે?

પ્રશાંત કિશોરે કહ્યું કે જે લોકો કહે છે કે 1977માં ઈન્દિરા ગાંધીની હાર વિપક્ષની એકતાના કારણે થઈ હતી, તેઓ મૂર્ખ છે. વિપક્ષી એકતા પર કટાક્ષ કરતા પ્રશાંત કિશોરે કહ્યું કે 1977માં લોકો કહે છે કે જ્યારે તમામ પક્ષો એક થયા ત્યારે ઈન્દિરાજીનો પરાજય થયો હતો. જે લોકો આ વાત કહી રહ્યા છે તે બધા મૂર્ખ છે. 1977 પહેલા જેપીનું નવનિર્માણ આંદોલન હતું અને જેપીએ આંદોલન શરૂ કર્યું હતું. તે જેપીનો ચહેરો હતો, કટોકટી અમલમાં આવી. બધું થઈ ગયા પછી, બધા પક્ષો ભેગા થયા. જો આ બધું ન થયું હોત તો શું તમામ પક્ષોએ ઈન્દિરા ગાંધીને હરાવ્યા હોત?

...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...

સૌજન્યથી...





### કેન્દ્ર સરકારની એજન્સીઓનો બહાદુરીથી સામનો કરવો જોઈએ

## 'ED-CBIથી ગભરાવાની જરૂર નથી, 2024માં ભાજપની હાર નિશ્ચિત: સત્યપાલ મલિક

ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી 2024 અને વિપક્ષી



એકતાને લઈને દેશમાં ચાલી રહેલા રાજકીય ઉથલપાથલ વચ્ચે જમ્મુ-કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે ફરી એકવાર મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વીટ કર્યું છે કે હું તમામ નેતાઓને કહી રહ્યો છું કે તમારે ED અને CBIની ચિંતા કરવાની જરૂર નથી. સત્ય સામે સખત લડત આપો. 2024ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની હાર નિશ્ચિત છે. આગામી ચૂંટણીમાં ભાજપ સરકાર ટકી શકશે નહીં. પછી મોદીજી અને તેમના સહયોગીઓની તપાસ કરાવો.

**ભાજપને હરાવવા માટે મત આપવાની અપીલ**

બે દિવસ પહેલા હરિયાણાના સાંપલામાં છોટુરામ મ્યુઝિયમમાં આયોજિત કિસાન કામેરા મહાપંચાયતમાં તેમણે કહ્યું હતું કે ભાજપને હરાવનારાઓને મત આપો. તે માટે હું પણ પ્રયાસ કરી રહ્યો છું. એટલું જ નહીં, પૂર્વ રાજ્યપાલે ખેડૂત નેતા ગુરનામ ચધુનીને 2024માં ચૂંટણી લડવા માટેની રણનીતિ તૈયાર કરવા માટે પણ આહ્વાન કર્યું છે.

પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે વધુમાં કહ્યું કે હવે તમારે કેન્દ્ર સરકારની આ એજન્સીઓનો બહાદુરીથી સામનો કરવો જોઈએ. છ મહિના પછી તેમની હાર નિશ્ચિત છે. તે પછી અધિકારીઓને પણ લાગશે કે હવે જવાનો સમય આવી ગયો છે, તેથી કંઈ કરવાની જરૂર નથી. ત્યાર બાદ સત્તામાં બેઠેલા ભાજપના લોકોની જ તપાસ થશે.

જ્યારે મીડિયા દ્વારા પૂછવામાં આવ્યું કે કોની તપાસ છે, તો તેમણે જવાબ આપ્યો કે પીએમ નરેન્દ્ર મોદી અને તેમના સહયોગીઓ.

બીજી તરફ, 22 જૂને કેન્દ્રીય મંત્રી સંજીવ બાલ્યાન વિશે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં સત્યપાલ મલિકે વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે તેણે પોલીસ સ્ટેશનમાંથી ઘણી વખત તેમના પરિવારને છોડાવ્યો હતો. જો સંજીવ બાલ્યાનમાં હિંમત હોય તો તેમણે પાર્ટી છોડીને ટકી રહેવું જોઈએ.


અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ સંજીવ બાલ્યાને મલિક વિશે કહ્યું હતું કે તેણે એવી કોઈ પાર્ટી છોડી નથી જેમાં તેણે હાજરી ન આપી હોય. તેમણે રાજ્યપાલનું પદ સંભાળીને પુલવામા અંગે અવાજ ઉઠાવવો જોઈતો હતો.

## પીએમ મોદી નહીં, દેશને સન્માન મળે છે : મહેબૂબા

■ પીએમ દેશમાં રહે છે ત્યારે હિંદુ-મુસ્લિમ કરવા લાગે છે

ગુજરાત | વંદન

બિહારના પટનામાં વિપક્ષી



પાર્ટીઓની સામાન્ય બેઠક બાદ મહેબૂબા મુફતીએ એકતા પર ભાર મૂકતા કહ્યું કે હું નીતિશ કુમારનો ખૂબ આભાર માનું છું. જો આજે વિપક્ષ એક નહીં થાય તો પછી વિપક્ષનો અંત આવશે. પીએમ મોદી પર નિશાન સાધતા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે જ્યારે પીએમ મોદી બહાર જાય છે ત્યારે ગાંધીજીની પ્રતિમા સામે માથું ટેકવે છે, પરંતુ જ્યારે તેઓ અહીં આવે છે તો હિંદુ મુસ્લિમો કરવા લાગે છે. તેમને બહાર જે સન્માન મળે છે, તે તેમના માટે નથી પરંતુ દેશ માટે છે.

પીડીપી પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે જ્યારે પીએમ મોદી અહીં રહે છે ત્યારે હિંદુઓ મુસ્લિમો કરે છે. આમાં આપણા જમ્મુ-કાશ્મીરના લોકોને નુકસાન થાય છે. જ્યારે તે બહાર જાય છે, ત્યારે તે જાય છે અને તેના ડ્રમને પીટ કરે છે. તેમણે વધુમાં કહ્યું કે જો આજે વિપક્ષ એક નહીં થાય તો પછીથી વિપક્ષ ખતમ થઈ જશે. જે પત્રકાર આ વિશે વાત કરે છે તેને જેલમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ગાંધીનગરના પશુપાલકો માટે ખુશખબર
# પશુઓમાં થતા જીવલેણ રોગ માટે બનાવવામાં આવી રસી, ફ્રીમાં કરવામાં આવશે વિતરણ

■ રસીની પ્રથમ બેચમાં કુલ 279000 ડોઝનું ઉત્પાદન કરવામાં આવ્યું

ગુજરાત | વંદન

ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે પશુ જૈવિક સંસ્થા દ્વારા જી.એમ.પી.ના આધુનિક ધારાધોરણો મુજબ ઉત્પાદન કરાયેલી ગળસૂંઢાની રસીના પ્રથમ જથ્થાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. પશુપાલન ખાતા હેઠળની ગાંધીનગર સ્થિત પશુ જૈવિક સંસ્થાએ પશુઓમાં થતા જીવલેણ રોગો સામે રક્ષણ આપવા માટે રસી ઉત્પાદન કરતી રાજ્યની એકમાત્ર સંસ્થા છે. પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પશુઓને થતા રોગના નિયંત્રણ અને અટકાવ માટે પશુઓમાં વિનામૂલ્યે રસીકરણની સેવા પૂરી પાડવી એ રાજ્ય સરકારની હરહંમેશ પ્રાથમિકતા રહી છે.

રાજ્યના પશુઓને સુરક્ષિત કરવા રસી ક્ષેત્રે હવે ગુજરાત સ્વનિર્ભર બન્યું છે. પશુ જૈવિક સંસ્થા દ્વારા ગળસૂંઢાની રસીની પ્રથમ બેચમાં કુલ 279000 ડોઝનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. પશુઓને થતા ગળસૂંઢા જેવા જીવલેણ રોગ સામે રક્ષણ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ પશુઓને આ રસી વિનામૂલ્યે આપવામાં આવે છે.

પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પશુઓને થતા રોગના નિયંત્રણ અને અટકાવ માટે પશુઓમાં વિનામૂલ્યે રસીકરણની સેવા પૂરી પાડવી એ રાજ્ય સરકારની હરહંમેશ પ્રાથમિકતા રહી છે. એટલા માટે જ ગુજરાત છેલ્લા ઘણા વર્ષોથી પશુ રોગ માટે રસીનું નિર્માણ કરી રહ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૧૫માં જી.એમ.પી.ના આધુનિક ધારાધોરણો લાગુ થતા વર્ષ ૨૦૧૬થી રસીનું ઉત્પાદન બંધ કારાયું હતું. જી.એમ.પી.ના ધોરણે પશુ જૈવિક સંસ્થાના આધુનિકરણની કામગીરી પૂર્ણ કર્યા બાદ હવે આ સંસ્થા ખાતે ફરી એકવાર રસીનું ઉત્પાદન શરુ કરવામાં આવ્યું છે. ઉત્પાદન શરુ થતા પ્રથમ તબક્કામાં ગળસૂંઢાની રસીનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. અત્યારસુધીમાં ત્રણ બેચમાં ૨,૭૯,૦૦૦ ડોઝનું ઉત્પાદન થયું છે, જ્યારે ચોથી અને પાંચમી બેચનું ઉત્પાદન કાર્ય પ્રગતિમાં છે.

# ગાંધીનગર નજીક કલોલમાં કોલેરાએ ફરી હાહાકાર મચાવ્યો

■ કલેક્ટર દ્વારા કલોલ નગરપાલિકાનો 2 કિમીનો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરાયો...

ગુજરાત | વંદન

ગાંધીનગરના કલોલમાં કોલેરાએ ફરી એકવાર હાહાકાર મચાવ્યો છે. કલોલમાં અત્યાર સુધી કોલેરાના 11 જેટલા કેસ નોંધાયા છે. સ્થિતિને જોતા ગાંધીનગર કલેક્ટરે કલોલ નગરપાલિકાનો 2 કિમીનો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કર્યો છે. નોંધનીય છે કે, આ અગાઉ પણ રેલવે ફાટક વિસ્તારમાં કોલેરાના સૌથી વધુ કેસ નોંધાયા હતા.

ગાંધીનગર જિલ્લાના કલોલમાં વરસાદ બાદ હવે કોલેરાએ માથું ઊંચક્યું છે. વિગતો મુજબ અત્યારસુધી કલોલમાં કોલેરાના 11 જેટલા કેસો નોંધાઈ ચૂક્યા છે. આ તરફ હવે ગાંધીનગર કલેક્ટરે નોટિફિકેશન જાહેર કરી કોલેરાગ્રસ્ત વિસ્તાર અંગે માહિતી આપી છે. જેમાં કલોલ નગરપાલિકાનો 2 કિમીનો વિસ્તાર કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. અગાઉ પણ રેલવે ફાટક વિસ્તારમાં કોલેરાના સૌથી વધુ કેસ નોંધાયા હતા. આ અગાઉ પણ કલોલના રેલવે ફાટક વિસ્તારમાં કોલેરા ફાટી નીકળ્યો હતો. વર્ષ 2021માં પણ કલોલ શહેરમા ઝાડા ઉલટીનાં કેસો વધી ગયા




બાદ કલોલનાં 2 કિલોમીટર વિસ્તારને કોલેરાગ્રસ્ત નૉટિફાઈડ વિસ્તાર જાહેર કરાયો હતો. કલોલ શહેરમા 35 જેટલા હેલ્થ કર્મચારીઓ ઉતારવામાં આવ્યા હતા, જે કલોલનાં અલગ અલગ વિસ્તારનું સર્વેલન્સ કર્યુ હતું. તેમજ અલગ અલગ વિસ્તારનાં પાણીનાં સેમ્પલ લેવામાં આવ્યાં હતા. આ સરવેમાં કલોલ રેવલે પુર્વ સહિત બીજા 3 વિસ્તારોમા પણ ગટરનું પાણી પીવાના પાણી સાથે મિક્સ થતુ હોવાનું સામે આવ્યુ હતું. તે વખતે સુધીમાં 70 કરતા વધુ ઝાડા ઉલટીનાં કેસ કલોલમાં નોંધાયા હતા. આ વિસ્તારમાં અનેક લોકો કોલેરાની ઝપેટમાં આવી ગયા છે. જેને લઈ ગાંધીનગર લોકસભા સાંસદ અમિત શાહે રોગચાળાને શરૂઆતમાં જ નાથવા ત્વરિત પગલાંઓ લેવા તાકીદ કરી છે.

આ રોગ વિબ્રીઓ કોલેરી નામના બેકટેરિયાથી ફેલાય છે. સામાન્ય રીતે આ બીમારી શરૂઆત સાધારણ ઝાડા, ઉલ્ટીથી થાય છે. પરંતુ જો યોગ્ય સમયે સારવાર લેવામાં ન આવે તો આ બીમારી જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# પટના સે ચલી વિપક્ષી એક્સપ્રેસ ટ્રેન દિલ્હી પહુંચને સે પહલે કોરોમંડલ હો ગઇ તો...?!





ચુપી હિલેલા...પટના હિલેલા....અને હવે વિરોધપક્ષો પણ મિલેલા...! 2024 દૂર નથી. મે, 2024માં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. જો કે કહનેવાલે તો યહ ભી કહ રહે કી દેશ મેં ખુશહાલી હૈ..હરિયાલી હૈ...વિપક્ષ તિતરબિતર હૈ...તો હોય જાયે ઈલેકશન..?

બની શકે કે 2023ની અંતમાં રાજકિય પક્ષોના તમામ નંબર વન આગેવાનો પોતપોતાના રાજકીય હથિયારો સાથે ચાલો સૌ જીતવા જંગ...હાકલ પડી મા ચૂંટણીની....કહીને જાહેરસભાઓ ગજવી રહ્યાં હશે...ભાઈઓ-બહેનો....દેખો ભઈયા...એવા બધા તકિયાકલમના સંબોધનો કાને કાને પડશે.

સૌ વિપક્ષોને એક જ ચિંતા છે-અલ્યા ભેગા નહીં થાઓ તો ફેંકાઈ જઈશું...જેલ જઈશું...એટલે ચાલો પટના હિલેલા...અને નિતિશકુમારના સૌ યજમાન બન્યા. સંયુકત નિવેદન બહાર પાડ્યું. સાર એક અને એ જ કે -હમ સબ એક હૈ...હમ સબ સાથ સાથ હૈ...! (ક્યાં સુધી...?)

હાલ તો એક થયાં..સાથે મળીને ભાજપનોપણ કરશે પણ વડાપ્રધાન કોણ....એવા સવાલના પગલે...? તું તારે...હું મારે...અને મહાગઠબંધનને વળી કહેવાશે- મહાઠગબંધન...?! અને ભૂતકાળમાં એવુ કહેવાયુ છે, લખાયું છે એટલે જોવાનું એ છે કે પટના સે ચલી વિપક્ષી એક્સપ્રેસ ટ્રેન દિલ્હી પહુંચને સે પહલે કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનને સિગ્નલ આપવામાં ગરબડ થઈ એમ પટનામંડલ એક્સપ્રેસ ટ્રેન કો કીસી ને અંદર સે રોંગ સિગ્નલ દે દિયા તો વધુ પાંચ વર્ષ નવી સંસદની વિપક્ષી પાટલીઓ પર બેઠના પડેગાબાબા...!

### બારિશ મેં- પ્યાર હુવા ઇકરાર હુવા હૈ, પ્યાર સે ફિર ક્યોં ડરતા હૈ દિલ...આજે પણ સદાબહાર...!



બિપરજોય વાવાઝોડુ ગુજરાતમાં એન્જોય કરીને રવાના થઇ ગયુ પણ વરસાદની સિસ્ટમમાં વિક્ષેપ પાડતું ગયું એટલે ચોમાસુ ખેંચાઇ રહ્યું...છે. પણ ખગોળશાસ્ત્રી-હવામાન પંડિત અંબાલાલ કહે છે, આવશે...મેઘો આવશે...ગુજરાત પાણી પાણી થઈ જાય એવી રીતે મેઘો પધારવાનો છે. મન રે તું કાહે ન ધીર ધરે...ઘડીક રાહ જો....આવતો જ હશે...

અગાઉની ફિલ્મોમાં એકાદ ગીત તો વરસાદ પર બનાવવામાં આવતુ હતું. ટીપ ટીપ બરસા પાની....એવુ ગીત નહીં. પણ રિમઝિમ કે ગીત સાવન ગાયે...મેઘા રે મેઘા રે મત પરદેશ જા રે...કાલે મેઘા કાલે મેઘા પાની તો બરસાઓ...આ જ રપટ જાયે તો હમેં ના ઉઠ્ઈયોં....મેઘા છાયે આધી રાત..બૈરન બન ગઇ નિંદિયા...પાની રે પાની તેરા રંગ કૈસા....બરસાત મેં હમ સે મિલે તુમ સજન બરસાત મેં ...અને છેલ્લે વરસાદના ગીત માટે આઇકોનિક ફોટો-( ફિલ્મ શ્રી420 રાજકપૂર અને નરગીસ) પ્યાર હુવા ઇકરાર હુવા હૈ પ્યાર સે ફિર ક્યોં ડરતા હૈ દિલ... આજે પણ સદાબહાર છે...

### એક હી બંદા કાફી હૈ... સપના સાચા પડે છે એનો જીવતો જાગતો પુરાવો એટલે નમો....!

કુછ તો હૈ કી મિટતી નહીં હસ્તી હમારી..વૈસે સદીયોં રહા હૈ દુશ્મન જમાના હમારા...! ક્યાં 30 વર્ષ પહેલાં એક સામાન્ય થેલો લઈને



વ્હાઈટ હાઉસની બહાર ઝાંપે ઉભેલો નવજવાન અને ક્યાં 30 વર્ષ બાદ એ જ વ્હાઈટ હાઉસની અંદર....!

આ માણસમાં કંઈક તો છે... નવ વર્ષમાં ક્યાંથી ક્યાં પહોંચ્યા... દુસ્મનો તો ગણ્યા ગણાય નહીં અને દોસ્તો આંઘળના વેઢે ગણાય એટલા જ હશે..તેમના ખભે ચડીને પાર થઈ રહ્યાં છે બીજાઓ અને પોતે તેમના માટે થઈ રહ્યાં છે બદનામ.

સતત ચર્ચામાં કઈ રીતે રહેવુ એ તેમનામાં આવડત છે, ખૂબી છે. તેમના પાર્ટીના રાજનેતાઓ તેમની સામે પડ્યા, નિવેદનો આપ્યા, કેજરીવાલ જેવાએ દિલ્હી વિધાનસભાના રેકોર્ડ પર અ. અને મો.ના સંબંધોનો ઉલ્લેખ કર્યો અને એવો પ્રહાર કર્યો કે કેજરીવાલ કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓ આગળ હાથ જોડીને સહયોગ માંગી રહ્યો છે-મને સાથ આપો..મારી સઘળી સત્તા લઈ લીધી..!

ઈસ બંદે મેં કુછ તો હૈ...પ્રેમ કરો કે નફરત કરો પણ નામ તો એમનું લેવુ જ પડે...સપના સાચા પડે છે એનો જીવતો જાગતો પુરાવો એટલે નમો.....

-પ્રવીણ ઘમંડે

## ‘અમરનાથની ગુફા’ માં યોગા સાથે શિવતાંડવ....





ટૂંક સમયમાં બર્ફાની બાબા અમરનાથની પાવન યાત્રા શરૂ થશે. ગાંધીનગર મહુડી જવાના રસ્તે ગામ ભારતી અમરાપુર ખાતે મીની અમરનાથનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમા અમરનાથની અસલ ગુફાની જેમ પ્રતિકૃતિ ગુફા અને બરફના શિવલિંગ બનાવવામાં આવ્યા છે. વિશ્વ યોગાદિન પ્રસંગે મીની અમરનાથની ગુફામાં શિવયોગ દ્વારા યોગા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મણિનગરની ઓમ ધ થર્ડ આઈ યોગની ટીમ દ્વારા શિવજી સમક્ષ યોગા અને શિવ તાંડવની મુદ્રાઓ દર્શાવવામાં આવી હતી. (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

# ગુજરાતમાં 51 યોગ સ્ટુડિયોનું નિર્માણ કરવામાં આવશે: CM



ગુજરાત | વંદન

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરતમાં આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં એક સાથે દોઢ લાખ લોકોએ યોગ કરીને રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આજે યોગ દિવસની ઉજવણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં 51 યોગ સ્ટુડિયોનું નિર્માણ કરવાની જાહેરાત કરી હતી.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશની ભવ્ય વિરાસત સમા યોગથી વિશ્વમાં ‘વસુધૈવ કુટુમ્બકમ’ની ભાવના વધુ મજબૂત થઈ છે. યોગાભ્યાસથી સ્વસ્થ-તંદુરસ્ત અને તણાવમુક્ત જીવન કેવી રીતે જીવી શકાય તેનું જ્વલંત ઉદાહરણ આપણા ઋષિ-મુનિઓ, યોગાચાર્યોએ દુનિયાને પૂરું પાડ્યું છે.

આપણે સૌએ સુસ્વાસ્થ્ય અને સુખાકારી માટે યોગ વિદ્યા ગ્રહણ કરી નિયમિત તેનો અભ્યાસ કરવો જોઈએ. ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, યોગ એ પ્રાચીન શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સુરતમાં રચાયેલો ઈતિહાસ આપણા માટે ગૌરવપ્રદ ક્ષણ છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું કે, એક સાથે દોઢ લાખ લોકોની સામૂહિક યોગ સાધનાથી ન ભૂતો, ન ભવિષ્યતિ સમાન રેકોર્ડ સર્જાયો છે.

# ખોડલધામના પાવરફુલ લેઉઆ સમાજના નરેશ પટેલ સામે વિરોધ-અમારે કોઈ પિતાની જરૂર નથી...!

ગુજરાત | વંદન

ખોડલધામના પ્રણેતા નરેશ પટેલ સામે સમાજમાં જ વિરોધના સૂર ઉઠ્યા છે. લેઉઆ પાટીદાર સમાજ દ્વારા નરેશ પટેલને સમાજના પિતા તરીકે જાહેર કરવામાં આવતા હવે તેને લઈને સમાજમાં જ વિરોધના સૂર રેલાયા છે. પાટીદાર સમાજના પિતા બનાવવાને લઈને એક વ્યક્તિ દ્વારા જાહેર અખબારમાં આ અંગે જાહેરાત કરવામાં આવી હતી કે પોતાને આ નિર્ણયથી બાકાત રાખવામાં આવે.

ખોડલધામ પ્રમુખ નરેશ પટેલનો વધુ એક વખત વિરોધ થઈ રહ્યો છે. લેઉઆ પાટીદાર સમાજ દ્વારા હાલમાં જ નરેશ પટેલને સમાજના



પિતા જાહેર કરાતા વિરોધનો સૂર ઉઠ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમાં એક જાહેરાત કરતાં લખાયું છે કે અમારે કોઈ પિતાની જરૂર નથી, આ નિર્ણયથી બાકાત રાખો. નરેશભાઈ રાજકીય રીતે ખુબ પ્રગતિ કરે ગુજરાતના મુખ્યમંત્રી બને તેવી શુભકામનાઓ પણ આપવામાં આવી હતી પણ પોતાના પિતા તરીકે



સમસ્ત લેઉઆ પટેલ સમાજ જોગ

હાલમાં સમાજે શ્રી નરેશભાઈ પટેલને ‘સમાજ પિતા’ જાહેર કરેલ છે. આ નિર્ણયમાં વ્યક્તિગત રીતે અમે અસહમત છીએ. અમારે અમારા પિતાશ્રી હતા જ, જે સ્વર્ગસ્થ થયેલ છે. કદાચ નરેશભાઈ તેમનાથી પરિચીત હશે જ, તો અમોને એવું લાગે છે કે અમારે અન્ય કોઈ પિતાજીની જરૂર નથી. આથી સમાજને નમ્ર વિનંતી છે કે, આ નિર્ણયમાં અમોને બાકાત રાખે.

શ્રી નરેશભાઈ પટેલ સામાજીક તેમજ રાજકીય રીતે ખુબજ પ્રગતિ કરે અને ગુજરાતના મુખ્યમંત્રી બને તેવી અમારી દિલથી શુભકામના છે.

લી. લલીતભાઈ પોપટભાઈ સોરઠીયા

અસ્વિકાર્ય હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું.

હાલમાં સમાજ આગેવાન અને ખોડલધામના પ્રમુખ નરેશભાઈ પટેલને સમાજ પિતા તરીકે જાહેર કરાયા છે. જેને લઈને લલિત સોરઠીયા દ્વારા તેમનું વિરોધ કરતી ટચૂકડી જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. જેમાં ઉલ્લેખ કરાયેલ વિગત શબ્દશ:

‘હાલમાં સમાજે નરેશભાઈ પટેલને ‘સમાજ પિતા’ જાહેર કરેલ છે. આ નિર્ણયમાં વ્યક્તિગત રીતે અમે અસહમત છીએ. અમારે અમારા પિતાશ્રી હતા જ, જે સ્વર્ગસ્થ થયેલ છે. કદાચ નરેશભાઈ તેમનાથી પરિચીત હશે જ, તો અમોને એવું લાગે છે કે અમારે અન્ય કોઈ પિતાની જરૂર નથી.

આથી સમાજને નમ્ર વિનંતી છે કે, આ નિર્ણયમાં અમોને બાકાત રાખે. નરેશભાઈ પટેલ સામાજીક તેમજ રાજકીય રીતે ખુબ જ પ્રગતિ કરે અને ગુજરાતના મુખ્યમંત્રી બને તેવી અમારી દિલથી શુભકામના છે:

લી. લલીતભાઈ પોપટભાઈ સોરઠીયા

# ટોપ 17 વોન્ટેડ અપરાધીઓની યાદી જાહેર કરવામાં આવી

■ ગુજરાતના મોસ્ટ વોન્ટેડ 17 આરોપીમાંથી બે પાકિસ્તાનમાં હોવાનું મનાય છે

ગુજરાત | વંદન

ગુજરાત પોલીસે ટોપ-17 વોન્ટેડ આરોપીઓના લીસ્ટ બહાર પાડ્યું છે. જેમાં ચાર આતંકીઓના નામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિગતવાર લીસ્ટની યાદી ગુજરાત પોલીસે ભારત દેશના અલગ અલગ રાજ્યોના ડીજીપીને પણ મોકલી આપવામાં આવી છે. આવા તમામ આરોપીઓ કે જેઓ પોલીસ ચોપડે છેલ્લા ઘણાં વર્ષોથી વોન્ટેડ છે તેવા આરોપીઓને ઝડપી લેવા માટેની કડક સુચના રાજ્યના તમામ જીલ્લા વિવિધ રાજ્યોના પોલીસ વડાઓ આપી દેવામાં આવી છે.

ગાંધીનગર ડીજીપી ઓફીસ ખાતે આવેલ સી.આઈ.ડી ક્રાઈમ વિભાગ દ્વારા ગુજરાતના ટોપ 17 આરોપીઓની યાદી બનાવી દીધી છે.આ યાદીમાં આતંકીઓથી લઈને પ્રોહીબીશન અને ચોરી,લૂંટ-ધાડ, છેતરપીંડી સહિતના ગુનાઓ આચર્યા હોય તેવા આરોપીઓનું લીસ્ટ બનવવામાં આવ્યું છે.જેમાં સુરત શહેરમાં પણ જે બોમ્બ વિસ્ફોટમાં મુખ્ય ભુમિક રોલ હતો એવા ચાર આતંકીઓ કે જે તમામની ઉપર 15 ગુનાઓ નોંધાયેલા છે એવા આમિર રઝાખાન ઉર્ફે પરવેઝ ઉર્ફે રીઝવાન ઉર્ફે મુતકી, રીયાઝ ભટકલ ઉર્ફે છોટાભાઈ,મોહસીન ઈસ્માઈલ ચૌધરી, ઉમર ફારુ ઉર્ફે ઉમર ઉલ ફારુક આ ચારેય આરોપીઓ વિરુદ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ એક્ટ મુજબના ગુના સુરત ક્રાઈમ બ્રાંચ સહીત સુરતના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાઈ ચુક્યા છે અને આ ત્રણેય આતંકીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસે રૂ.02 લાખનું ઈનામ પણ જાહેર કર્યું છે. પરંતુ હાલ આ તમામ આતંકીઓ ના-પાક પાકિસ્તાનમાં સંતાઈને બેસી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## લક્ઝરીમાંથી દેશી બનાવટના ત્રણ તમંચા સાથે યુપીનો શખ્સ ઝડપાયો

ગુજરાત | વંદન

હિંમતગનર-ચિલોડા હાઈવે ઉપર દારૂની હેરાફેરી ખાસ કરવામાં આવે છે ત્યારે હવે આ હાઈવે મારફતે હથિયારોની પણ હેરાફેરી કરવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા અહીંથી દેશી તમંચા સાથે શખ્સ પકડાયો હતો ત્યારે આજે વધુ એક ઉત્તર પ્રદેશનો યુવાન ત્રણ દેશી તમંચા સાથે પોલીસ પકડમાં આવ્યો છે. જેની પાસેથી દસ જીવતા કારતુસો પણ મળી આવ્યા છે. એટલુ જ નહીં, કારતુસ અને તમંચા મંગાવનાર ગારીયાધારના યુવાનને પણ પોલીસે પકડી પાડયો છે.

ગુજરાતમાં મોટાભાગે રાજસ્થાનથી દારૂ હિંમતનગર ચિલોડા હાઈવે ઉપરથી ઘુસાડવામાં આવે છે જેથી ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચંદ્રાલા ગામ પાસે પોલીસે નાકા પોઈન્ટ બનાવી દિધું છે અને ત્યાં પોલીસ દ્વારા સરકારી અને ખાનગી વાહનોની તપાસ કરવામાં આવે છે. જે દરમ્યાન મોટા પ્રમાણમાં દારૂ અહીંથી પકડાય છે ત્યારે હવે હથિયારોની હેરાફેરી પણ અહીંથી કરવામાં આવી રહી છે.

## કપડા, ઘરવખરી, મકાન સહિત આ નુકસાનીમાં મળશે સહાય
# બિપરજોય વાવાઝોડાને લઈ સહાયની સત્તાવાર જાહેરાત, કાચા મકાનો માટે 1.20 લાખની સહાય



ગુજરાત | વંદન

ગુજરાત ઉપર ત્રાટકેલા બિપરજોય વાવાઝોડાના કારણે આઠ જિલ્લામાં ખેતી તેમજ બાગાયતી પાકોમાં અને મત્સ્યોદ્યોગમાં નુકશાન ઉપરાંત પશુમૃત્યુ પણ નોંધાયા છે. આ કુદરતી આફતના કારણે ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને થયેલા આર્થિક નુકશાનમાં સહાયરૂપ થવા રાજ્ય સરકાર દ્વારા પાક નુકશાની અને પશુમૃત્યુ અંગેનો સર્વે શરૂ કરાયો છે.

### રાજ્ય દ્વારા શું સહાય જાહેર કરાઈ...

- બિપરજોય વાવાઝોડાને લઈ સહાયની જાહેરાત
- કપડા અને ઘરવખરી નુકસાન માટે સરકારે 7 હજાર રૂપિયા ચૂકવશે
- સંપૂર્ણ નાશ થયેલા કાચા માકા મકાનોમાં 1 લાખ 20 હજારની સહાય
- આંશિક નુકસાન થયેલા પાકા મકાનોમાં 15 હજારની સહાય
- આંશિક નુકસાન થયેલા કાચા મકાનોમાં 10 હજારની સહાય
- સંપૂર્ણ નાશ થયેલા ઝુંપડા માટે 10 હજારની સહાય
- ઘર સાથેના શેડ નુકસાન માટે 5 હજારની અપાશે સહાય
- તમામ સહાયમાં SDRF ઉપરાંત રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી વધારાની અપાશે રકમ

## ગુજરાત કોંગ્રેસના નેતાઓ હવે જાગ્યા, બિપરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરશે

ગુજરાતમાં બિપરજોય વાવાઝોડાએ વૃક્ષો, મકાનો અને પશુને મોટુ નુકસાન પહોંચાડ્યું છે. સરકારે જે લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતાં તે લોકો માટે રાહત સહાય રૂપે કેશડોલની પણ જાહેરાત કરી છે. ત્યારે વાવઝોડુ આવીને ગયું અને અસરગ્રસ્ત વિસ્તારોમાં જીવન ફરીવાર બેઠું થઈ ગયું છે. ત્યારે કોંગ્રેસના નેતાઓને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાનું હવે સુજ્યું છે. કોંગ્રેસના સિનિયર નેતાઓ વાવાઝોડાથી અસર પામેલા વિસ્તારોમાં જશે અને લોકોના પ્રશ્નોને સાંભળશે. તે ઉપરાંત પક્ષના કર્યકરો



તરફથી શક્ય એટલી મદદ કરવામાં આવશે. કોંગ્રેસ પ્રમુખના જણાવ્યા પ્રમાણે વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પુષ્કળ ફરિયાદો કોંગ્રેસને મળી રહી છે. કેશડોલ્સની રકમ સરકારે જાહેર કરી છે તે ખુબ જ ઓછી છે અને ખરા અર્થમાં જેટલા દિવસો તેઓ પ્રભાવિત થયા હતા તેની પુરતી રકમ મળી રહી નથી.

### જે-તે શાળાઓમાં ત્રૂટિઓ દૂર કરી સુવિધા-સગવડ આપી સારું પરિણામ મેળવવામાં મદદરૂપ થશે

## રાજ્યમાં 9.77 લાખ ભૂલકાંઓએ આંગણવાડી અને 2.30 લાખ બાળકોએ ધોરણ-1માં પ્રવેશ મેળવ્યો

**ભવિષ્યના પ્રવેશોત્સવ માટે ઉપયોગી મહત્વપૂર્ણ સૂચનો મેળવાશે...**

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શાળા પ્રવેશોત્સવ-2023માં સહભાગી થયેલા પદાધિકારીઓ અને અધિકારીઓના પ્રવેશોત્સવ દરમ્યાનના અનુભવોના આદાન-પ્રદાન માટે યોજાયેલી બેઠકમાં સંબોધન કરી રહ્યા હતા. આ શાળા પ્રવેશોત્વમાં જે-તે ગામોની કે શાળાઓની મુલાકાત દરમ્યાન અથવા SMC સાથેની બેઠક દરમ્યાન ધ્યાને આવેલી બાબતોનું ડૉક્યુમેન્ટેશન થવું જોઈએ.આ ડૉક્યુમેન્ટેશન સંબંધિત વિભાગો સાથે સંકલન સાધીને જે-તે શાળાઓમાં ત્રૂટિઓ દૂર કરી સુવિધા-સગવડ આપી સારૂં પરિણામ મેળવવામાં મદદરૂપ થશે. આ વખતે ધોરણ-1 માં કુલ 2 લાખ 30 હજાર બાળકોએ તથા આંગણવાડીમાં 9 લાખ 77 હજાર 513 ભુલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે.

તેમણે જણાવ્યું કે, શાળાની મુલાકાતે ગયેલા અધિકારીઓ પોતાના સાચા-સારા અનુભવો વ્યક્ત કરીને ભવિષ્યના પ્રવેશોત્સવ માટે ઉપયોગી મહત્વપૂર્ણ સૂઝાવ આપે તે અપેક્ષિત છે. આ બેઠકમાં શાળા પ્રવેશોત્સવ-2023ની સફળતા અંગેના પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રાજ્યના 27 જિલ્લાઓની 27368 પ્રાથમિક શાળાઓમાં આ દ્વિદિવસીય શાળા પ્રવેશોત્સવ અન્વયે 315 જેટલા વર્ગ-1-2 ના અધિકારીઓ સહિત 46600થી વધુ મહાનુભાવોએ શાળાઓની મુલાકાત લીધી હતી. ધોરણ-1 માં કુલ 2 લાખ 30 હજાર બાળકોએ તથા આંગણવાડીમાં 9 લાખ 77 હજાર 513 ભુલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે.



**28973 વર્ગખંડોના નિર્માણનું આયોજન**

આ પ્રવેશોત્સવ દરમ્યાન બાળકો માટે 23.61 કરોડ રૂપિયાની વિવિધ ચીજવસ્તુઓ લોકભાગીદારીથી પ્રાપ્ત થઇ છે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે કહ્યું કે, રાજ્યની શાળાઓમાં આગામી દિવસોમાં 28973 વર્ગખંડોનું 5200 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરાઇ છે. શાળા પ્રવેશોત્સવને પગલે ગુણોત્સવ અને સ્કૂલ એક્રેડીટેશન પણ રાજ્ય સરકાર કરે છે. ત્રણ વર્ષ પહેલાં પચાસ ટકાથી ઓછો સ્કોર ધરાવતી શાળાઓની સંખ્યામાં આ વર્ષે 11 ટકાનો ઘટાડો થયો છે. પચાસ ટકાથી વધુ સ્કોર ધરાવનારી શાળાઓની સંખ્યા 23885 થી વધીને 28946 થઇ ગઇ છે.

### ગયા વર્ષે વિદ્યાર્થીઓને રેકોર્ડ 1,25,000 વિઝા મળ્યા હતા

## અમેરિકા અમદાવાદમાં ખોલશે વાણિજ્ય દૂતાવાસ : વીઝા માટે મુંબઈ જવું નહીં પડે

### મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ અને હૈદરાબાદમાં હાલ ચાર દૂતાવાસ કાર્યરત

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની પ્રથમ અમેરિકાની મુલાકાત દરમિયાન, બાઈડેન વહીવટીતંત્રના એક અધિકારીએ જણાવ્યું હતું કે, લોકો-લોકોના સંબંધોને મજબૂત કરવા માટે યુએસ ભારતના બે શહેરોમાં વાણિજ્ય દૂતાવાસ ખોલશે.

અધિકારીએ જણાવ્યું હતું કે યુએસએ ગયા વર્ષે ભારતીય વિદ્યાર્થીઓને રેકોર્ડ 1,25,000 વિઝા આપ્યા હતા. ભારતીય વિદ્યાર્થીઓ યુએસમાં સૌથી મોટા વિદેશી વિદ્યાર્થી સમુદાય બનવા માટે તૈયાર છે.

ગયા વર્ષે જ યુએસમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 20 ટકાનો વધારો થયો હતો.

આ સાથે વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "અમેરિકા બેંગલુરુ અને અમદાવાદમાં બે નવા કોન્સ્યુલેટ ખોલવા માંગે છે." એ જ રીતે, ભારત 2023 માં સિએટલમાં તેના વાણિજ્ય દૂતાવાસના ઉદઘાટનનું સ્વાગત કરે છે અને યુએસમાં નવા વાણિજ્ય દૂતાવાસની જાહેરાત કરવા માટે પણ ઉત્સાહિત છે.

નોંધનીય છે કે વોશિંગ્ટન સિવાય ભારતના ન્યૂયોર્ક, સાન ફ્રાન્સિસ્કો, શિકાગો, હ્યુસ્ટન અને એટલાન્ટામાં પાંચ વાણિજ્ય દૂતાવાસ છે. નવી દિલ્હીમાં યુએસ એમ્બેસી એ વિશ્વના સૌથી મોટા યુએસ રાજદ્વારી મિશનમાંનું એક છે. દૂતાવાસ મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ અને હૈદરાબાદમાં ચાર દૂતાવાસોની પ્રવૃત્તિઓનું સંકલન કરે છે અને સમગ્ર દેશમાં યુએસ-ભારત સંબંધો મજબૂત રહે તેની ખાતરી કરે છે.

આ માહિતી એમ્બેસીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### ગુજરાતને બદનામ કરવાના કેસમાં

## સેશન્સ કોર્ટે પૂર્વ IPS આર.બી. શ્રીકુમારની અરજી ફગાવી

ગુજરાત | વંદન



2002ના રમખાણો બાદ ગુજરાતને બદનામ કરવાના કેસમાં સેશન્સ કોર્ટે પૂર્વ IPS આર.બી. શ્રીકુમારને કેસમાંથી મુક્તિ આપવાની અરજીને ફગાવી દીધી છે. ગુજરાત રમખાણો અને તત્કાલિક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવા મામલે તિસ્તા સેતલવાડ, આર.બી. શ્રીકુમાર અને સંજીવ ભટ્ટ સામે ગુનો નોંધાયો હતો. આ મુદ્દે કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ કેસ ફાઈલ થયા બાદ તેમાં થયેલા સોગંદનામામાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

પૂર્વ IPS આર.બી. શ્રીકુમારે સમગ્ર કેસમાંથી મુક્ત કરવા સેશન કોર્ટમાં અરજી કરી હતી. જો કે આ અરજીનો રાજ્ય સરકાર તરફથી સરકારી વકીલે વાંધો ઉઠાવ્યો હતો. આર.બી શ્રીકુમારે કોર્ટમાં અરજી કરી હતી કે તેમની સામે પૂર્વગ્રહ રાખીને આ કેસમાં નામ જોડવામાં આવ્યું છે. તેમની સામે કોઈ કેસ બનતો ન હોવાથી તેઓને દોષમુક્ત કરવામાં આવે.

શ્રીકુમાર દ્વારા કરવામાં આવેલી અરજી પર ગત 12 જુનના રોજ દલીલો પૂર્ણ થઇ ગઇ હતી. બંને પક્ષોએ ધારદાર દલીલો કરવામાં આવી હતી. ત્યારબાદ દલીલો પૂર્ણ થયા બાદ કોર્ટે શ્રીકુમારની ડિસ્ચાર્જ અરજી ફગાવી હતી.

### ખાનગી હોસ્પિટલમાંથી અમદાવાદ સિવિલમાં બ્રેઇનડેડ દર્દીને અંગદાન માટે લાવવામાં આવ્યું

## 117 મું અંગદાન, અંગદાનના સેવાયજ્ઞમાં દરેક કર્મીનું મહત્વનું યોગદાન - ડૉ. રાકેશ જોષી

ગુજરાત | વંદન

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા સંતોકબેનને માથાના ભાગમાં ગંભીર ઈજા થતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. સંતોકબેન પટેલ સારવાર દરમિયાન બ્રેઈનડેડ જાહેર થતા પરિવારના અંદાજીત ૨૦ જેટલા સભ્યોએ એકજૂટ થઈને અંગદાન કરવાનો નિર્ણય કર્યો. અંગદાન કરવાનો નિર્ણય કરતા પરિવારમાંથી બે વ્યક્તિઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તબીબ અને નર્સિંગ બ્રધર તરીકે કાર્યરત છે. સંતોકબેનના પરિવારજનોને આ બંનેને સંપર્ક કરીને અંગદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. હોસ્પિટલમાં કાર્યરત નર્સિંગ બ્રધર અને તબીબ એ સ્થાનિક સોટ્ટોની ટીમને સંપર્ક કરીને તમામ પરિસ્થિતિથી ટીમને માહિતગાર કરી. ત્યારબાદ તેમણે પરિવારજનોને બ્રેઈનડેડ સંતોકબેનને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ આવવા માટે કહ્યું.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવ્યા બાદ અંગદાન માટેના પણ જરૂરી તમામ ટેસ્ટ કરાવવામાં આવ્યા. ટેસ્ટ થયા બાદ તેઓને રીટ્રાવલ અર્થે ઓપરેશન થીયેટરમાં લઈ જવામાં આવ્યા. ૫ થી ૬ કલાકના રીટ્રાઈવલના અંતે બ્રેઈનડેડ સંતોકબેનના બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી. સિવિલ હોસ્પિટલની ટીમે પરિવારજનોનું જ્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત અમર કક્ષમાં કાઉન્સેલીંગ કર્યું ત્યારે તેઓ અન્ય અંગદાતાઓને જોઈને ભાવવિભોર થઈ ગયા હતા. પરિવારજનોએ એમ પણ જણાવ્યું કે ઘણી સામાજીક સંસ્થાઓ અને મીડિયાના માધ્યમથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં થતી અંગદાનની સેવાકીય પ્રવૃતિ



વિશે અગાઉથી જ માહિતી હતી. આ ઘટનાથી પ્રેરાઈને જ અમે અમારા સ્વજનનું પણ અંગદાન કરવાનો નિર્ણય કર્યો. આજે અમારા સ્વજન હયાત રહ્યાં નથી પરંતુ તેઓ જરૂરિયાતમંદ અને પીડિત ત્રણ જીંદગીઓને પીડામુક્ત કરીને ગયા છે તેનો ગર્વ છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. જોષીએ જણાવ્યું કે,સમાજમાં પ્રવર્તેલી જાગૃતિના પરિણામે આજે આ ઉમદા કાર્ય થયું છે. અમારી હોસ્પિટલમા કાર્યરત રવિ બ્રધર અને ડૉ જયદિપ તેમજ અન્ય તબીબોએ એકજૂટ થઈને આ સતકાર્યને સફળ બનાવ્યું છે.

## ગાંધીનગર: ઘ - 4 અંડરબ્રિજ 26મી જૂનથી બાર દિવસ સુધી બંધ રહેશે

ગુજરાત | વંદન



ગાંધીનગરની આગવી ઓળખ ગણાતો ઘ-4 સર્કલના ફુવારા તોડી નાખી કરોડો રૂપિયાનું આંધણ કરીને બનાવવામાં આવેલા ઘ - 4 અંડર બ્રીજની કામગીરીની વરસાદી સિઝનમાં પોલ ખુલી જતી હોય છે. જેને લઈને આ વર્ષે પણ વરસાદી પાણી અંડર બ્રીજમાં ભરાઈ ના જાય તેના માટે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ તંત્ર દ્વારા આગામી 26 મી જુનથી 2 જી જુલાઈ સુધી ઘ - 3 થી ઘ - 5 તરફનો રસ્તો બંધ કરીને અંડર બ્રિજની સાફ સફાઈ, કેચ ડ્રેઈનની મરામત ઉપરાંત બ્રિજમાં પૂરતું અજવાળું રહે તેવી વ્યવસ્થા કરી આબરૂ બચાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર શહેરની આગવી ઓળખ બની ચૂકેલા ઘ-4 સર્કલના ફુવારા તોડી નાખી હલકી ગુણવત્તાનો અંડર બ્રીજ બનાવી દેવામાં આવ્યો હોવાના છાશવારે નગરજનો આક્ષેપો કરતા રહે છે. ગાંધીનગરમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત વિકાસના નામે હજારો લીલાછમ વૃક્ષોનો સોથ વાળી દેવામાં આવ્યો છે. એક સમયે ગાંધીનગરના સર્કલો આગવી ઓળખ ધરાવતા હતા. પરંતુ વિકાસની આંધીમાં એક પછી એક સર્કલો પણ તોડી નાખી અંડર બ્રીજ બનાવવામાં આવી રહ્યા છે.

### અમદાવાદીઓ માટે માઠા સમાચાર

## AMTS-BRTS બસના ભાડામાં વધારો, નવો ભાવવધારો 1લી જુલાઈથી અમલી બનશે

ગુજરાત | વંદન






મોંઘવારીનો સામનો કરી રહેવા અમદાવાદીઓનું ખિસ્સું વધારે ખાલી કરવું પડશે. અમદાવાદામાં AMTS અને BRTS બસના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. 1 જુલાઈથી AMTS અને BRTSના ભાવમાં ફેરફાર અમલી બનશે.

AMTSમાં ત્રણ કિલોમીટરથી ઓછા અંતર માટે 5 રૂપિયા ભાડું રહેશે. 3થી 5 કિલોમીટરના 10 રૂપિયા, 5થી 8 કિલોમીટરના 15 રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે. 8થી 14 કીલોમીટરના 20 રૂપિયા,14થી 20 કિલોમીટરનો 25 રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે 20 કિલોમીટરથી વધુ મુસાફરી માટે 30 રૂપિયા ચૂકવવા પડશે.

નોંધનીય છે કે, BRTSમાં પણ નવો ભાવવધારો 1 જુલાઈથી અમલી બનશે.

તંત્ર દ્વારા 10 વર્ષ બાદ આ ભાવ વધારો કરવામાં આવશે. તો બીજી તરફ AMTSની હવે નવી ખરીદીવાળી બસો AC હશે. આગામી 15 દિવસમાં AMC 100 AC બસ માટે ટેન્ડર બહાર પાડશે. BRTSની નવી બસો માટે પણ 15 દિવસમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. AMC 325 નવી બસો પૈકી 300 ઈલેક્ટ્રિક બસની ખરીદી કરશે.

## માઈક્રોન કંપની ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપશે

**» પ્લાન્ટ સ્થાપવા માટે $2.75 બિલિયનના રોકાણ કરશે, નવા પ્લાન્ટનું નિર્માણ 2023માં જ શરૂ થશે**

ગુજરાત | વંદન

અમેરિકન ચિપ નિર્માતા માઈક્રોન ટેકનોલોજીએ ગુજરાતમાં $2.75 બિલિયનના રોકાણ સાથે નવો સેમિકન્ડક્ટર ચિપ પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી છે. ભારતમાં માઈક્રોનનું આ પ્રથમ રોકાણ હશે. માઈક્રોન ટેકનોલોજી આ પ્લાન્ટ સ્થાપવા માટે $825 મિલિયનનું રોકાણ કરશે.

માઈક્રોન ટેક્નોલોજીએ જણાવ્યું હતું કે ભારત સરકાર અને ગુજરાત સરકારના સહકારને કારણે આ ચિપ સુવિધા સ્થાપિત કરવા માટે કુલ $2.75 બિલિયન (રૂ. 22,540 કરોડ)નું રોકાણ કરવામાં આવશે, જેમાં ભારત સરકાર રોકાણ કરશે. 50 ટકા, ગુજરાત સરકાર પણ 20 ટકા રોકાણ કરશે. માઈક્રોને જણાવ્યું કે આ નવા પ્લાન્ટનું નિર્માણ 2023માં જ શરૂ થશે અને પ્લાન્ટમાંથી ઉત્પાદન 2024ના અંત સુધીમાં શરૂ થઈ જશે. આ ચિપ પ્લાન્ટના બીજા તબક્કાનું કામ શરૂ થશે. આ દાયકાના ઉત્તરાર્ધમાં શરૂ કરવામાં આવશે. તે બંને તબક્કામાં 5,000 પ્રત્યક્ષ રોજગાર ઉપલબ્ધ થશે, જ્યારે 15,000 લોકોને આગામી કેટલાક વર્ષો સુધી પરોક્ષ રોજગાર મળવાનું ચાલુ રહેશે.

માઈક્રોન ટેક્નોલોજીએ કહ્યું કે આ પ્લાન્ટને સરકારની ATMP યોજના હેઠળ મંજૂરી આપવામાં આવી છે. માઈક્રોને જણાવ્યું હતું કે નવો પ્લાન્ટ DRAM અને NAND બંને ઉત્પાદનોના એસેમ્બલી અને પરીક્ષણ ઉત્પાદન માટે સક્ષમ હશે.

### ફી વધારો માગનારી 110 સંસ્થાઓ અંગે નિર્ણય ટૂંક સમયમાં લેવાશે

## ગુજરાતમાં ટેક્નિકલ-એન્જિનિયરિંગની 500 કોલેજને મળી ફી વધારાની મંજૂરી

ગુજરાત | વંદન




ગુજરાતની 500 ટેકનિકલ કોલેજોની 3 વર્ષની FRC દ્વારા ફી જાહેર કરવામાં આવી છે. ગુજરાતની ઈજનેરી, ફાર્મસી સહિતની કોલેજની વર્ષ 2023-24થી 2025-26 માટેની ફી જાહેર કરાઈ છે. જેમા 640 કોલેજોમાંથી 500 કોલેજોને 5 ટકા સુધીનો ફી વધારો માંગ્યો હોવાથી તેમને ટેકનિકલ કોલેજોની ફી નિયમન સમિતિએ એફિડેવિટના આધારે મંજૂરી આપી છે. આ ઉપરાંત 76 કોલેજોએ ફી વધારો જ માગ્યો નથી.

મળતી માહિતી મુજબ 10 સંસ્થાઓએ વર્ષ 2022 - 23 ની બેઝ નોશનલ ફીમાં 2 થી 4 ટકાનો વધારો સૂચવ્યો હતો. જ્યારે 400 સંસ્થાઓએ વર્ષ 2022 -23ની બેઝ નોશનલ ફીમાં 4 થી 5 ટકાનો વધારો સૂચવ્યો હતો. આમ 640 સંસ્થાઓમાંથી 110 જેટલી સંસ્થાઓએ બેઝ નોશનલ ફીમાં 5 ટકા કરતા વધારો માગ્યો હતો, જેમની ફી અંગે નિર્ણય ટૂંક સમયમાં લેવાશે. જરૂરી દસ્તાવેજ સંસ્થાઓએ રજૂ કરવાના રહેશે.

ટેકનિકલ કોલેજોની ફી નિયમન સમિત જાહેર કરેલી વિગતો અુસાર આ બ્લોક (2020-21, 2021-22 અને 2022-23) ની ફી જાહેર કરાઈ નહોતી. જેથી હવે એન્જિનિયરિંગ, ફાર્મસી સહિતના વિવિધ અભ્યાસ ચલાવતી 640 કોલેજોની 2025-26 સુધીનું ફી માળખું નક્કી કરવા માટે ગત માર્ચ મહિનામાં દરખાસ્ત માંગવામાં આવી હતી. આ કોલેજોની મૂળ ફીમાં 5 ટકાનો વધારો જે ગત બ્લોકમાં મળવાપાત્ર હતો, તેને ધ્યાને લઈને સમિતિએ આગામી ત્રણ વર્ષના બ્લોકની ફી નક્કી કરવાનો નિર્ણય લીધો હતો. 500 કોલેજોએ 5 ટકાનો વધારો માંગતા તેમની મંજૂરી અપાઈ છે. તો 110 કોલેજોએ 5 ટકાથી વધું વધારો માંગ્યો હોવાથી આ મામલે હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**નદી નહીં રોડ પર નારિયેળી:** એક પંક્તિમાં કહેવાયું છે કે, નદી કિનારે નારીયેળી.... પરંતુ શહેરના કાલુપુર ફ્રૂટ માર્કેટ ખાતે વહેલી સવારે ફળ-ફળાદી લઈને ટ્રકો આવે છે ત્યારે તસ્વીરમાં દેખાય છે તેમ નારીયેળીનો મોટો જથ્થો રોડ પર ઠાલવી દેવામાં આવે છે.




**આપ કતારમેં હૈં....:** શહેરના સેટેલાઈટ ઝાંસીની રાણી પ્રતિમા નજીક એસટી બસ મથક ખાતેથી વડોદરા, સુરત, રાજકોટ સહિત અન્ય શહેરો માટે વોલ્વો બસની વ્યવસ્થા કરવામાં આવી છે. સવારે વોલ્વો બસ તસ્વીરમાં દેખાય છે તેમ લાંબી લાઈનમાં ઉભેલી જોવા મળે છે.



**રથમાંથી ફરી નીજ મંદિરે :** શહેરમાં યોજાયેલી રથયાત્રાનું સમાપન થયું છે. મંદિરમાં વિરાજમાન ભગવાનની પ્રતિમાઓને રથોમાં બેસાડી નગરચર્યા બાદ ફરીથી મંદિરે લાવવામાં આવ્યા ત્યારે વિધિપૂર્વક અને સંપૂર્ણ માનસન્માન ભક્તિભાવ સાથે મંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા.



**G-20, U-20:** શહેરમાં ફરી એક વાર જી-20 પરિષદની બેઠકોનું આયોજન શરૂ જવા જઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાં G-20ના ભાગરૂપે U-20 એટલે કે અર્બન ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે ચિંતન મંથન હાથ ધરાશે.

### હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલ દ્વારા ચોમાસાની આગાહી

## 25થી 30 જૂન દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ, સાબરમતી-નર્મદા વગેરે નદીઓ બે કાંઠે વહેશે

ગુજરાત | વંદન





બિપરજોય વાવાઝોડના કારણે વરસાદ થયો છે અને વાવણી પણ કરવામાં આવી છે. હવે મેઘરાજાના આગમનની રાહ જોવાઈ રહી છે. જ્યારે મહારાષ્ટ્રના છેડે ચોમાસું ગૂંચવાઈ ગયું છે. ચોમાસું આગળ વધે તેની રાહ જોવાઈ રહી છે. આ સંજોગોમાં હવામાન નિષ્ણાત્ અંબાલાલ પટેલે કહ્યું છે કે, હવે જલદી ચોમાસું ગુજરાતમાં આવી થશે અને ચોમાસું મોડું આવશે પરંતુ તેની એન્ટ્રી ધમાકેદાર હશે. ભારેથી અતિભારે વરસાદ થશે અને નદીઓ બે કાંઠે વહેતી થશે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ચોમાસાના આગમનની રાહ જોવાઈ રહી છે. બંગાળના ઉપસાગરમાં ઉભું થતું વરસાદી વહનના કારણે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થશે. 25થી 30 જૂનમાં રાજ્યના ભાગો ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહેશે.

તેમણે કહ્યું કે, મધ્ય ગુજરાતના ભાગો, વડોદરા, અમદાવાદના ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહેશે. ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં 200 એમએમથી વધારે વરસાદ થવાની શક્યતા રહેશે. પૂર્વ ગુજરાતના ભાગોમાં પણ વરસાદ થવાની શક્યતા રહેશે.આ ઉપરાંત આહવા, ડાંગ, વલસાડના ભાગોમાં અતિભારે વરસાદની શક્યતા રહેશે. 300 એમએમ ઉપરનો વરસાદની શક્યતા રહેશે.


અંબાલાલે જણાવ્યું કે, નર્મદા વિસ્તારમાં ભારે વરસાદ રહેશે. સુરતના ભાગોમાં છત્તીસગઢના ભાગોમાં ભારે વરસાદ થશે. મહારાષ્ટ્રના ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા રહેશે.

અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યું છે કે, 25થી 30 જૂનમાં ભારેથી અતિભારે વરસાદ થશે. જેના કારણે જળસ્તરોમાં વધારો થશે. સાબરમતી નદી બે કાંઠે થવાની શક્યતા રહેશે. નર્મદા નદી પણ બે કાંઠે થવાની શક્યતા રહેશે અને તાપી નદીના જળસ્તરમાં પણ વધારો થશે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# થોડી ઘણી શરમ બચી હોય તો પવિત્ર ગ્રંથ રામાયણને પણ નવેસરથી ટપોરીઓની ભાષામાં લખી નાંખો ને...?! કોઈ પુરૂષ નહીં બોલે..?!

**મેઘનાથઃ** (હનુમાન સે) જલી..?
**હનુમાનઃ** તેલ તેરે બાપ કા, કપડા તેરે બાપ કા ઔર જલેગી ભી તો તેરે બાપ કી..કીસ કી જલી..
**હનુમાનઃ** (રામ સે) બોલ દિયા જો હમારી બહનોં કો હાથ લગાયેંગે, ઉનકી લંકા લગા દેંગે..
**રાક્ષસઃ** (હનુમાન સે) યે લંકા ક્યા તેરી બુઆ કા બગીચા હૈ, જો હવા ખાને ચલા આયા..
**ઇન્દ્રજિતઃ** (લક્ષ્મણ સે)મેરે એક સપેલો ને તુમ્હારે ઇસ શેષ નાગ કો લંબા કર દિયા. અભી તો પૂરા પિટારા ભરા પડા હૈ..
**વિભીષણઃ** (રાવણ સે) ભૈયા આપ અપને કાલ કે લિયે કાલીન બિછા રહે હૈ...





ના આ કોઈ નુક્કડ પર દારૂ પીને રામાયણ ભજવતા બદમાશોના ડાયલોગ્સ નથી પણ જેની પાછળ કરોડો કરોડો રૂપિયાનો ખર્ચ થયો અને રજૂ થતાં 150 કરોડનું કલેકશન મેળવ્યું એવી ફિલ્મ આદિપુરૂષના આ ડાયલોગ્સ છે અને આદિપુરૂષ ફિલ્મ હિન્દુઓના પવિત્ર ગ્રંથ રામાયણ પર આધારિત છે. એ રામાયણ કે જેની ચૌપાઇઓ પ્રાતઃકાળે વાંચીએ કે સુમધુર કંઠે સાંભળીએ તો તન અને મન બન્ને પ્રફુલ્લિત થઈ જાય...એ રામાયણમાં આવા સંવાદ છે ખરાં..?

કરોડો કરોડો હિન્દુઓના આરાધ્યદેવ ભગવાનશ્રી રામને "આદિપુરૂષ" તરીકે રજૂ કરાયા છે. કોઈ વિરોધ નહીં.

હનુંમાનદાદાના મુખમાં ટપોરીની ભાષાના ડાયલોગ્સ મૂકવામાં આવ્યાં, કોઈ વિરોધ નહીં. ના, કેઈ વિરોધ નહીં..



તેરી જલી...જેવા અભદ્ર, દ્વીઅર્થી અશોભનીય શબ્દોનો ઉપયોગ રામાયણ પરથી બનેલી ફિલ્મમાં થયો, કોઈ વિરોધ નહીં..

તેરે બુઆ કા બગીચા હૈ જો હવા ખાને આ ગયા ...એમ હનુમાનજીનું અપમાનિત શબ્દોમાં સ્વાગત કરવાનો ડાયલોગ, છતાં કોઈ વિરોધ નહીં...

ભગવાનશ્રી રામને મૂછવાળા દર્શાવીને કરોડો રામભકતોના દિલમાં શ્રીરામજીના મુખની જે કલ્પના વસેલી છે તેના ઉપર આઘાતજનક હુમલો, છતાં કોઈ વિરોધ નહીં..

સીતાનું પાત્ર ભજવનાર કૃતિ સેનનને ડિરેક્ટર સાઉથના મંદિરમાં કિસ કરે છતાં કોઈ વિરોધ નહીં...

રામાનંદ સાગરે બનાવેલી રામાયણ ટીવી સિરિયલના એપિસોડ જોવા માટે લોકો સવારથી અગરબતી લઈને ટીવીની સામે બેસી જતાં હતા..રસ્તાઓ સુમસામ થઈ



જતાં જાણે કર્ફયુ લાદી દેવાયો હોય એમ એપિસોડના સમયે લોકો ઘરની બહાર નિકળવાનું ટાળતા હતા. રામનું પાત્ર ભજવનાર અરૂણ ગોવિલને આજે પણ ભક્તિભાવથી સભર મહિલાઓ જુએ એટલે પગે પડે...ક્યાં એવી રામાયણ અને એવા પાત્રો અને ક્યાં આદિપુરૂષના પાત્રો...?!

ભગવાન શ્રી રામ અને તેમના પરમભકત સંકેટમોચન હનુમાનદાદાનું ઘોર અપમાન...છતાં કોઈનું લોહી ઉકળ્યું નથી. પદ્માવતી ફિલ્મની સામે ક્ષત્રિયો તલવારો લઈને નિકળ્યા હતા, સિનેમા હાઉસમાં તોડફોડ, આગજની..અને ફિલ્મનું નામ બદલીને પદ્માવત કરવામાં આવ્યું. ભગવાનશ્રી રામ ક્ષત્રિય હતા. ફિલ્મમાં તેમના પાત્રની સાથે છૂટછાટ લઈને અપમાન...ઘોર અપમાન છતાં કોઈ તલવારો નિકળી નથી. કારણ.. રાજાને ગમે એ રાણી...ફિલ્મ બનાવનાર પ્રિય..ફિલ્મ ડાયલોગ્સ લખનાર પ્રિય...રામની વેશભૂષા પસંદગીયુક્ત જુથનો પ્રિય...ફિલ્મ ડિરેક્ટ કરનાર પ્રિય..એટલે સૌને માફી. પણ ભગવાન શ્રીરામ તેમને માફ કરશે..?

## અમેરિકાએ જાપાન પર પરમાણુ બોંબ ઝીકીને યુધ્ધનો અંત લાવ્યાં તેમ રશિયા પણ કરે તો નવાઇ નહીં...!

### દુનિયાને સંદેશો-વિચારી લો... શું કરવાનું છે, નહીંતર...એક બટન...અને યુકેનનો ખાત્મો... ત્રીજા વિશ્વ યુદ્ધની શરૂઆત...

# રશિયાએ બીજાની ધરતી પર ગોઠવ્યાં પરમાણુ હથિયારો....!

સાપ્તાહિક ગુજરાત વંદન



ફેબ્રુઆરી, 2022માં રશિયન સૈન્ય યુક્રેનમાં પ્રવેશ્યા પછી, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દાવો કરવાનું શરૂ કર્યું કે યુએસ અને નાટો દેશોએ રશિયા વિરુદ્ધ પ્રોક્સી યુદ્ધ શરૂ કર્યું છે. યુદ્ધની શરૂઆતના લગભગ એક ક્વાર્ટર પછી, રશિયાએ અપેક્ષિત સફળતા વિના, 25 માર્ચ, 2023 ના રોજ બેલારુસમાં તેના TNW (ટેક્ટિકલ ન્યુક્લિયર વેપન્સ-TNW) ને તૈનાત કરવાનું નક્કી કર્યું, અને જેને પરમાણુ બોંબ જ કહી શકાય એવી સાધનસામગ્રી રશિયાએ પડોશી દેશ બેલારૂસમાં ગોઠવીને અમેરિકા અને દુનિયાને સંદેશો આપ્યો છે-વિચારી લો...શું કરવાનું છે, નહીંતર...એક બટન....અને યુકેનનો ખાત્મો....અને ત્રીજા વિશ્વ યુધ્ધની શરૂઆત...

યુધ્ધ નિષ્ણાતો દ્વારા યુક્રેન અને રશિયાના યુધ્ધ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. અને તેઓ જે નિષ્કર્ષ પર પહોંચવા ડરી રહ્યાં છે તેનો સારાંશ એ છે કે રશિયાનો ભરોસો નહીં...અમેરિકાએ જાપાને સીધોદોર કરવા પરમાણુ બોંબ ઝીકીને યુધ્ધનો અંત લાવ્યાં તેમ રશિયા પણ કરે તો નવાઇ નહીં...

રશિયન કેબિનેટની બેઠકમાં પુતિન દ્વારા આવા નિર્ણયની જાહેરાત કરવામાં આવી છે. એક રિપોર્ટ અનુસાર, રશિયાના પરમાણુ હથિયારો બેલારુસ તરફ આગળ વધવા લાગ્યા છે. 1991માં સોવિયેત યુનિયનના તૂટ્યા પછી પ્રથમ વખત TNWs (ટેક્ટિકલ ન્યુક્લિયર વેપન્સ) ને દેશની બહાર તૈનાત કરવામાં આવી રહ્યાં છે....અને અમેરિકાએ તેના ઈરાદા જાણી લીધા છે....કે રશિયા હવે છેલ્લે પાટલે આવી ગયો છે અને પરમાણુ હથિયારથી હુમલો કરી શકે છે.

બેલારુસમાં મિંક્સમાં ગયેલા રશિયન રક્ષા મંત્રી સર્ગેઈ શોઈગુનીએ આ તૈનાતી માટે અમેરિકા, નાટો અને પશ્ચિમી દેશોને જવાબદાર ઠેરવ્યા છે. બેલારુસના પ્રમુખ, એલેક્ઝાન્ડર લુકાશેન્કોએ પુષ્ટિ કરી કે બેલારુસમાં રશિયન TNW (ટેક્ટિકલ ન્યુક્લિયર વેપન્સ-TNW) ની તૈનાતી રાષ્ટ્રપતિ પુતિને તેના આદેશ પર હસ્તાક્ષર કર્યા પછી જ શરૂ થઈ. બંને દેશો વચ્ચેના તાજેતરના, વિશિષ્ટ કરાર મુજબ, બેલારુસમાં TNW ને વિશેષ દેખરેખ હેઠળ રાખવામાં આવશે. કેમ કે તે પરમાણું બોંબના ઉપકરણો છે.

આ સંદર્ભમાં, રાષ્ટ્રપતિ પુતિન કહે છે- રશિયા તેની સાર્વભૌમત્વ જાળવી રાખવા અને પશ્ચિમી રાષ્ટ્રોના આક્રમક અને કપટી ષડયંત્રથી પોતાને બચાવવા માટે યુક્રેનની સામે યુદ્ધ લડી રહ્યું છે. બેલારુસમાં આ રશિયન TNW ક્યારે કાર્યરત થશે તે માટે રશિયાએ કોઈ ચોક્કસ સમયપત્રક જાહેર કર્યું નથી. બેલારુસ નાટોના સભ્ય દેશો પોલેન્ડ, લિથુઆનિયા અને લાટવિયા સાથે આંતરરાષ્ટ્રીય સરહદો વહેંચે છે. તેથી, બેલારુસમાં રશિયન TNW જમાવટને એક અનન્ય મહત્વ પ્રાપ્ત થયું છે.મહત્વનું એ છે કે, TNW બેલારુસમાં સ્થિત હોવા છતાં, તેનું નિયંત્રણ રશિયા પાસે રહેશે...સેંકડો કિ.મી. દૂર...

વિશિષ્ટ વ્યૂહાત્મક લાભો (સ્પેસિફિક ટેક્ટિકલ ગેઈન્સ) હાંસલ કરવા માટે ઉપયોગમાં લેવાતા શસ્ત્રોમાં વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો કરતાં ઘણી ઓછી વિનાશક ક્ષમતા હોય છે જે મોટા પાયે જીવન અને મિલકતને નુકસાન પહોંચાડે છે. સામાન્ય રીતે, TNW બોમ્બ બાર ફૂટ લાંબો હોય છે અને તેની ઉપજ 0.3 થી 1.7 કિલોટન હોય છે.

બેલારુસ સિવાય, રશિયાના અંદાજે 2000 TNW પરમાણુ શસ્ત્રો અન્ય કોઈ દેશમાં તૈનાત નથી. તેનાથી વિપરીત, આશરે 200 અમેરિકન TNW પરમાણુ શસ્ત્રો; તેઓ જર્મની, તુર્કી, ઈટાલી, બેલ્જિયમ, નેધરલેન્ડ અને પોલેન્ડ નામના છ દેશોના એરપોર્ટ (એર બેઝ) પર તૈનાત કરવામાં આવ્યા છે. બેલારુસમાં તેના TNW પરમાણુ શસ્ત્રો સાથે રશિયા; પરંપરાગત શસ્ત્રો/પરમાણુ વિસ્ફોટક વહુ ઈસ્કંદર એમ મિસાઈલ્સ અને સુખોઈ-25 એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યા છે. તદનુસાર, તેના સૈનિકો અને પાયલોટને પણ સંભવિત US/NATO હુમલાનો સામનો કરવા માટે તાલીમ આપવામાં આવી રહી છે.

1962માં, રશિયાએ, વડા પ્રધાન નિકિતા ખ્રુશ્ચેવ હેઠળ, ક્યુબામાં મિસાઈલો તૈનાત કરી, વિશ્વને પ્રથમ પરમાણુ યુદ્ધમાં ધકેલવાની ધમકી આપી હતી. તે પછી, અમેરિકન સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે વ્લાદિમીર પુતિન પણ યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે આ જ માર્ગ પર ચાલી રહ્યા છે.

પરમાણુ શસ્ત્રોના અપ્રસાર સંધિ હેઠળ, પરમાણુ-શસ્ત્રો ધરાવતા રાજ્યો પરમાણુ શસ્ત્રો અથવા પરમાણુ-સંબંધિત તકનીકને બિન-પરમાણુ-શસ્ત્રો ધરાવતા રાજ્યોમાં સ્થાનાંતરિત કરી શકતા નથી. પરંતુ આપણા પોતાના નિયંત્રણ હેઠળના આપણા પરમાણુ શસ્ત્રોને બીજા દેશમાં તૈનાત કરવા પર કોઈ પ્રતિબંધ નથી. અને આજે રશિયા એ જ કલમનો ફાયદો ઉઠાવી રહ્યું છે.

તે ચોક્કસપણે કોઈ સંયોગ નથી કે રશિયાએ બેલારુસમાં TNW તૈનાત કરવાનું નક્કી કર્યું, જેમ કે યુક્રેનમાં રશિયન શાસન હેઠળ લડતા વેગનર જૂથ, બખ્મુત શહેરને કબજે કરવા અને તેને રશિયન દળોને સોંપવાની તૈયારી કરી રહ્યું હતું.

બીજી બાજુ, ઝેલેન્સકી પશ્ચિમી દેશોને સંબોધીને વિવિધ જાહેરાતો કરે છે. "જો તમે યુક્રેનને મિસાઈલો, એરક્રાફ્ટ, બંદૂકો, દારૂગોળો સપ્લાય કરવાનું ચાલુ રાખશો, અમારા પાઈલોટ્સ અને સૈનિકોને યોગ્ય રીતે તાલીમ આપો અને અમને રશિયન સૈન્ય પર ગુપ્ત માહિતી આપતા રહો, તો અમે ચોક્કસપણે રશિયાને ટૂંક સમયમાં હરાવીશું," રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ યુએસ અને નાટો રાષ્ટ્રોને ખાતરી આપી અને. સફળ થયા છે. બીજી તરફ, રશિયાએ પોતાની વ્યૂહાત્મક ભૂલોને સુધારીને શસ્ત્રો અને દારૂગોળાનું ઉત્પાદન વધાર્યું છે.

હવે, રશિયન વાયુસેનાના મિસાઈલ હુમલાઓનો ઉદ્દેશ યુક્રેનના સંસાધનોનો નાશ કરવાનો નથી, પરંતુ રશિયાના કબજામાં રહેલા પ્રદેશને ફરીથી કબજે કરવાનો છે, યુક્રેનિયન સૈન્યની પ્રતિઆક્રમક ક્ષમતાઓને નષ્ટ કરવાનો છે.

આ નીતિ અનુસાર, રશિયાની પ્રથમ પ્રહાર ખેરસન પ્રદેશમાં કાખોવકા ડેમ પર થયો હતો. મંગળવાર, 6 જૂન, 23 ના રોજ, આ હાઈડ્રો ઈલેક્ટ્રિક ડેમ, જે વિશ્વનો સૌથી મોટો માનવામાં આવે છે અને મિસાઈલ હુમલાથી તળાવનો મોટો ભાગ નાશ પામ્યો હતો. ગુરુવાર સુધી, હજારો ઈમારતો, સ્થળો અને વસાહતો જયપર નદીના પૂરના પાણી હેઠળ આવી હતી. નદીનો પૂર્વ ભાગ પાણી હેઠળ છે અને ત્યાંથી દક્ષિણ તરફ જતા માર્ગો, જમીનો અને રસ્તાઓ કાદવથી ઢંકાયેલા છે. તેથી યુક્રેનની સેનાનો રસ્તો મુશ્કેલ બની ગયો છે.

અમેરિકન/જર્મન ટેન્ક અને અન્ય સશસ્ત્ર વાહનો આગળ વધી શકતા નથી અને રશિયન પાયદળના ટેન્ક વિરોધી શસ્ત્રોનો શિકાર બની શકતા નથી. ડેમ પર મિસાઈલ સ્ટ્રાઈક એ કદાચ નવી રશિયન યુદ્ધ વ્યૂહરચનાનો સંકેત હતો. આ પછી તે જ વિસ્તારમાં પરમાણુ પ્લાન્ટ અને અન્ય લક્ષ્યાંકો દ્વારા અનુસરવામાં આવશે...


યુક્રેન પરના દરેક હુમલા પછી રશિયન ડ્રોન અને મિસાઈલોની સંખ્યા સતત વધી રહી છે. દર વખતે, નવીનતમ, સૌથી અત્યાધુનિક ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે. આ ડ્રોન/મિસાઈલો "વે પોઈન્ટ નેવિગેશન" ના આધારે ખૂબ જ ઓછી ઊંચાઈએથી ઉડે છે અને અલગ-અલગ દિશામાંથી તેમના લક્ષ્યો સુધી પહોંચે છે, આમ યુક્રેનિયન એર ડિફેન્સ સિસ્ટમ્સને ગૂંચવવામાં મદદ કરે છે.

આ ડ્રોનને સેટેલાઈટ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. તેઓ સેન્સરનો ઉપયોગ કરીને ખૂબ જ ઓછી ઊંચાઈએથી મોટા હારમાળામાં (સ્વોર્મ યુક્તિઓનો ઉપયોગ કરીને) તેમના લક્ષ્ય સુધી પહોંચે છે. તેઓ બેચમાં ઉડે છે, જેમાં દરેક ડ્રોનનો પોતાનો માર્ગ હોય છે, જે ઉપગ્રહો દ્વારા નિયંત્રિત જીપીએસ નેવિગેશન સિસ્ટમ દ્વારા નિયંત્રિત થાય છે. તેઓ સીધા, ત્રાંસા, ઊંધી તેમજ ગોળાકાર રીતે ઉડી શકે છે.

છેલ્લા કેટલાક દિવસોમાં રશિયાએ યુક્રેનની એર ડિફેન્સ ક્ષમતાને તબક્કાવાર નષ્ટ કરવામાં સફળતા મેળવી છે. તેથી હવે તે યુક્રેનના યુદ્ધક્ષેત્રની અંદર સુધી ડ્રોન અને મિસાઈલ પણ મારી શકે છે. પરિણામે, રશિયાએ એ) યુક્રેનના S-300 એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ રડાર, OSA AKM મિસાઈલ સિસ્ટમ અને એર ટાર્ગેટ ડિટેક્શન રડાર સ્ટેશનનો નાશ કર્યો છે;

પરંતુ યુક્રેન પર બદલાયેલી રશિયન સૈન્ય નીતિની ખાસ વ્યૂહાત્મક અસર ન હોવાથી, જો નજીકના ભવિષ્યમાં યુક્રેનનો વળતો હુમલો શરૂ થાય, તો યુક્રેન અમેરિકા અને નાટો દેશોની મદદથી ગમે તેટલા સમય સુધી યુદ્ધ ચાલુ રાખી શકે છે, અને આવી સ્થિતિમાં, રશિયા યુક્રેનને સીધોદોર કરવા અથવા તેને હરાવવા માટે પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનું વિચારી શકે છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને આ વિશે ખ્યાલ હોવો જ જોઈએ, તેથી તેણે બેલારુસને રશિયન વ્યૂહાત્મક પરમાણુ હથિયારો મોકલ્યા છે. ત્યાંથી રશિયા; યુક્રેનિયન સૈન્ય અને તેના સમર્થકો યુક્રેન પહોંચે તે પહેલાં રશિયા સાથે જોડાયેલા નાટો દેશોના સશસ્ત્ર દળોનો નાશ કરશે. બેલારુસ TnW ને તૈનાત કરીને, પુટિને ગર્ભિતપણે ધમકી આપી છે કે જો યુએસ અને નાટો રાષ્ટ્રો વ્યૂહાત્મક રીતે તેનો વિરોધ કરશે તો "વિશ્વ ત્રીજા પરમાણુ યુદ્ધનો સામનો કરશે". યુદ્ધ કેવી રીતે થાય છે તે જોવું રસપ્રદ રહેશે








## ધર્મ

# દેવ પોઢી એકાદશીઃ આ એકાદશી પર શ્રી હરિની શયનકાળની થાય છે શરૂઆત

એકાદશીએ ભગવાન વિષ્ણુની પૂજા માટે સમર્પિત છે. અષાઢ માસ દરમિયાન શુક્લ પક્ષ (સુદ પખવાડિયા) દરમિયાન આવતી એકાદશીને અષાઢી એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. તે દેવશયની એકાદશી, તોલી એકાદશી, પદ્મા એકાદશી, દેવપોઢી એકાદશી, મહા એકાદશી, હરિ સયાન એકાદશી વગેરે જેવા વિવિધ નામોથી ઓળખાય છે.



બ્રહ્મવૈવર્ત પુરાણ અનુસાર, એક વખત અન્ય એક પર્વમાં 'યોગનિદ્રા' એ ભગવાન વિષ્ણુને ખૂબ જ કઠિન તપ કરીને પ્રસન્ન કર્યા અને તેમને પ્રાર્થના કરી - 'ભગવાન મને તમારા અંગોમાં સ્થાન આપો'. પરંતુ શ્રી હરિએ જોયું કે લક્ષ્મી દ્વારા તેમના પોતાના શરીરની સ્થાપના કરવામાં આવી હતી. આવું વિચારીને શ્રી વિષ્ણુએ યોગનિદ્રાને પોતાની આંખોમાં સ્થાન આપ્યું અને યોગનિદ્રાને ખાતરી આપી કે તેઓ વર્ષમાં ચાર મહિના તેમની સાથે જ રહેશે.

બધી એકાદશીઓ પર શ્રી નારાયણની પૂજા કરવામાં આવે છે, પરંતુ આ એકાદશી પર શ્રી હરિની શયનકાળની શરૂઆત હોવાથી વિશેષ વિધિથી પૂજા કરવી જોઈએ. પદ્મ પુરાણ અનુસાર દેવશયની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુની કમળના પુષ્પોથી પૂજા કરવાથી ત્રણ લોકના દેવતાઓની પૂજા થાય છે.

જે ભક્તો દેવશયની એકાદશી વ્રતનું પાલન કરે છે, તેઓએ સવારે વહેલા ઉઠવું જોઈએ, અને પવિત્ર સ્નાનથી પોતાને શુદ્ધ કરવું જોઈએ. મધ્યાહન દરમિયાન, મૃત પૂર્વજોની આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે અને તેમને શાંતિથી આરામ કરવા દો.

પૂજા વિધિ કરવા માટે એક વેદીની સ્થાપના કરવામાં આવે છે, અને પૂજા સ્થળને ભગવાન વિષ્ણુની મૂર્તિથી સુશોભિત કરવા માટે સાફ કરવામાં આવે છે.

ભગવાન વિષ્ણુની મૂર્તિ પીળા રંગના વસ્ત્રોમાં સજ્જ છે.

સોપારી (પાન), સોપારી (સુપારી), પીળા ફૂલ, ચંદન વગેરે ભગવાન વિષ્ણુને અર્પણ કરવામાં આવે છે.

જે લોકો અષાઢી એકાદશી વ્રતનું અવલોકન કરી રહ્યા છે તેમને દિવસમાં માત્ર એક જ વાર ભોજન લેવાની છૂટ છે.

બીજા દિવસે પારણાના સમયગાળા દરમિયાન ભોજન કરવાથી ઉપવાસ તોડી શકાય છે.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન


# હૃદયસ્થ ભાષાપ્રેમી: સ્વ. અનિલભાઈ શ્રીધરાણી

આજથી પંચોતેર વર્ષ પહેલાં લખાયેલું સાહિત્ય, તેમાં પણ ખાસ કરીને તે સમયે લખાયેલી ટૂંકી વાર્તાઓ કેવી હશે? જો કે આપણી પાસે તે જાણવા માટે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે, પરંતુ તે સમયે વિવિધ સ્થળે શું ચાલી રહ્યું હતું. આઝાદી મળવાનો તે સમયગાળો હતો, તે સમયે એક કાયદાનાં નિષ્ણાત અને ભાષાપ્રેમીને કલમે કેવી રચનાઓ કરી હશે? તેમની મનોદશા, તેમનું નિરીક્ષણ અને તેમની સૃષ્ટિનું એક નવું રુપ જો માણવું હોય તો હાલમાં જ વાર્તાપ્રેમીઓ માટે એક સંવેદનશીલ પુસ્તક પ્રકાશિત થયું છે, જેમાં તે લેખકની વાર્તાઓ ઉપરાંત તેમની સેવા, તેમને મળેલાં સન્માન, તેમની સ્મૃતિ તસ્વીરો તથા તેમનાં માટે વિવિધ મહાનુભાવોએ લખેલાં શ્રદ્ધાંજલિ પત્રો સામેલ પણ છે. તે લેખક તથા કાયદા નિષ્ણાત છે ભાવનગરનાં 'સ્વ. અનિલભાઈ શ્રીધરાણી.'

લેખક શ્રી નટવર આહલપરાએ આ પુસ્તકનું ખૂબ જ અદ્ભુત સંપાદન કર્યું છે. અહીં સ્વ. અનિલભાઈ શ્રીધરાણી દ્વારા આજથી પંચોતેર વર્ષ પહેલાં લખાયેલી તેમની ચૂંટેલી તેર સરસ ટૂંકીવાર્તાઓ છે, જે દરેક સાહિત્યપ્રેમીને માણવી ગમે તેવી છે. તે ઉપરાંત સ્વ. અનિલભાઈ શ્રીધરાણીની જીવનગાથા પણ પુસ્તકનાં બીજાં વિભાગમાં આવરી લેવામાં આવી છે.

સ્વ. અનિલભાઈ શ્રીધરાણીની ટૂંકીવાર્તાઓ વિશે વાત કરતાં સંપાદક શ્રી નટવર આહલપરા લખે છે, 'અનિલભાઈ શ્રીધરાણીની બધી જ વાર્તાઓ વાંચી ગયો તેમાંથી ચૂંટેલી તેર વાર્તાઓ આ પુસ્તકમાં મૂકી છે. એમણે કોઈ ઉદ્દેશ કે કોઈ આશયને સિદ્ધ કરવા વાર્તા લખી હોય એવું મને લાગતું નથી. કૉલેજ ગ્રાઉન્ડ સાથે ધરતી પર પગ રાખીને તેઓએ વાર્તા લખી છે તેની પ્રતીતિ મને થઈ છે. તેમનું વાંચન પણ જબરું રહ્યું હશે એમ પણ કહી શકાય. તેમની વાર્તાઓના વિષયોમાં રાષ્ટ્રપ્રેમ, ભૂખ, બેકારી, આશાવાદ, ગરીબી, પ્રેમ, માતૃપ્રેમ, મૃત્યુ, તબીબીવિશ્વ વગેરે મુખ્ય છે જેમાં એક ઉત્સાહી સર્જકનાં મને દર્શન થાય છે.'

કસાયેલી કલમે લખાયેલી લાગતી આ પુસ્તક વિવિધ વાર્તાઓ ભાવકોનાં હૃદયમાં વસવાટ કરી જાય છે. 'બદલો' એ દેશપ્રેમ અને માતૃપ્રેમ દર્શાવતી સંવેદનશીલ વાર્તા છે, તો 'ખિસ્સાકાતરુ' અચાનક મિલ બંધ થતાં ગરીબ અને બેકાર માધુની પરિસ્થિતિનું હૃદયદ્રાવક વર્ણન કરે છે. 'રખડું' એ ભિખારીની વેદના અને તેને રોજીરોટી માટે કામ કરવાની ઝંખના દર્શાવતી તથા અંતે સમાજની વાસ્તવિકતા કેવી હોય છે, તે નિરુપતી સંવેદનાસભર વાર્તા છે. અહીં દરેક વાર્તા વાંચીને ભાવકનાં ચિત્તમાં તે ફરીથી શરૂ થાય છે. કલમ કરતાં પણ હૃદયથી લખાયેલી આ વાર્તાઓ વાર્તારસિકો માટે કોઈ ખજાનાથી ઓછી નથી લાગતી.




## રસદર્શન

# વૃક્ષ પરથી પાંદડું ખરવા વિશે ધારો ન હોય...

સાપ્તાહિક ગુજરાત વંદન

> વાંસના ફૂલો સમો સત્કાર્યનો ગાળો ન હોય
> વૃક્ષ પરથી પાંદડું ખરવા વિશે ધારો ન હોય.
> -હરીશ શાહ

પ્રસ્તુત શેરમાં કવિએ વાંસના ફૂલોનો ગાળો એ શબ્દ પ્રયોગ કર્યો છે અને વાંસના વૃક્ષો પર બે વખત ફૂલો ઊગવાની વચ્ચેનોનો ગાળો જે હોય , એટલો ગાળો બે સત્કર્મ વચ્ચેનો ન હોવો જોઈએ.

સામાન્ય રીતે છોડ કે ઝાડ પર ઋતુ પ્રમાણે ફૂલ આવતા જ હોય છે પરંતુ વાંસને પહેલી વખત ફૂલ ચાર કે પાંચ વર્ષે આવે છે અને પછી 20 વર્ષ પછી આવે છે એટલે કે વાંસના વૃક્ષોની આયુષ્ય મર્યાદામાં માત્ર બે વાર જ ફૂલ આવે છે.

હવે શેરનું હાર્દ પકડો.... વાંસના ફૂલોની ઉપમા કવિએ આપીને માનવ જીવનના જે ચાર પુરુષાર્થ છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ .... એમાંથી પ્રથમ પુરુષાર્થ ધર્મ ઉપર વાત કરી છે, સત્કાર્ય એ તો ધર્મના પરિપ્રેક્ષ્યમાં છે, સત્કાર્ય એટલે એવું કોઈ કાર્ય જેનાથી આપણે આર્થિક , શારીરિક, સામાજિક અથવા બીજી કોઈ પણ રીતે જ્યારે આપણે અન્યને તેની સાચી જરૂર મુજબ મદદ કરીએ અને તેનું કલ્યાણ થાય તેની ભીડ ટળે તેના હૃદયમાંથી હાશ નીકળે.... તે સંદર્ભમાં સત્કાર્ય શબ્દનો ઉપયોગ કર્યો છે.... આવા સત્કાર્યો માટેની સમય મર્યાદા નક્કી કરવાની ન હોય માત્રને માત્ર યથાશક્તિ આ કાર્યો જીવન પર્યંત ... આજીવન આપણાથી સતત થવા જોઈએ. કારણ કે તેનો જવાબ બીજી પંક્તિમાં એટલે કે બીજા મિસરામાં બહુ જ સરસ રીતે કવિ આવ્યો છે જન્મ અને મરણ આપણા હાથમાં નથી,

આપણા હાથમાં છે આપણું કર્મ , વૃક્ષ પર પાંદડા પણ હજારોની સંખ્યામાં આવે છે , એમાંથી કયું પર્ણ પહેલું અને કયું પર્ણ પછી પડવાનું છે એની સમય મર્યાદા નક્કી નથી હોતી, એ જ રીતે કોણ પહેલા જન્મ્યું છે અને કોણ પછી જન્મ્યું છે એનો ક્રમ બંધન બનાયા વગર પણ પહેલા કોણ જવાનું છે અને પછી કોણ જવાનું છે એ



સમય મર્યાદા આપણા હાથમાં તો નથી જ , અને તેથી જ આપણી પાસે જે ઉપલબ્ધ છે એ સમયમાં આપણે આપણાથી બનતા તમામ સત્કાર્યો એવી રીતે કરીએ કે જેનાથી આપણી સમગ્ર ચેતનસૃષ્ટિનો આનંદ આપણામાં સમાઈ એક નવી દિશા પ્રાપ્ત કરે.

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## અધિકારીઓએ શહેર અને આસપાસ વધુ માર્ગ અકસ્માતોના સ્થળો અલગ તારવ્યાં

# ચાંગોદર, સાણંદ ચોકડી, ઉજાલા સર્કલ સનાથલ પોઈન્ટ અકસ્માત માટે ભયજનક સ્થળો, સાવધાન

### અમદાવાદના ચાંગોદર- બગોદરા હાઈવે પર અમુક તત્વોએ ડિવાઈડર તોડતા અકસ્માત વધ્યાં: આરટીઓ


ગુજરાત | વંદન

અમદાવાદ શહેરનું ભૌગોલીક વિસ્તાર વધતા આસપાસના ગામો મ્યુનિસિપલ હદમાં સમાવી લેવામાં આવ્યા છે. ટ્રાફિકની સમસ્યા હલ કરવા ફ્લાયઓવરબ્રીજ સહિતના પગલા લેવામાં આવ્યા છે. તેમ છતાં અકસ્માતો વધતા સત્તાવાળાઓએ શહેર અને શહેરના આસપાસ એવા સ્થળો શોધી કાઢયાં કે જ્યાં સૌથી વધુ માર્ગ અકસ્માતો થાય છે. આ ભયજનક સ્થળોએથી પસાર થતા વાહન ચાલકોએ સાવધાની રાખવી જોઈએ એવી સલાહ પણ આપવામાં આવી છે.

રોડ પર થતાં અકસ્માતની સંખ્યા ઘટાડવા માટે અનેક પ્રયાસ કરવામાં આવે છે. રોડ સેફિટી અંતર્ગત કાર્યક્રમો કરી લોકોને જાગૃત કરવામાં આવે છે. તેમ છતાં અનેક પોઈન્ટ એવા છે કે, જ્યાં ટ્રાફિકજામ અને અકસ્માતની સંખ્યા વધુ છે. આવામાં અમદાવાદ ડિસ્ટ્રિક રોડ સેફિટી કમિટીની બેઠક મળી હતી. જેમાં અમદાવાદ જિલ્લાની હદમાં આવતા હાઈવે અને કેટલાક સર્કલો પર અકસ્માત અને ટ્રાફિકજામ થાય છે, તેની ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ અમદાવાદ આરટીઓ ખાતે પણ બેઠક મળી હતી. જેમાં અસલાલી હાઈવે, બગોદરા હાઈવે, સનાથલ ચોકડી, સાંણદ ચોકડી, ઉજ્જાલા સર્કલને લઈ ચર્ચા કરવામાં આવી હતી.

અમદાવાદ આરટીઓ આર. એસ. દેસાઈએ જણાવ્યું હતું કે, ડિસ્ટ્રિક રોડ સેફિટી કમિટીની બેઠકમાં અસલાલી બારેજાનો પ્રશ્ન હતો જેના પર ચર્ચા કરવામાં આવી છે. ટ્રાફિકના પ્રશ્ન છે અને અકસ્માતની સંખ્યા પણ વધારે છે. રોડ સેફટી એક્સપર્ટ ટ્રાફિક પોલીસ, આરટીઓ દ્વારા ટ્રાફિકજામનો પ્રશ્ન હલ કરવા અને અકસ્માતની સંખ્યા ઘટાડવા ચર્ચા કરવામાં આવી હતી અને સ્થળની વિઝીટ કરવામાં આવશે. અકસ્માત થવાના ઘણા કારણો છે. વધારે ફરીને જવું ન પડે એટલે હાઈવે પરના ડિવાયડર તોડી નાખે છે, પરંતુ જેના કારણે અકસ્માત પણ થાય છે. હાઈવે પર નો-પાર્કિંગ ઝોનમાં વાહન પાર્કિંગ કરાય છે. અચાનક હાઈવે પર ક્રોસ કરવાથી અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.

અમદાવાદના ચાંગોદર-બગોદરા હાઈવે પર ડિવાઈડર ખોટી રીતે તોડી નાખવામાં આવ્યું હતું. જેના વિરુધ્ધ ફરિયાદ પણ કરવામાં આવી છે. અસલાલી હાઈવે, બગોદરા હાઈવે પર અકસ્માતની સંખ્યા વધુ છે. જ્યાં ડ્રાઈવ શરુ કરાશે. ખાસ કરીને બાવળા, ચાંગોદર, સાણંદ ચોકડી, બગોદરા હાઈવે, ઉજાલા સર્કલ સનાથલ બારેજા સહિતના ઘણા બધા પોઈન્ટ છે, જ્યાં અકસ્માત થવાની શક્યતા વધુ છે. જોઈન્ટ ટીમ બનાવી છે અને વિઝીટ કરાશે. જો ડિઝાઈનની ખામી હશે તો સુધારવામાં આવશે અને લોકોની જાગૃતિના અભાવે થતું હશે તો જાગૃતિ કાર્યક્રમો કરીને સમજાવવામાં આવશે. વાહનમાં લાઈટ અને રેડિયમ લગાવેલ હોવું જોઈએ. હાઈવે પર ડીપર લાઈટો હોવી જોઈએ. સાથે જ નિયમોનું પાલન નથી કરતા તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે.



## મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી

### પાંચ લાખનો ખર્ચ છતાં પડ્યો મોટા ભૂવો



ગુજરાત | વંદન

અમદાવાદમાં ફરી એક વખત મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી ગઈ છે. શહેરમાં વિના વરસાદે મોટા ભૂવો પડતાં વાહન ચાલકોની પરેશાની વધી છે.

અમદાવાદમાં વાળીનાથ ચોકમાં વગર વરસાદે મસમોટો ભૂવો પડતાં હાલ ભૂવાની આસપાર કોર્ડન કરીને આડશ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ જગ્યાએ ભૂવો પડ્યાં બાદ પાંચ લાખ ખર્ચ કરીને કોર્પોરેશનને રોડ રિપેર કર્યો હતો પરંતુ પાંચ લાખના ખર્ચ બાદ પણ વગર વરસાદે ભૂવો પડી જતાં કામગીરી પર સવાલ ઉઠ્યાં છે. હાલ આ વિસ્તારને કોર્ડન કરી દેવાયો છે. જો કે ભૂવાના કારણે વાહનચાલકોની પરેશાની વધી છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) ભૂતકાળમાં કોઈ અટકેલી યોજના ગતિમાં આવી શકે છે. તેમજ તમારા નેતૃત્વ હેઠળ કોઈ વિશેષ પ્રવૃત્તિ પણ કરવામાં આવશે. વધુ અને વધુ સમય પરિવાર સાથે સમય પસાર કરવાનો પ્રયાસ કરશો. કોઈ વાદ-વિવાદના મામલામાં શાંત રહેવું યોગ્ય છે. ઉત્તેજના સમસ્યાને વધુ ખરાબ કરી શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ) આર્થિક યોજનાઓ પર વિચાર કરવામાં આવશે અને કેટલીક રોકાણ સંબંધિત યોજનાઓ પણ બનાવવામાં આવશે પરિવાર સાથે ખરીદી વગેરેમાં ખુશીના કારણે ખર્ચની ચિંતા રહેશે નહીં. ક્યારેક તમારા દ્વારા કરવામાં આવેલ કામ અંદર અહંકારની લાગણીને કારણે બગડી જાય છે.

**મિથુન** (ક.છ.ઘ) સામાજિક અને સમિતિ સંબંધિત પ્રવૃત્તિઓમાં તમારું યોગદાન રહેશે. અંગત કાર્યો પૂર્ણ કરવામાં થોડી મુશ્કેલીઓ આવશે. ભાઈ-બહેન સાથેના સંબંધોમાં મધુરતા જાળવવામાં તમારું યોગદાન જરૂરી છે. વધુ પડતા પ્રતિબંધોને કારણે બાળકોનું મનોબળ ઘટી શકે છે.

**કર્ક** (ડ.હ) તમારી રુચિઓને અનુસરવા માટે દિનચર્યામાંથી થોડો સમય કાઢો અને કામ માટે પણ બહાર જવું જોઈએ, તેનાથી આધ્યાત્મિક અને માનસિક શાંતિ મળશે. આર્થિક બાબતોમાં રોકાણ પણ લાભદાયી રહેશે. તેના સ્વભાવમાં વધુ સાનુકૂળતા જાળવી રાખવાની જરૂર છે.

**સિંહ** (મ.ટ) કોઈ સારા સમાચાર મળવાથી ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થશે. મિલકતના ખરીદ-વેચાણને લગતા અટકેલા કામ આજે ઉકેલાઈ શકે છે. ખાસ કરીને મહિલાઓ માટે દિવસ ખૂબ જ અનુકૂળ રહેશે. તમારા કેટલાક નજીકના લોકો જ તમારા કામમાં પરોક્ષ રીતે કંઈક કરે છે.

**કન્યા** (પ.ઠ.ણ) વિચારેલા કાર્યો સમયસર પૂરા થશે. મહેનતનું સાનુકૂળ પરિણામ મળતાં મન પણ પ્રસન્ન રહેશે. નજીકના સંબંધીઓ સાથે ગેટ-ટુગેધરના કાર્યક્રમોનું આયોજન થશે. ભાઈ-બહેન સાથે બિનજરૂરી વિવાદ ટાળો અને ગુસ્સા પર નિયંત્રણ રાખો. માર્કેટિંગ સંબંધિત પ્રવૃત્તિઓ, પેમેન્ટ અટકી પડે છે.

**તુલા** (ર.ત) તમારા દ્વારા કોઈ સામાજિક અથવા સમાજ સંબંધિત કામ થવાના છે. તમારી પ્રતિભા અને ક્ષમતાઓ લોકોની સામે ઉજાગર થશે. ઘરની જાળવણી સંબંધિત કામો માટે પણ પ્લાન બનાવવામાં આવશે. ક્યાંય પૈસા ઉધાર ન આપો અને ક્યાંય રોકાણ ન કરો.

**વૃશ્ચિક** (ન.ય) આ સપ્તાહે તમારા પ્રયત્નોથી કેટલાક ખાસ કામ પૂરા થવાના છે. તમારા વ્યક્તિત્વમાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. ભવિષ્ય સાથે સંબંધિત કોઈપણ પ્રયાસમાં તમને યોગ્ય સફળતા મળશે. નાની-નાની બાબતો પર ઉશ્કેરાવું યોગ્ય નથી. માર્કેટિંગ સંબંધિત પ્રવૃત્તિઓમાં વધુ વધારો.

**ધન** (ભ.ધ.ફ) આગામી અઠવાડિયુ તમારા માટે શુભ રહેશે. ઘર સુધારણા યોજના બનાવતી વખતે વાસ્તુના નિયમોનું પાલન કરવાનું ધ્યાન રાખો. રસપ્રદ અને માહિતીપ્રદ સાહિત્ય વાંચવામાં પણ થોડો સમય પસાર થશે. વધારે વાદ-વિવાદમાં ન પડો, વાહનનો ઉપયોગ સાવધાનીથી કરો.

**મકર** (ખ.જ) તમારી જીવનશૈલી બદલવા માટે કંઈક સર્જનાત્મક પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન આપો, આ તમારા વ્યક્તિત્વને નિખારશે. કોઈપણ કાર્ય માટે પરિવારના સભ્યોની સલાહ લેવી ફાયદાકારક સાબિત થશે. વિદ્યાર્થીઓને પ્રયત્નોમાં સફળતા મળી શકે છે. નાની-નાની સમસ્યાઓ પણ રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ) નજીકના સંબંધી સાથે ચાલી રહેલા અણબનાવમાંથી મુક્તિ મળશે, પોતાના આદર્શો અને આદરથી વાકેફ રહેશે. જે લોકો વિદેશ જવાનો પ્રયાસ કરી રહ્યા તેઓને સારા સમાચાર મળી શકે છે. પરિવાર માટે પણ થોડો સમય ચોક્કસ કાઢો. વિદ્યાર્થીઓની તેમના અભ્યાસ પ્રત્યે બેદરકારી યોગ્ય નથી.

**મીન** (દ.ચ.ઝ) ઘરના કોઈપણ સભ્યની સકારાત્મક પ્રવૃત્તિઓના કારણે ખુશીનું વાતાવરણ હશે. લાંબા સમય બાદ ઘરમાં મહેમાનોના આગમનથી ખુશીનો માહોલ છે. કોઈ અંગત કે પારિવારિક નિર્ણય લેતા પહેલા ઘરના વરિષ્ઠ વ્યક્તિની સલાહ જરૂર લો. કાર્યક્ષેત્રમાં સ્ટાફ વચ્ચે થોડું રાજકીય વાતાવરણ સર્જાઈ શકે છે, તેની કાર્યક્ષમતા પર પણ નકારાત્મક અસર પડશે. સુખ-શાંતિ અને વ્યવસ્થા જાળવવી જોઈએ.

## ચોમાસુ ....ચાતુર્માસ....સુસ્વાગતમ્...







જૈન સમાજના સાધુ સંતો, સાધ્વીઓ, મહારાજ, સાહેબો ચોમાસા દરમ્યાન અલગ-અલગ શહેરોમાં ચાતુર્માસ ગાળવા જાય છે. શાહીબાગ શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સંપ્રદાયના સન્માનનીય સાધ્વીજી ચાતુર્માસ માટે અમદાવાદ પધાર્યા ત્યારે તેનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું. તસ્વીર: મૌર્ય ભાગ્યવાન

## કોંગ્રેસ પણ ભાજપના માર્ગે: કમલમ્ ની જેમ ઠેર-ઠેર બનાવશે રાજીવ ગાંધી ભવન...




### » શક્તિસિંહના પ્રમુખ બન્યા બાદ હાઈકમાન્ડ દ્વારા લેવાયો નિર્ણય

ગુજરાત | વંદન

કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા હવે કમલમની જેમ ગુજરાતભરમાં રાજીવ ગાંધી ભવન બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શક્તિસિંહ ગોહિલના પ્રમુખ બન્યા બાદ હાઈકમાન્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત કોંગ્રેસની કમાન શક્તિસિંહ ગોહિલના હાથમાં સોંપ્યા બાદ હવે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંગ્રેસ હાઈકમાન્ડે કમલમની જેમ ગુજરાતભરમાં રાજીવ ગાંધી ભવન બનાવવાનો નિર્ણય લીધો છે. હાઈકમાન્ડે ગુજરાતના દરેક જિલ્લા અને તાલુકામાં કોંગ્રેસ કાર્યાલય બનાવવાનો નિર્ણય લીધો છે.

ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓને દિલ્હીથી તેડું આવતા તમામ દિલ્હીના દરબારમાં પહોંચ્યા છે. આજે દિલ્હી ખાતે ગુજરાત કોંગ્રેસના નેતાઓની બેઠક યોજાઈ છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલ અને AICCના ખજાનચી પવન બંસલની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં ગુજરાત કોંગ્રેસ નવનિયુક્ત પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, અમિત ચાવડા, પરેશ ધાનાણી હાજર છે.

આ બેઠકમાં ઓલ ઈન્ડિયા પ્રોપર્ટી ડિપાર્ટમેન્ટના સેક્રેટરી લાલભાઈ પટેલને ગુજરાતના કાર્યાલયોની પ્રોપર્ટીની માહિતી સાથે બોલાવવામાં આવ્યા છે.કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને AICCના ખજાનચી પવન બંસલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ગુજરાતમાં કોંગ્રેસની પ્રોપર્ટી અને ટેક્સ બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત આ બેઠકમાં લોકસભાની ચૂંટણી અંગે પણ ચર્ચા થઈ શકે છે.

શક્તિસિંહ ગોહિલના પ્રમુખ બન્યા બાદ દિલ્હી ખાતે આ પ્રથમ બેઠક યોજાઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠક બાદ ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે પણ મુલાકાત કરી શકે છે.

### શિક્ષણમાં ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા

## શિક્ષકોને શ્રી રમણભાઈ પટેલ - એએમએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરાયા

ગુજરાત | વંદન

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન(એએમએ) દ્વારા શિક્ષણમાં ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહન આપવા માટે "રમણભાઈ પટેલ-એએમએ સેન્ટર ફોર એક્સેલન્સ ઈન એજ્યુકેશન"ની સ્થાપના કરવામાં આવી છે અને ૨૦૦૩થી શૈક્ષણિક ક્ષેત્રે શિક્ષકોને તેમના યોગદાન માટે "શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ" સન્માનિત કરે છે. અમદાવાદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. પંકજ ચંદ્રાએ "શ્રી રમણભાઈ પટેલ-એએમએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૧" માટેના પ્રસ્તુતિ સમારોહમાં ભાગ લીધો હતો અને શિક્ષક કેવી રીતે માત્ર વિદ્યાર્થીનેજ નહીં, પરંતુ સમગ્ર




પરિવાર અને સમાજનું ઉત્થાન કરી શકે છે તેના પર સંબોધન કર્યું હતું.

"રમણભાઈ પટેલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ૨૦૨૧" શ્રી. રમેશભાઈ ધનજીભાઈ બારડ કે જેઓ કુંભન કેન્દ્રવર્તી શાલા, મહુઆ, ભાવનગર ખાતે શિક્ષણશાસ્ત્રી છે તેમને વિદ્યાર્થીઓની સુધારણા માટે તેમની નવીન શિક્ષણ તકનીકો માટે; અને કુ. સુમન અભય પાંડે કે જેઓ નવા વણઝાર પ્રાથમિક શાળા, સરખેજમાં તેમના વિદ્યાર્થીઓના વિકાસ માટે તેમની અતૂટ પ્રતિબધ્ધતા માટે સમર્પિત શિક્ષક છે તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. આ શુભ અવસર પર એએમએ દ્વારા પ્રસિધ્ધ લેખક અને વરિષ્ઠ ફેકલ્ટી શ્રી બી.એન. દસ્તૂરને તેમના અમૂલ્ય યોગદાન અને એએમએ સાથેના ચાર દાયકાના લાંબા જોડાણ માટે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# વ્યાજખોરી કેસની તપાસમાં 23 જેટલા કોથળા ભરી દસ્તાવેજો મળી આવ્યાં

### » 7 કરોડની સામે કરોડો રૂપિયા આપ્યા બાદ પણ વ્યાજખોરો કરતા હતા પરેશાન, 6ની ધરપકડ


નારોલમાં ટ્રાન્સપોર્ટના વેપારીએ રૂ.7 કરોડ વ્યાજે લીધા બાદ કરોડો રૂપિયા ચૂકવ્યા છતાંય વ્યાજખોરોનો ત્રાસ યથાવત રહેતા વેપારીએ 11 લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં નારોલ કેસની શરૂઆતમાં જ મુખ્ય આરોપી ધર્મેશ ઉર્ફે ધર્માત્મા પટેલની ધરપકડ કરી હતી. ત્યારબાદ પ્રિત ઓઝા અને વિજય પમલાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે આરોપીઓની પૂછપરછમાં શાહીબાગના નરેશ જવર, મણીનગરના નટવર સોની અને શાહીબાગના અશોક કાકાણીની સંડોવણીનો ખુલાસો થતા તે લોકોની પણ ધરપકડ કરાઈ હતી. એટલેકે નારોલ પોલીસે અત્યાર સુધીમાં કુલ 6 આરોપીઓની ધરપકડ કરી છે. આ તમામ આરોપીઓ ધર્મેશ ઉર્ફે ધર્માત્માની ટોળકીના સભ્યો હતા. આરોપી નરેશ જવર, નટવરલાલ સોની,અશોક કાકાણીએ પોતાના



એકાઉન્ટ ધર્મેશને ભાડે આપ્યા હતા.

આ તમામ ભાડે લીધેલા એકાઉન્ટમાં ધર્મેશ ટ્રાન્ઝેકશનો કરાવતો હતો. બીજી તરફ આરોપી પ્રિત ઓઝા અને વિજય પમલાનીએ ફરિયાદીની ત્રણેય ગાડીઓ કબજે કરી હતી. ત્યારે હાલ આ કેસની તપાસને લઈને એક ડીસીપી, એક એસીપી, એક પી.આઈ તથા પાંચ કોન્સ્ટેબલરી સ્ટાફની એસ.આઈ. ટી બનાવાઈ છે. જે તપાસમાં પોલીસે મુખ્ય આરોપીની એક ગાડી સોલા વિસ્તારમાંથી કબ્જે કરી હતી જેમાંથી કુલ 23 જેટલા મોટા કોથળા મળ્યા હતા. જે કોથળાઓમાં બાનાખાત, દુકાન જમીનના દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસ ટીમનું માનવું છે કે આ તમામ કોથળામાં રહેલા ડોક્યુમેન્ટ જોતા અમદાવાદનો એક પણ વિસ્તાર બાકી નહી હોય જેના ડોક્યુમેન્ટ આ કોથળામાં નહિ હોય. બોપલ થી લઈને નારોલ શાહપુર સુધીના મોટા ભાગના વિસ્તારોની જમીન લે વેચ તથા અન્ય જમીનને લાગતા વળગતા ડોક્યુમેન્ટ તથા અન્ય બીજા દસ્તાવેજો આ કોથળામાં રહેલા હતા. હાલ તો તમામ કોથળામાં રહેલા ડોક્યુમેન્ટની ઊંડાણ પૂર્વક તપાસ કરાઈ રહી છે અને ડોક્યુમેન્ટમાં જે કોઈના પણ નામ હશે તે તમામ લોકોને આગામી સમયમાં નારોલ પોલીસ તરફથી તેડું પણ આવી શકે છે. જો ડોક્યુમેન્ટની તપાસમાં જે કોઈપણ જવાબદાર હશે તેની વિરુદ્ધમાં પોલીસ ગુનો નોંધી શકે તેવી શક્યતા છે.

## શબ્દોની સંતાકૂકડી 67 — સાપ્તાહિક ગુજરાત વંદન



### ઊભી ચાવી

(1) છૈયાંછોકરાં, સંતતિ [3]
(2) આખી રાત જાગવું તે [4]
(3) નોરતાંની કુલ રાત [2]
(4) રેતાળ પ્રદેશ [2]
(6) ઓથ, આશ્રય [3]
(7) લોહી, રુધિર [2]
(10) એક કંદ [3]
(11) પોલીસ ફોજનો એક હોદ્દેદાર, કોટવાળ [4]
(12) રસમ, રીત, ચાલ, પ્રથા, રૂઢિ, ધારો [3]
(13) પગથિયાંવાળો કૂવો [2]
(16) મુગટ, કલગી [2]
(17) પત્તાની એક રમત, બ્રિજ [2]

### આડી ચાવી

(1) પારસીઓ ભારતમાં સૌ પ્રથમ આ બંદરે ઉતર્યા [3]
(5) ઊંડાઈ માપવી, ....... મેળવવો [2]
(6) આચ્છાદન; પડદો [4]
(8) નરમપણું [4]
(9) અભિનેતાનો પાત્રગત અભિનય [2]
(14) બુદ્ધિ; અક્કલ, જ્ઞાન [3]
(15) વાયુનું આચ્છાદન, ઍટ્મોસ્ફિયર [5]
(18) ન્યાયાધીશ, ન્યાયમૂર્તિ [2]
(19) ચોરી કરનાર [2]

**શબ્દોની સંતાકૂકડી-67 નો ઉકેલ આવતા અંકે**

શબ્દોની સંતાકૂકડી-66નો ઉકેલ


| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વિ | વા | 3 હ | | 3 કિ | 4 ર | ણ |
| ર | | 5 લ | ક્ષ્મી | | મ | |
| 6 લ | 7 ચ | ક | | 8 અ | ખા | ત |
| | 9 મ | ટ | 10 કું | | ણ | |
| 11 ભા | ન | | 12 વ | ર | | 13 ઓ |
| ર | | 14 બા | ર | | 15 હા | ય |
| 16 ત | ર | ફ | | 17 કો | ય | ડો |

## કોયડો નં. 69 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | | | 7 | | | | |
| 6 | | | | 9 | 5 | | | |
| | 9 | 8 | | | | | 6 | |
| 8 | | | | 6 | | | | 3 |
| 4 | | | 8 | | 3 | | | 1 |
| 7 | | | | 2 | | | | 6 |
| | 6 | | | | | 2 | 8 | |
| | | | 4 | 1 | 9 | | | 5 |
| | | | | 8 | | | 7 | 9 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-69નો ઉકેલ



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# રાજકોટ મનપાની પાંચ આવાસ યોજનાને ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ એવોર્ડ મળ્યો

**આશરે 34,000થી વધારે આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી**

ગુજરાત | વંદન

પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનશીપ, સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનશીપ, સ્વામી વિવેકાનંદ ટાઉનશીપ, શિવ ટાઉનશીપ તેમજ મીરાબાઈ ટાઉનશીપને એવોર્ડ એનાયત



મનપા દ્વારા અત્યાર સુધીમાં વિવિધ આવાસ યોજનાઓ અંતર્ગત આશરે 34,000થી વધારે આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે જેમાં સમાજમાં ઓછી આવક ધરાવતા તેમજ મધ્યમવર્ગીય સહિત દરેક વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને એલઆઈજી તથા એમઆઈજી પ્રકારના આવાસોનું નિર્માણ કરાયું છે ત્યારે મ્યુનિ. તંત્ર દ્વારા નિર્મિત પાંચ આવાસ યોજનાઓને ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ દ્વારા મોમેન્ટો આપવામાં આવ્યો છે.

શહેરના સ્પીડ વેલ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનશીપ, સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનશીપ, સ્વામી વિવેકાનંદ ટાઉનશીપ, સેલેનીયમ હાઈટ્સની સામે, મવડી થી પાળ ગામ રોડ ઉપર આવેલી શિવ ટાઉનશીપ તેમજ મીરાબાઈ ટાઉનશીપને આ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ આવાસ યોજનાઓમાં ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર ડક સિસ્ટમ, વરસાદી પાણીના બચાવ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ઘરમાં આરામદાયક વાતાવરણ જળવાય રહે તે માટે બહારની બાજુએ કેવીટી વોલ (પોલાણવાળી દિવાલ) ની સુવિધા, કોમન લાઈટીંગ માટે એલઈડી બલ્બનો ઉપયોગ સહિતની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એવોર્ડ મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર કંચનબેન સિદ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીની ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાતને વર્લ્ડ રેકોર્ડ સર્જવા બદલ પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યાં

ગુજરાત | વંદન

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરત ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં 1.53 લાખ નાગરિકો એક સાથે એક જ સ્થળે યોગાભ્યાસમાં જોડાયા અને વિશ્વ વિક્રમ સર્જ્યો છે.સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૧.૫૭ કરોડથી વધુ નાગરિકો 'યોગમય ગુજરાત' અભિયાનમાં જોડાયા હતા. એટલે કે અંદાજ કરતા ૩૨ લાખ વધુ નાગરિકો યોગાભ્યાસમાં સહભાગી થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને સુરતના વિશ્વ વિક્રમ બદલ ટીમ ગુજરાતને અભિનંદન પાઠવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં યોગદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત રાજ્યના ધાર્મિક,પ્રવાસન,ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઈકોનિક સ્થળો ઉપરાંત તમામ જિલ્લાઓમાં ઠેર ઠેર યોગ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ૧.૫૩ લાખ નાગરિકો કુલ ૧૨.૫ કિમી પાથ પર આ યોગાભ્યાસ કરી ટીમ ગુજરાતે ગિનિઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન હાંસલ કર્યું છે.

### કુલપતિથી લઈ મહત્વના હોદ્દા પર હંગામી નિમણૂંકો...

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 12 વર્ષથી કાયમી કુલસચિવની નિમણૂંક જ થતી નથી...

**» નવી સરકારની પસંદગી કરાયાને એક વર્ષ છતાં હજુ નિમણૂક નહીં**



ગુજરાત | વંદન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિથી માંડી પરીક્ષા નિયામક, ગ્રંથપાલ સહિતના અનેક મહત્વના પદ પર હંગામી કર્મચારીઓથી ગાડું ગબડાવાય છે. એમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છેલ્લા 12-12 વર્ષથી કાયમી કુલસચિવની રાહમાં છે. હાલમાં મહાનગરપાલિકાના સેક્રેટરી એવા ડો. હરેશ રૂપારેલીયાની આ હોદ્દા માટે પસંદગી કરાયાને એક વર્ષ થવા આવ્યું છતાં તેમને નિમણૂકના ઓર્ડર અપાયો નથી.

તારીખ 20 જુન 2022ના રોજ કાયમી રજિસ્ટ્રારના પદ માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. 21મી જુન 2022ના રોજ મળેલી સિન્ડિકેટની બેઠકમાં તેમના નામની પસંદગીનો ઠરાવ પણ થયો હતો અને ત્યારબાદ 24મી જુન 2022ના રોજ ડો. હરેશ રૂપારેલીયાનું નામ ફાઈનલ થયું હતું.

જોકે ત્યાર બાદ આ સંદર્ભે શિક્ષણ વિભાગ તરફથી કેટલીક ક્વેરી ઉભી થઈ હતી. જેનો જવાબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રજુ કરી દીધો હતો.


આ દરમિયાન ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. નવી સરકારની રચના થઈ અને ત્યાર બાદ બજેટ સત્ર આવ્યું હતું. તેના કારણે ઓર્ડરમાં ઢીલ થઈ હોવાનું જણાઈ રહ્યું છે. હવે નવું શિક્ષણ સત્ર શરૂ થઈ ગયું છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર એકાદ પખવાડીયાની અંદર હાજર થવાના ઓર્ડર કાઢવામાં આવે તેવી સંભાવના છે.

### જૂનાગઢના દડવા ગામની ચોંકાવનારી ઘટના

# અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરતી ટોળકીના ચક્કરમાં ફસાયેલા યુવકે કર્યો આપઘાત

**» યુવક પાસેથી પડાવાયા હતા પૈસા, આખરે કંટાળી યુવકે ભર્યું અંતિમ પગલું**

ગુજરાત | વંદન



ન્યૂડ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરતી ટોળકીના ચક્કરમાં ફસાયેલા જૂનાગઢના દળવા ગામના યુવકે મોતને વ્હાલું કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઠગ ટોળકીએ જે રીતે યુવકને ફસાવ્યો તે જાણીને પોલીસ પણ ચોંકી ગઈ છે. હાલ પોલીસે અજાણ્યા 5 લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોશિયલ મીડિયામાં અજાણી વ્યક્તિ સાથે મિત્રતા કરનારા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. આ મામલે વિગતવાર વાત કરીએ તો જૂનાગઢના દડવા ગામના અમિત રાઠોડ નામના યુવકનો સોશિયલ મીડિયા પર એક યુવતી સાથે સંપર્ક થયો હતો. જે બાદ બંને વચ્ચે વાતચીત થઈ હતી. યુવતીએ વીડિયોકોલ કરી અમિતને પોતાની વાતોમાં ફસાવ્યો હતો. વીડિયો કોલ કરીને યુવતીએ અમિતનો બીભત્સ વીડિયો બનાવી લીધો હતો.

જે બાદ આ વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપવાની શરૂ કરી હતી. અમિતના ફોન પર વારંવાર ફોન અને મેસેજ કરીને ધમકી આપી પૈસાની માંગણી કરવામાં આવતી હતી. જેથી યુવકે યુવતીએ કટકે-કટકે 48 હજાર 500 રૂપિયા આપ્યા હતા. 48 હજારથી વધુ રૂપિયા આપવા છતા યુવતીએ વધુ રૂપિયાની માંગ કરી હતી.

જે બાદ અમિતના નંબર પર અલગ અલગ યુવકોના ફોન ચાલું થઈ ગયા હતા. આ ટોળકીએ અમિત સામે દિલ્હીમાં ફરિયાદ નોંધાવી હોવાનું પણ જણાવ્યું હતું સાથે જ યુવતીએ અમિતના વોટ્સએપ પર એફઆઈઆરની બોગસ કોપી પણ મોકલી હતી. આ ઠગ ટોળકી દ્વારા વાંરવાર રૂપિયાની માંગ કરવામાં આવી રહી હતી. જેથી કંટળીને અમિતે આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર મામલે પોલીસે 5 અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

## મહિસાગર નદીમાં 3 યુવકો ડૂબ્યા, એક યુવકનું મોત

ગુજરાત | વંદન

મહિસાગર નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવકો ડૂબ્યા હોવાની માહિતી સામે આવી છે. આ દૂર્ઘટનામાં એક યુવકનું ડૂબી જવાથી મોત થયું છે જ્યારે બે યુવકોને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. મોતને ભેટનાર યુવકનું નામ સુરેશ વિક્રમ છે અને તેની ઉંમર વર્ષની હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થનારનું રાજુ વિજય છે અને તેની ઉંમર 15 વર્ષની છે. તેમની સામે 17 વર્ષીય પૃથ્વી સંજય પણ હાલ સારવાર હેઠળ છે. હાલોલ તાલુકાના લાલપરી ગામનો પરીવાર મહીસાગર નદી ખાતેના મંદિરમાં માનતા પૂરી કરવામાં માંટે આવ્યો હતો. આ દરમિયાન યુવકો નદીમાં ડૂબ્યા હતા. ગુજરાતમાં હજુ ચોમાસા માટે રાહ જોવી પડશે. ચોમાસુ ક્યારે બેસશે તેને લઈને હજુ કોઈ ચોક્કસ સ્પષ્ટ થયું નથી. હવામાન વિભાગના મતે ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થાય તે માટે હજુ જે સિસ્ટમ બનવી જોઈએ તે નથી બની રહી અને તેને લઈને ચોમાસામાં વિલંબ જોવા મળી રહ્યો છે.

### સીએમ દ્વારા જુલાઈના ત્રીજા સપ્તાહમાં કે.કે.વી.બ્રીજને ખુલ્લું મુકાશે

# રાજકોટમાં ડબલ ડેકર પુલનું લોકાર્પણ થતા ટ્રાફિક સમસ્યા હળવી થવાની સંભાવના

ગુજરાત | વંદન



શહેરમાં ટ્રાફીક સમસ્યાના નિરાકરણ અર્થે મનપા દ્વારા વિવિધ માર્ગો પર તબક્કાવાર ઓવરબ્રીજ અને અંડરબ્રીજનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ત્યારે શહેરનાં ગૌરવપંથ એવા કાલાવડ રોડ પર કે.કે.વી.ચોકમાં નિર્મિત ફલાય ઓવર બ્રીજની કામગીરીમાં વિલંબ થતાં હવે આ બ્રીજ જુલાઈ માસના બીજા સપ્તાહમાં ખુલ્લો મુકવામાં આવે તેવી શકયતા સેવાઈ રહી છે.

મ્યુનિ.તંત્ર દ્વારા આ બ્રીજની 95 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું રટણ કરવામાં આવી રહ્યું છે અને આગામી એક બે દિવસમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પાસે તા.20 જુલાઈ આસપાસ બ્રીજનું લોકાર્પણ કરવા માટેની તારીખો મેળવવામાં આવી રહી હોવાનું મેયર ડો. પ્રદીપ ડવ જણાવી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે મનપા દ્વારા રૂ.129.53 કરોડના ખર્ચે આ ડબલ ડેકર બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે. બ્રીજની ઉપર 95 ટકા ડામર કામ અને 90 ટકા ઈલેકટ્રીક પોલ નાખવાની કામગીરી હાલ પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે બાકી રહેલી કામગીરી આગામી સપ્તાહમાં પુર્ણ થઈ જશે. આ બ્રીજની દિવાલોમાં કલર કામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ફુંકાયેલા બિપરજોય વાવાઝોડા અને વરસાદી માહોલના કારણે કામગીરીમાં વિલંબ થયો હોવાનું તંત્રવાહકો જણાવી રહ્યાં છે.

### કવિતાના ઉંબરેથી....

## સત્ય છું, શિવ છું, હું સુંદર છું...

જેવો તેવોય એક શાયર છું,
દોસ્ત, હું જ્યાં છું, ત્યાં બરાબર છું.
શબ્દ છું-ક્ષર નથી, હું અક્ષર છું,
યાને હું નિત્ય છું, નિરંતર છું.
હું સ્વયં ફૂલ છું, હું અત્તર છું,
જે કશું છું, હું દોસ્ત, અંદર છું.
સત્ય છું, શિવ છું, હું સુંદર છું,
પરથી પર યાને હું પરાત્પર છું.
હું હતો, છું, હજીય હોવાનો;
હું સનાતન છું, હું સદંતર છું.
બે ધડક પૂછ કોઈ પ્રશ્ન મને;
કોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું.
હું છું સંદેશ ગેબનો સંદેશ;
પત્ર વાહક નથી, પયંબર છું.
ઉન્મત્ત આનંદનો છું હું સાગર;
દત્ત અવધૂત છું, દિગમ્બર છું.
ધૂર્જટીથી નથી કમ 'ઘાયલ',
રિન્દાના-સ્વાંગમાં હું શંકર છું.

-અમૃત ઘાયલ

અનુસંધાન પેજ 12 પરથી...

### રથયાત્રા હેમખેમ...

આ જ વિવાદમાં હાઈકોર્ટમાં અરજીઓ કરી છે અને તેમણે વર્ષ 2020માં ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવેલા આદેશોને પડકાર્યો છે. આ રિટની સુનાવણી પણ હાઈકોર્ટ સમક્ષ ત્રણ વર્ષ બાદ શરૂ થઈ છે અને એની સુનાવણી હવે ત્રીજી જુલાઈના રોજ મુકરર કરવામાં આવી છે.

આ કેસની હકીકત એવી છે કે જગન્નાથ મંદિર બે જુદાજુદા ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે. એક ટ્રસ્ટ શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટ છે અને બીજું નરસિંહદાસજી મહારાજ ટ્રસ્ટ. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા ગાયના સંવર્ધન માટે બે સ્થળે જમીન આપવામાં આવી હતી.

બીજી તરફ કેટલાક ભક્ત દાતાઓ દ્વારા વર્ષો પહેલા ખેતીલાયક જમીન પણ દાનમાં આપવામાં આવી હતી. આ જમીન દાણીલીમડા અને બહેરામપુરા વિસ્તારમાં શહેરની વચ્ચોવચ આવેલી છે. આ મામલે તમામ વ્યવહારો ત્રણ વર્ષ પહેલાં થયા હતા અને ત્યારથી વિહિપ વિરોધ દર્શાવી રહી છે કે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા હિન્દુઓની આસ્થા સાથે વિશ્વાસઘાત કરવામાં આવી રહ્યો છે.

### 'દિવ્યપુરૂષ' એ...

તુલસીએ જે ત્રિભૂવનિય ગ્રંથ આપ્યો તેમને પૂછો. તેમણે પોતાની વાતમાં કહ્યું કે, હું વિનય સાથે કહેવા માગું છું કે શા માટે આવા વિવાદ ઉભા કરી રહ્યો છો! મોરારિબાપુએ કહ્યું કે આ લોકો પાસે કાન હોય તો થોડું સાંભળે.

આદિપુરુષ ફિલ્મ વિવાદમાં આવ્યા બાદ મેકર્સ દ્વારા તેમાં કેટલાક ફેરફારનો પણ નિર્ણય લેવાયો આમ છતાં લોકો દ્વારા ફિલ્મમાં દર્શાવવામાં આવેલી બાબતો અંગે નારાજગી વ્યક્ત કરીને તેના પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી રહી છે. ફિલ્મના વિરોધની સાથે તેના ડિરેક્ટર, એક્ટર અને લેખક સહિતના લોકો સામે વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. આ સાથે ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી કઈ રીતે સર્ટિફિકેટ મળી ગયું તેવા સવાલો પણ ઉઠાવવામાં આવી રહ્યા છે.

### ગુજરાતીઓને ઠગ...

ગુનો દાખલ કરીને તેમને કોર્ટ સમક્ષ હાજર થવા સમન્સ ઈશ્યૂ કરવામાં આવી શકે છે. મહત્વનું છે કે કચ્છના ગાંધીધામ થી લુવાણા સમાજના પ્રમુખ બળવંતભાઈ ઠક્કરે આપેલી જુબાનીમાં કોર્ટમાં જણાવ્યું કે, વિશ્વભરમાં ગુજરાતીઓએ સારામાં સારા કામ કરીને નામના મેળવી રહ્યા છે. જેમ કે પ્રમુખસ્વામી મહારાજ, મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા, મહાત્મા ગાંધી સામ પિત્રોડા, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા લોકોએ ઘણી બધી વિભૂતિઓ આપણું નામ વિશ્વ ફલક ઉપર વંદનીય બનાવ્યું છે ત્યારે ગુજરાતીઓને ઠગ કહીને ગુજરાતીઓની લાગણી દુભાવી રહ્યા છે. જેથી બીજી વખત કોઈ આવું ઉચ્ચારણ ન કરે તે માટે કડક કાર્યવાહીની માંગ કરી છે.

### ભારે ઉકળાટ..

સંભાવના છ તો કેટલાક રાજ્યમાં હજુ પણ વરસાદની રાહ જોવાઈ રહી છે. આ વચ્ચે ગુજરાતમાં આગામી 5 દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહીને પગલે આજ વહેલી સવારથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે, તો કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પણ વરસી રહ્યો છે.

આ મામલે વિગતવાર વાત કરીએ તો આજ વહેલી સવારથી વડોદરામાં ભારે વરસાદ વરસી રહ્યો છે. વહેલી સવારે 5 વાગ્યાથી વરસાદની શરૂઆત થઈ હતી. ગાજવીજ સાથે વરસાદ ખાબકતા શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. હજુ પણ અહીં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. વરસાદથી ખેડૂતો ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. લોકો પરેશાન છે.

### સ્ટેટ GST...

આવકની ચકાસણી તેમજ તેઓ દ્વારા ભરવામાં આવેલ ટેક્ષની ચૂકવણી કર્યા બાદ જો શંકાસ્પદ વ્યવહારો લાગે તે જીએસટી વિભાગ દ્વારા ત્યાં રેડ કરી તપાસ કરવામાં આવે છે. ત્યારે આજે રાજ્યમાં 40 સ્થળો પર જીએસટી વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી છે. ત્યારે વેરાપાત્ર સેવાની સ્ટેટ જીએસટી ચકાસણી કરી વેરો નક્કી કરવામાં આવશે. સ્ટેટ જીએસટી દ્વારા તમામ સ્થળો પર તપાસ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, જીએસટીની ચોરીની કારણે દેશનો આર્થિક નુકસાન થઈ રહ્યો છે. જેના રોકવા માટે સરકાર દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યો છે.

## સુરતમાં ચોકલેટના બહાને 4 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ

ગુજરાત | વંદન

સુરતનાં એક વિસ્તારમાં મોડી રાત્રે શ્રમિક પરિવાર સૂઈ રહ્યો હતો. તે દરમ્યાન નરાધમ યુવક પરિવાર સાથે સૂતેલી 4 વર્ષીય બાળકીને ઉપાડી લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. સવારે અચાનક બાળકીનો રડવાનો અવાજ આવતા પરિવારજનોએ બાળકીને પૂછતા સમગ્ર હકીકત જણાવી હતી. જે બાદ બાળકીને સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં હાલ બાળકીની સારવાર ચાલી રહી છે. ત્યારે પોલીસે પરિવારનાં નિવેદનનાં આધારે દુષ્કર્મની ફરિયાદ નોંધી છે. તેમજ પોલીસે આરોપીની ધરપકડ કરવા CCTV નાં આધારે તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર કેસની તપાસ સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવતા સુરત ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવીનાં આધારે આરોપીને શોધી કાઢ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસ કમિશ્નર દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં સુરત પોલીસ કમિશ્નરે જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે 4 વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ફરિયાદ મળી હતી. ત્યારે દુષ્કર્મ આચરનાર યુવક અજય રાય બાળકીનાં પાડોશમાં જ રહે છે. પાડોશી હોવાથી બાળકી સાથે સારો પરિચય હતો.

યુવક દ્વારા ચોકલેટનાં બહાને બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતુ. સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને સવારે થઈ હતી. ત્યારે આરોપી બિહારનો રહેવાસી છે. તેમજ તેની ઉંમર 20 વર્ષ છે.

## ગાંધીનગરમાં જુના સચિવાલયને રિ-ડેવલપ કરાશે

ગુજરાત | વંદન

જુના સચિવાલયને રિ-ડેવલપ કરવાનો પ્રોજેક્ટ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. હવે જૂના સચિવાલયની જગ્યાએ નવું ભવન તૈયાર કરવામાં આવશે. જૂના સચિવાલયમાં ક્રમશ 8 બ્લોક તૈયાર કરાશે. ડો. જીવરાજ મહેતા ભવનમાં આવેલા બિલ્ડીંગોની હાલત જર્જરિત થઈ ગઈ છે. કચેરીઓ ખૂબ જૂની અને જર્જરિત થઈ ચૂકી છે. લિફ્ટ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, પાર્કિંગ સહિતની અન્ય પાયાની સુવિધાઓ પણ યોગ્ય નથી. જેથી જૂના સચિવાલયના રી-ડેવલપમેન્ટનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રિ- ડેવલપ માટેજૂના સચિવાલયમાં ક્રમશ 8 બ્લોક તૈયાર કરવામાં આવશે. જેમાં પહેલા તબક્કામાં 100 કરોડના ખર્ચે 2 બ્લોક તૈયાર કરાશે. જેમાં લિફ્ટ સહિત અદ્યતન સુવિધાઓ ઉભી કરાશે. આ માટે ટેન્ડરીંગ પ્રકિયા ટૂંક સમયમાં જ શરૂ કરાશે.

અનુસંધાન પેજ 1 પરથી...

### રશિયામાં ગૃહયુદ્ધના...

મોટી સંખ્યામાં હથિયારધારી સૈનિકોનો કાફલો ઉતારી દેવામાં આવ્યો છે.

એમ કહેવાય છે કે, યુક્રેનમાં પુટિનને સફળતા અપાવવામાં પ્રિગોઝીનની વેગનર આર્મીનો મોટો ફાળો રહ્યોં છે. તેના સૈનિકો દ્વારા મોટા પાયે યુક્રેનમાં ખાનાખરાબી સર્જવાની સાથે નાગરિકો પર અમાનુષી અત્યાચાર અને ક્રૂરતા આચરવામાં આવી છે.

એ બાબતની હજુ સ્પષ્ટતા થઈ નથી કે, રશિયન દળોએ રશિયા માટે લડી રહેલા ખાનગી સેના વેગનર ગ્રુપના સૈનિકો પર યુક્રેનમાં શા માટે હુમલો કરવામાં આવ્યો. તમામ બાબતો પર ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે. પરંતુ યુરોપ પહોંચેલા સમાચારો દર્શાવે છે કે, રશિયામાં પુટીન ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. તેમના ખાસ મનાતા પ્રિગોઝીન દ્વારા તેમની જ સેના સામે બદલો લેવાની જાહેરાત થઈ છે અને મોસ્કો અને ક્રેમલીનથી જે સમાચારો આવી રહ્યાં છે તે ઈશારો કરે છે કે રશિયામાં બધુ ઠીક-ઠાક નથી. રશિયા હાલમાં ગૃહયુદ્ધનો સામનો કરી રહ્યું હોય તો નવાઈ નહીં.

**મોસ્કોના મેયર શું કહે છે?**

મોસ્કોના મેયરે જાહેરાત કરી છે કે રાજધાનીમાં સુરક્ષાને મજબૂત કરવા આતંકવાદ વિરોધી પગલાં લેવામાં આવ્યા છે. સર્ગેઈ સોબ્યાનિને ટેલિગ્રામ પર લખ્યું, "આવનારી માહિતી અનુસાર, મોસ્કોમાં સુરક્ષાને મજબૂત કરવા માટે આતંકવાદ વિરોધી પગલાં લેવામાં આવી રહ્યા છે. રસ્તાઓ પર વધારાનું નિયંત્રણ વધારવામાં આવ્યું છે. જાહેર કાર્યક્રમો પણ મર્યાદિત રહેવાની શક્યતા છે. કૃપા કરીને સમજદારીપૂર્વક લેવાયેલા પગલાંને ધ્યાનમાં લો."

### પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામા...

તેના પરથી અંદાજ લગાવી શકાય છે કે કંપની દ્વારા ગુણવત્તાના આધારે બાંધકામ કરવામાં આવી રહ્યું છે. પૂરના પાણી હજુ સુધી નદીમાં પ્રવેશ્યા નથી. હવે માત્ર વરસાદી પાણી છે. આ અંગે NHAI પૂર્ણિયાના પ્રોજેક્ટ ડાયરેક્ટર અરવિંદ કુમારે જણાવ્યું હતું કે સ્થળનું નિરીક્ષણ કરીને તપાસ કરવામાં આવશે. તે શા માટે ડૂબી ગયું છે? તે હજુ સામાન્ય લોકો માટે ખુલ્લું નથી. તપાસ બાદ નિષ્ણાંત પાસેથી અભિપ્રાય લઈને તેને સુધારવામાં આવશે. બાંધકામના કામમાં કોઈ બેદરકારી હશે તો તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

### એક સપ્તાહમાં...

મોકલવાની માંગ કરી છે. કેન્દ્ર સરકારે અત્યાર સુધી આ બાબતની અવગણના કરી છે. જો ત્યાં શાંતિ અને સંવાદિતા પુનઃસ્થાપિત કરવી હોય તો આ બાબત પર ધ્યાન આપવું પડશે. નોંધનીય છે કે 3 મેના રોજ રાજ્યમાં જાતિય હિંસા ફાટી નીકળી ત્યારથી લગભગ 120 લોકોએ જીવ ગુમાવ્યા અને 3,000 થી વધુ લોકો ઘાયલ થયા.

મણિપુર પર સર્વપક્ષીય બેઠકમાં ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી ઓકરામ ઈબોબી સિંહ (કોંગ્રેસ), ડેરેક ઓ'બ્રાયન (TMC), મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સિંહ (NPP), એમ થંબી દુરાઈ (AIADMK), તિરુચી શિવા (DMK),પિનાકી મિશ્રા (બીજેડી), સંજય સિંહ (આપ), મનોજ ઝા (આરજેડી) અને પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના) સામેલ થયા હતા.

### આસામના મુખ્યમંત્રી પર...

પ્રાથમિકતા આપવી જોઈએ. આસામ પોલીસ અમારી પોતાની પ્રાથમિકતાઓ અનુસાર કામ કરશે.સીએનએન સાથેની મુલાકાતમાં ઓબામાએ ભારતમાં લઘુમતીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે જો તેમની પીએમ મોદી સાથે વાતચીત થાય તો તેમણે તેમને કહ્યું હોત કે જો ભારતમાં વંશીય અલ્પસંખ્યકોના અધિકારોનું રક્ષણ કરવામાં નહીં આવે તો ભારત અલગ થવાનું શરૂ કરી શકે છે.

### 'પોતાના ઘરમાં..

પ્રશાંત કિશોરે કહ્યું કે બેઠક બાદ બિન-ભાજપ પક્ષોએ એકતા પર જોર આપવાની વાત કરી અને એવો પણ દાવો કર્યો કે વિપક્ષી એકતા જાળવી રાખવામાં આવશે. આના પર પણ પ્રશાંત કિશોરે કટાક્ષ કરતા કહ્યું કે જો વિપક્ષી એકતા એકસાથે પ્રેસ વાટાઘાટો કરીને થવાની હોત તો તે 10 વર્ષ પહેલા થઈ ગયું હોત. જો નેતાઓ એકબીજામાં ભેગા થાય તો વિપક્ષી એકતા ન બની શકે. મેં પણ આ ક્ષેત્રમાં 8 થી 10 વર્ષ કામ કર્યું છે. તમે મમતા બેનર્જીને મળ્યા અને મમતા બેનર્જીએ નિવેદન બહાર પાડ્યું, તમે નિવેદન બહાર પાડ્યું, જનતા પર તેની શું અસર થઈ? સમાજના લોકો પર શું અસર પડી? એવું નથી કે મમતા બેનર્જીએ કોંગ્રેસને કહ્યું છે કે તેઓ તેમને પશ્ચિમ બંગાળમાં લડવા માટે જગ્યા આપશે.

### દુલ્હા-દુલ્હન..

તેની પત્ની ડોલી અને મામી પર પણ જીવલેણ હુમલો કર્યો હતો બંનેની હાલત ગંભીર છે. આ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ શિવવીરે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાસ્થળે લોકોની ભારે ભીડ જામી છે. પોલીસનું કહેવું છે કે હત્યાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જ્યારે બે ગંભીર રીતે ઘાયલ મહિલાઓ પોતાનું નિવેદન આપવાની સ્થિતિમાં આવશે ત્યારે કેટલીક માહિતી મળી શકશે. આ ઉપરાંત પોલીસે અન્ય લોકોની પૂછપરછ શરૂ કરી છે.

### પીએમ મોદી...

ધકેલી દેવામાં આવે છે. જો આ દેશને બચાવવો હશે તો સાથે રહેવું પડશે. આજે આપણી કુસ્તીબાજ છોકરીઓ જંતર-મંતર પર છે, પણ જેના પર આરોપ છે તે છૂટથી ફરે છે. મહેબૂબા મુફ્તીએ કહ્યું કે ઉદ્ધવ ઠાકરે અને હું સાથે બેઠા હતા ત્યારે અમારી વચ્ચે ઘણા મતભેદ છે, પરંતુ તેમની અને મારી વચ્ચે ઘણો તફાવત છે. ઉલ્લેખનીય છે કે, સરકારને હરાવવા વિપક્ષો એક જુટ થઈ ગયા છે. આગામી દિવસોમાં મિટીંગોનો દોર શરૂ થશે.

અનુસંધાન પેજ 10 પરથી...

### વડાપ્રધાને મહામહેનતે...

તેના નશીબ પર બચાવવા માટે છોડી દેવામાં આવ્યું છે. શું કોઈ સાંભળે છે?"

હિંસાની આ ઘટનાઓ વચ્ચે એક પત્ર સામે આવ્યો છે જેમાં વિરોધ પક્ષોએ રાજ્યની સ્થિતિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગ્યો હતો. આ પત્ર 10 જૂનનો છે. તેમાં લખ્યું છે કે 9 જૂને 10 રાજકીય પક્ષોએ મણિપુરની સ્થિતિ પર બેઠક યોજી હતી. રાજ્યમાં શાંતિપૂર્ણ વાતાવરણ સર્જાય તે માટે વડાપ્રધાન સાથેની બેઠકની માંગ કરવામાં આવી હતી.

મણિપુર હાઈકોર્ટના આદેશ બાદ રાજ્યમાં સમગ્ર હંગામો શરૂ થયો હતો. કોર્ટે રાજ્ય સરકારને મૈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિમાં સામેલ કરવાની ભલામણને પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. મૈતેઈ સમુદાય લાંબા સમયથી આની માંગ કરી રહ્યો હતો. મૈતેઈ અને કુકી વચ્ચે ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં 100 થી વધુ લોકોના મોત થયા છે. 11 જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે અને ઈન્ટરનેટ સેવા બંધ છે. નોંધનીય તાજેતરમાં મણિપુરમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. પરિણામ 10 માર્ચે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યની 60 વિધાનસભા બેઠકોમાંથી ભાજપે 32 બેઠકો જીતી છે. પરંતુ પરિણામ આવ્યાના ઘણા દિવસો સુધી મુખ્યમંત્રીની જાહેરાત કરવામાં આવી ન હતી. જેના કારણે એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે ભાજપ આ વખતે બીજાને મુખ્યમંત્રી બનાવી શકે છે. જોકે એન બિરેન સિંહ આ પદ માટે મુખ્ય દાવેદાર હતા, પરંતુ બે વખતના ધારાસભ્ય અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી ટીએચ વિશ્વજીત સિંહ પણ રેસમાં હતા. જો કે નવી સરકાર રચાયાના કેટલાક દિવસો બાદ હાઈકોર્ટનો એક ચુકાદો આવ્યો અને સરકારે તે અંગે કોઈ ખુલાસો ન કરતાં આદિવાસી શ્રેણીમાં આવતા કૂકી સમુદાયને એમ લાગ્યું કે રાજ્ય સરકાર મૈતેઈને આદિવાસી સમાજા આરક્ષણનો લાભ આપવા માંગે છે. અને અમારામાંથી હિસ્સો લઈ લેશે એમ માનીની હિંસા શરૂ કરી હોવાનું મનાય છે. કાયદા નિષ્ણાતોનું માનવુ છે કે વાસ્તવમાં રાજ્ય સરકારને આવી અનામત આપવાની સત્તા કે જોગવાઈ જ નથી તેથી સરકારે કોર્ટના ચુકાદાના પગલે ખુલાસો કર્યો હોત તો હિંસા ન ભડકી હોત. પરંતુ તેના બદલે મૌન સેવ્યું અને તેમાંથી ભડકો થયો છે.

# ભારતની વાયુસેના થશે મજબૂત: હવે દેશમાં જ થશે ફાઈટર જેટ એન્જિનનું ઉત્પાદન

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હાલ અમેરિકા પ્રવાસ પુરજોશમાં ચાલી રહ્યો છે. આ સાથે જ અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર પણ થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ આ સંદર્ભમાં હવે ભારતને એક શક્તિશાળી અને ઘાતક જેટ એન્જિન મળવા જઈ રહ્યું છે. વાસ્તવમાં અમેરિકાની GE એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) વચ્ચે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ ડીલ હેઠળ GE એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ફાઈટર જેટ એન્જિનનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત GE એરોસ્પેસના અત્યાધુનિક F414 એન્જિનોનું પણ સંયુક્ત રીતે ઉત્પાદન હાથ ધરવામાં આવનાર છે.

આવી સ્થિતિમાં ભારતીય વાયુસેનાને આ ડીલથી નવી તાકાત મળશે એમાં કોઈ જ બેમત નથી. ઉપરાંત ભારતીય વાયુસેના ટેકનિકલ દ્રષ્ટિએ વધુ મજબૂત બનશે. મહત્વની અને મોટી વાત એ છે કે જે F414 એન્જિનની વાત કરવામાં આવી રહી છે તે છેલ્લા ત્રીસ વર્ષથી યુએસ નેવીનો મહત્વનો ભાગ બની રહ્યો છે.



જે ફ્લાઈટ જેટમાં આ એન્જિન લગાવવામાં આવ્યું છે, તેણે અત્યાર સુધીમાં 50 લાખ કલાકથી વધુ ઉડાન ભરી છે. એટલે કે આ અંતર વધુ છે. ઉપરાંત આ જેટની શક્તિ પણ વધુ છે. આમાં વાપરવામાં આવેલી ટેક્નોલોજી પણ ઘણી નવી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

GE એરોસ્પેસે આજે જાહેરાત કરી હતી કે તેણે ભારતીય વાયુસેના માટે ફાઈટર જેટ એન્જિનનું ઉત્પાદન કરવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા છે. જે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સંયુક્ત રાજ્યની સત્તાવાર મુલાકાત વચ્ચે એક મુખ્ય સીમાચિહ્નરૂપ બની રહ્યું છે.

આ જેટ એન્જિનની ખાસિયત વિશે વાત કરીએ તો ખાસ વાત એ છે કે તે એક સમયે ૯૮ કિલોન્યુટન પાવર જનરેટ કરી શકે છે. આ સિવાય તેમાં એવી કૂલિંગ સિસ્ટમ છે, જેના કારણે એન્જિન લાંબા સમય સુધી મજબૂત અને સારું રહી શકે છે. ઉલ્લેખનીય છે કે આવી સ્થિતિમાં ભારતને આ ડીલનો ખૂબ જ ફાયદો થવાનો છે.

એચ. લોરેન્સ કલ્પ, જુનિયર, જીઈના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને જીઈ એરોસ્પેસના સીઈઓએ જણાવ્યું હતું કે,"ભારત અને એચએએલ સાથેની અમારી લાંબા ગાળાની ભાગીદારીને કારણે આ એક ઐતિહાસિક કરાર થયો છે." તેમણે આ બાબતે ઉમેર્યું હતું કે, "અમને રાષ્ટ્રપતિ બિડેન અને વડા પ્રધાન મોદીના બંને રાષ્ટ્રો વચ્ચે ગાઢ મૈત્રીના વિઝનને આગળ વધારવામાં ભૂમિકા ભજવવા બદલ ગર્વ છે. અમારા F414 એન્જિનો બંને દેશો માટે મહત્વપૂર્ણ આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા લાભ પ્રદાન કરશે. કારણ કે અમે અમારા ખરીદદારોને તેમના સૈન્ય કાફલાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા એન્જિનોનું ઉત્પાદન કરવામાં મદદ કરીએ છીએ."

# વધુ એક કંપનીના કર્મીઓ માથે લટકતી તલવાર, હજારોને કંપની કરશે બહાર!

ગુજરાત | વંદન

ઓટો ક્ષેત્રની કંપની ફોર્ડ મોટર્સ છટણીના નવા રાઉન્ડની તૈયારી કરી રહી છે. આ વખતે કંપની અમેરિકામાં પગારદાર કર્મચારીઓને કાઢી મુકવામાં આવી શકે છે. એક રિપોર્ટ અનુસાર હજારો કર્મચારીઓ તેમની નોકરી ગુમાવી શકે છે. ગયા વર્ષે માર્ચમાં, કંપનીએ તેના ગેસ સંચાલિત વાહન એકમમાં $3 બિલિયન સુધીના માળખાકીય ખર્ચમાં ઘટાડો કરવાની યોજના જાહેર કરી હતી.

અહેવાલ મુજબ, ઓગસ્ટમાં ફોર્ડે જણાવ્યું હતું કે તે કુલ 3,000 કાયમી અને કરારની નોકરીઓમાં ઘટાડો કરશે, ઉત્તર અમેરિકા અને ભારતમાં મોટાભાગના




કર્મચારીઓની છટણી કરવામાં આવશે. આ છટણી ઘણા વિભાગોમાંથી કરવામાં આવશે. ફોર્ડે તરત જ રોઈટર્સના સવાલનો જવાબ આપ્યો ન હતો.

છટણીનો નવો રાઉન્ડ ડેટ્રોઈટ ઓટોમેકરના ગેસ, ઈલેક્ટ્રિક-વ્હીકલ અને સોફ્ટવેર વિભાગના કર્મચારીઓ માટે હોઈ શકે છે. જો કે કેટલા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી બહાર આવી નથી.

ફોર્ડે વ્યવસાયને યોગ્ય રીતે ચલાવવા માટે છટણીની તૈયારી કરી છે. ઓટોમેકરનું પગલું તેના સાથીદારો સ્ટેલેન્ટિસ NV અને જનરલ મોટર્સ (GM.N) સાથે વાત કર્યા બાદ લીધું છે. આ પહેલી કંપની નથી જે છૂટા કરી રહી છે. આ પહેલા પણ ઘણી કંપનીઓમાંથી કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. વૈશ્વિક સ્તરે ઘણી કંપનીઓએ કર્મચારીઓને કાઢી મૂક્યા છે. લાખો કર્મચારીઓએ તેમની નોકરી ગુમાવી છે. એક રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે 739 ટેક કંપનીઓએ 210269 કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો છે. જેમાં એમેઝોન, માઈક્રોસોફ્ટથી લઈને ફેસબુક, ટ્વિટર સહિતની ઘણી કંપનીઓ સામેલ છે.

## IT વિભાગ 15 વીમા કંપનીઓનું GST ઓડિટ કરાવશે

# નકલી બિલ બતાવીને ઇનપુટ ટેક્સ ક્રેડિટ અને કમિશનના નામે ટેક્સ ચોરીનો આરોપ

ગુજરાત | વંદન

દેશની લગભગ ટોચની તમામ વીમા કંપનીઓને ટૂંક સમયમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઓડિટમાંથી પસાર થવું પડી શકે છે. ટેક્સ સત્તાધીશો વીમા કંપનીઓની વ્યાપાર પ્રથાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવા માંગે છે. આ સાથે તપાસ કરવામાં આવશે કે કંપનીઓ ટેક્સમાં ગેરરીતિ આચરે છે કે નહિ. ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ ૧૫ વીમા કંપનીઓ અને તેમના મધ્યસ્થીઓની બોગસ બિલો ઊભા કરવા અને ઈનપુટ ટેક્સ ક્રેડિટનો ગેરકાયદેસર દાવો કરવા માટે તપાસ કરી રહી છે. અત્યાર સુધી તમામ વીમા કંપનીઓ અને




સંબંધિત વચેટિયાઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે અને તેમને કારણ બતાવો નોટિસ મોકલવાની તૈયારી ચાલી રહી છે.

અનેક કંપનીઓ પર નકલી બિલ બતાવીને ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવાનો આરોપ છે. આ કંપનીઓએ તેમના વચેટિયાઓ અને અન્ય મિકેનિઝમનો ઉપયોગ કરીને સામાન અને સેવાઓની સપ્લાય કર્યા વિના જ નકલી બિલ બનાવ્યા હતા. ટેક્સ અધિકારીઓ આ કથિત કૌભાંડમાં સામેલ કંપનીઓની તપાસ કરી રહ્યા છે.

# એલન મસ્કની મેગા પ્લાનની જાહેરાત: ભારતમાં કોઈ પણ ટાવર વગર ઘરે ઘરે પહોંચાડશે ઈન્ટરનેટ

■ ગ્રામિણ- દૂર અંતરીયાળ વિસ્તારમાં ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે

ગુજરાત | વંદન


ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસ દરમ્યાન Tesla, SpaceX, Twitterના પ્રમુખ એલન મસ્કે તેમની સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ મસ્કે જણાવ્યું કે તે મોદીના ફેન છે. તેણણે કહ્યું હતું કે, ભારતમાં એક ઈન્ટરનેટ ટેક્નોલોજી સ્ટારલિંક લાવવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. તેને લઈને તેમણે કહ્યું કે આ ટેક્નોલોજી ભારતના ગ્રામીણ અને દૂરના વિસ્તારમાં સારી ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપશે.



આ બેઠક બાદ મસ્કે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતમાં આવવા માટે કહ્યું છે અને તે આવતા વર્ષે ભારત આવી રહ્યા છે. આ સમયે તે ભારતમાં સ્ટારલિંક અને ટેસ્લાને લઈને વાતચીત કરશે. ભારતમાં સ્ટારલિંક સર્વિસ લાવવા પર મસ્કે કહ્યું, આ ગ્રામીણ અને બીજા દૂરના વિસ્તારમાં ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ તે વિસ્તારોમાં ઈન્ટરનેટ સ્પીડ પહોંચાવશે. જ્યાં તેમની કવરેજ હજુ સુધી નથી પહોંચી.

નોંધનીય છે કે, સ્ટારલિંગ એક સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ છે. જે ડાયરેક્ટ સેટેલાઈટથી લોકોને ઈન્ટરનેટ પ્રોવાઈડ કરે છે. આ સ્પેસએક્સ નામની કંપનીએ લોન્ચ કરી છે. તેનું નેટવર્ક તૈયાર કરવા માટે કંપનીએ 2018માં સેટેલાઈટ લોન્ચ કરવાની શરૂઆત કરી હતી.

# કોટક મહિન્દ્રા બેંકના બે એકમો દ્વારા રતનઈન્ડિયા પાવરમાં 732 કરોડનું રોકાણ




ગુજરાત | વંદન

કોટક મહિન્દ્રા બેંકે શુક્રવારે જણાવ્યું હતું કે તેના બે એકમોએ દેવું ચુકવણી ખર્ચમાં મદદ કરવા માટે રતન ઈન્ડિયા પાવર લિમિટેડ (RIPL) માં રૂ. 732 કરોડનું રોકાણ કર્યું છે. કોટક સ્ટ્રેટેજિક સિચ્યુએશન્સ ઈન્ડિયા ફંડ-2 (KSSF) રૂ. 582 કરોડ અને કોટક પ્રાઈવેટ ક્રેડિટ ફંડ (KPCF) રૂ. 150 કરોડનું રોકાણ રતન ઈન્ડિયા પાવર લિમિટેડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચરમાં કરશે, એમ બેંકના નિવેદનમાં જણાવાયું છે. આ રોકાણ ધિરાણકર્તાઓના જૂથ દ્વારા કરવામાં આવી રહેલા રૂ. 1,125 કરોડના કુલ રોકાણનો એક ભાગ છે. આનો ઉપયોગ લોનના રિફાઈનાન્સિંગ માટે કરવામાં આવશે. મે મહિનામાં, એક મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે રત્નઈન્ડિયા ફાઈનાન્સિંગ માટે કોટક મહિન્દ્રા બેંક સાથે વાટાઘાટ કરી રહી છે, જે સેવા ખર્ચમાં 7-8 ટકાનો ઘટાડો લાવી શકે છે.

# ફિચે ભારતની GDP વૃદ્ધિનું અનુમાન વધારીને 6.3% કર્યું

■ રેટિંગ એજન્સીએ કહ્યું - ભારતીય અર્થતંત્ર વ્યાપક રીતે મજબૂત

ગુજરાત | વંદન

રેટિંગ એજન્સી ફિચે ચાલુ નાણાકીય વર્ષ 2023-24 માટે ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ગ્રોથનું અનુમાન વધારીને 6.3 ટકા કર્યું છે. આ પહેલા ફિચે ભારતનો વિકાસ દર છ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યો હતો.

રેટિંગ એજન્સી ફિચે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં વધુ સારા વિકાસ દરની પાછળ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનને અપગ્રેડ કર્યું છે. ગયા નાણાકીય વર્ષ 2022-23માં ભારતનો વિકાસ દર 7.2 ટકા હતો. તે જ સમયે, 2021-22માં દેશની અર્થવ્યવસ્થા




9.1 ટકાના દરે વૃદ્ધિ પામી હતી.

રેટિંગ એજન્સીએ ગુરુવારે કહ્યું, "ભારતીય અર્થવ્યવસ્થા વ્યાપક રીતે મજબૂત છે. 2023 ના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) માં, તે 6.1 ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ પામ્યો હતો. તાજેતરના મહિનાઓમાં વાહનોના વેચાણના આંકડા સારા રહ્યા છે.

આ ઉપરાંત પીએમઆઈ સર્વે અને ક્રેડિટ ગ્રોથ પણ મજબૂત રહી છે. આના કારણે અમે ચાલુ નાણાકીય વર્ષ માટે વિકાસ દરનો અંદાજ 0.3 ટકા વધારીને 6.3 ટકા કર્યો છે.

નોંધનીય છે કે, આ પહેલા માર્ચની શરૂઆતમાં, ફિચે ઊંચો ફુગાવો અને ઊંચા વ્યાજ દરો અને નબળી વૈશ્વિક માંગને ધ્યાનમાં રાખીને 2023-24 માટે ભારતની વૃદ્ધિનું અનુમાન 6.2 ટકાથી ઘટાડીને 6 ટકા કર્યું હતું.

# ડેટા સેન્ટરના નિર્માણ માટે અદાણી $213 મિલીયનનું ધિરાણ મેળવશે

■ 67 મેગાવોટની કુલ ક્ષમતાવાળા બે ડેટા સેન્ટરોને ધિરાણ મળશે

ગુજરાત | વંદન

અદાણી કોનેક્ષ એ તેના નિર્માણાધીન ડેટા સેન્ટર એસેટના પોર્ટફોલિયો માટે યુએસડી 213 મિલિયનનું માતબર ધિરાણ મેળવવા સાથે ફાઈનાન્સિંગ ફ્રેમવર્કમાં પ્રવેશ કરીને પોતાની સૌ પ્રથમ બાંધકામ સુવિધા મારફત ફાયનાન્સિયલ ક્લોઝર હાંસલ કર્યું છે.આ ટાઈ-અપ સુવિધા 67 મેગાવોટની કુલ ક્ષમતાવાળા બે ડેટા સેન્ટરોને ધિરાણ કરશે જેમાં ચેન્નઈ-1 કેમ્પસના પ્રથમ તબક્કાના 17 મેગાવોટ અને 50 મેગાવોટના નોઈડા કેમ્પસનો સમાવેશ થાય છે.

વિશ્વમાં સૌથી ઝડપથી વિકસી રહેલા ડેટા સેન્ટર બજારો પૈકીનું ભારત એક છે અને CRISILના અંદાજ મુજબ ભારતમાં ડેટા સેન્ટરની ક્ષમતા નાણાકીય વર્ષ-22માં 840 મેગાવોટથી નાણાકીય વર્ષ-૨૦૨૫ સુધીમાં બમણી થઈને 1700-1800 મેગાવોટ થવાની ઉજળી ધારણા છે. ભરોસાપાત્ર આઈ.ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા માટે અદાણીકોનેક્ષ ૧ ગીગાવોટનું ગ્રીન ડેટા સેન્ટર પ્લેટફોર્મ બનાવવાના મિશન સાથે મૂડી રોકાણ કરી રહ્યું છે, જે સમગ્ર દેશમાં હાઈપરસ્કેલથી હાઈપરલોકલ ડેટા સેન્ટરમાં રોકાણ દ્વારા સક્ષમ છે.

અદાણી કોનેક્ષના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર જયકુમાર જનકરાજે જણાવ્યું હતું કે, નિર્માણ સુવિધા એ અદાણી કોનેક્ષની મૂડી વ્યવસ્થાપન યોજનાનો ચાવીરુપ ઘટક છે, જે કંપનીને 2030 સુધીમાં 1 ગીગાવોટના વિશ્વસનીય અને ટકાઉ ડેટા સેન્ટરની ક્ષમતાએ સમયસર પહોંચાડવાનો માર્ગ પૂરો પાડે છે. આ સિદ્ધિ કંપનીની પરિવર્તનશીલ પહેલને વિકસાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

અદાણીકોનેક્ષ કંપનીના બોર્ડમાં અદાણીના પ્રતિનિધિ ડિરેક્ટ અનિલ સરદાનાએ જણાવ્યું હતું કે, અમે સમગ્ર ભારતમાં ડેટા સેન્ટરનું પ્લેટફોર્મ પહોંચાડવા માટે સંકલ્પબધ્ધ છીએ. આ સુવિધા કાર્બન ન્યુટરલ ફૂટપ્રિન્ટ તરફ નિશાન તાકીને સ્વચ્છ અને લાંબા ગાળાના રીન્યુએબલ એનર્જીના ઉકેલો વિતરિત કરીને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શક્તિ આપવા માટે એકંદર અમલીકરણ ફિલસૂફીને પ્રોત્સાહિત કરશે.

# 7 વર્ષમાં 4 વખત કેન્દ્રે આ કંપની વેચવા કાઢી, કોઈ લેવાલ જ નહીં

■ હેલિકોપ્ટર સર્વિસ આપનારી સરકારી કંપની પવનહંસને વેચવાનો પ્લાન ફરી અટક્યો

ગુજરાત | વંદન

હેલિકોપ્ટર સર્વિસ આપનારી સરકારી કંપની પવનહંસની વેચાણ પ્રક્રિયા પુરી થઈ શકી નથી. ફરી એકવાર પવનહંસને વેચવાનો પ્લાન અટકી ગયો છે. આ કંપની ખુબ જ નુકસાનનો સામનો કરી રહી છે. આ કારણે જ સરકારે કંપનીમાંથી 50 ટકાથી વધુ હિસ્સો વેંચવાનો નિર્ણય કર્યો છે. જોકે હવે એવા સંકેતો મળી રહ્યા છે કે, આ કંપની વેચવાનો નિર્ણય કેન્દ્ર સરકાર પરત ખેંચી શકે છે.



પવનહંસ કંપનીમાં સરકારનો 51 ટકા જ્યારે ONGCનો 49 ટકા હિસ્સો છે. લાંબાસમયથી નુકસાનમાં ચાલી રહેલી આ કંપનીને 2016માં વેચવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, જોકે તેમાં ચોથી વખત નિષ્ફળતા મળી છે. ઉલ્લેખનિય છે કે, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ઓક્ટોબર 2016માં પવન હંસના વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટને મંજૂરી આપી હતી.

એક રિપોર્ટ મુજબ પવનહંસના વેચાણ માટે બનાવાયેલ આંતર-મંત્રાલય સમૂહ આ વેચાણ ઓફરને પરત ખેંચી શકે છે. એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને રિપોર્ટમાં કહેવાયું છે કે, આગામી સમયમાં આ કંપનીને વેચવાની સંભાવના પણ નહિવત જોવા મળી રહી છે. આ સાથે જ નવી જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ નીતિ અનુસાર કેન્દ્ર કંપનીને બંધ કરવાનો પણ વિચાર કરી શકે છે. આ સપ્તાહેથી સેલ ઓફરને બંધ કરવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે.


# 2024 સુધીમાં 43% કંપનીઓ ઇન્ટરવ્યુ માટે AI નો ઉપયોગ કરશે

■ સર્વે AI આખરે હ્યુમન હાયરિંગ મેનેજરોનું સ્થાન લેશે

ગુજરાત | વંદન

કૃત્રિમ બુદ્ધિ ઝડપથી રોજિંદા જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની રહી છે. યુટિલિટી એપ્સથી લઈને ઈન્ડસ્ટ્રીઝમાં વિવિધ કાર્યોમાં મદદ કરવા સુધી, AI વિશ્વભરમાં સૌથી વધુ ડિમાન્ડમાં આવતી ટેકનોલોજી બની રહી છે. તે એક ચેલેન્જ છે કે AI એ પહેલાથી જ માનવ વ્યાવસાયિકો દ્વારા કરવામાં આવેલા કેટલાક નિર્ણાયક કાર્યોને છીનવી લેવાનું શરૂ કરી દીધું છે. શીખવવું, માહિતી આપવી, યુઝર્સને મૂવી ટિકિટ બુક કરવામાં મદદ કરવી, એવું કંઈ નથી જે AI ન કરી શકે. અને, હવે એવું લાગે છે કે AI હાયરિંગ મેનેજરને બદલે નોકરીના ઈન્ટરવ્યુ માટે બેસે તે દિવસ દૂર નથી.

રિઝ્યુમ બિલ્ડર, નોકરી શોધનારાઓ માટે એક લોકપ્રિય સોર્સ, તાજેતરમાં એક સર્વે



પ્રકાશિત કરે છે જેમાં જણાવાયું હતું કે લગભગ 43 ટકા કંપનીઓ 2024 સુધીમાં નોકરીના ઈન્ટરવ્યુ લેવા માટે AI લાગુ કરવાની યોજના ધરાવે છે.ભરતી પ્રક્રિયામાં આમાંથી લગભગ 15 ટકા સમગ્ર AI પર સંપૂર્ણ આધાર રાખશે. આ સર્વે 1000થી વધુ કર્મચારીઓ પર કરવામાં આવ્યો હતો.સર્વે અનુસાર, જૂથના બે તૃતીયાંશ લોકો માને છે કે AI ઈન્ટરવ્યુ ભરતીની કાર્યક્ષમતા વધારશે. 15 ટકા લોકોએ કહ્યું કે AI નો ઉપયોગ કોઈપણ માનવીય હસ્તક્ષેપ વિના ઉમેદવારો પર નિર્ણય લેવા માટે કરવામાં આવશે. આ ઉપરાંત, 50 ટકાથી વધુ સહભાગીઓ માને છે કે AI આખરે હ્યુમન હાયરિંગ મેનેજરોનું સ્થાન લેશે. જો કે, લગભગ 32 ટકા રિસ્પોન્ડટએ જણાવ્યું હતું કે તેમની કંપની ઈન્ટરવ્યુ માટે AI ને જમાવવાની કોઈ યોજના નથી. તેમના પ્રતિસાદોમાં સમાવેશ થાય છે, સંભવિત ઉમેદવારો સાથે સીધી ક્રિયાપ્રતિક્રિયા કરવાની પસંદગી, AI ઈન્ટરવ્યુમાં ખર્ચ-અસરકારકતાનો અભાવ, અને માન્યતા કે ત્યાં ઘણા બધા અજાણ્યા પરિણામો અને જોખમો છે.

ઉપરાંત, આ કેટેગરીના ઘણા રિસ્પોન્ડટએ જોબ ઈન્ટરવ્યુ માટે AI ટૂલ્સ વિશે તેમની જાગૃતિનો અભાવ વ્યક્ત કર્યો હતો.43 ટકા સહભાગીઓ કે જેમણે કહ્યું હતું કે તેમની કંપની 2024 માં ઈન્ટરવ્યુ માટે AI નો ઉપયોગ કરશે, લગભગ 85 ટકાએ કહ્યું કે AI સોફ્ટવેર ઉમેદવારો પર ભલામણો પ્રદાન કરશે, પરંતુ અંતિમ નિર્ણય માનવીઓ લેશે. જ્યારે પૂછવામાં આવ્યું કે ભરતી પ્રક્રિયામાં AIનો ઉપયોગ ક્યાં કરવામાં આવશે, 65 ટકાએ કહ્યું કે તે પ્રારંભિક સ્ક્રીનિંગ સાધન તરીકે કામ કરશે, 14 ટકાએ કહ્યું કે તે એકમાત્ર પગલું પ્રક્રિયાનું છેલ્લું સ્ટેપ છે, જ્યારે 17 ટકાએ કહ્યું કે AI ઈન્ટરવ્યૂ છે. સહભાગીઓને એ પણ પૂછવામાં આવ્યું હતું કે AI ઉમેદવારોનું મૂલ્યાંકન કેવી રીતે કરશે. એંસી ટકાએ કહ્યું કે તે ચોક્કસ નોકરીની લાયકાતનું મૂલ્યાંકન કરશે.

# સ્વિસ બેંકોમાં ભારતીયોની થાપણોમાં 11%નો ઘટાડો

ગુજરાત | વંદન

અહીં સ્વિસ બેંકોમાં ભારતીયો અને કંપનીઓની જમા રકમમાં ઘટાડો થયો છે. સ્વિસ સેન્ટ્રલ બેંકે ડેટા જાહેર કર્યો છે જે મુજબ 2022માં સ્વિસ બેંકોમાં ભારતીયો અને ભારતીય કંપનીઓનું ભંડોળ 11 ટકા ઘટીને 3.42 અબજ સ્વિસ ફ્રેંક (રૂ. 30,000 કરોડ) થવાની ધારણા છે.

અહીં ભારતીય લોકો અને કંપનીઓ સ્વિસ બેંકોમાં પૈસા જમા કરાવે છે. કેટલાક લોકો ભારતમાં સ્થિત સ્વિસ બેંકોની શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા પણ સ્વિસ બેંકોમાં નાણાં જમા કરાવે છે. આ સત્તાવાર આંકડો છે જે બેંકો દ્વારા બેંકોની સ્વિત્ઝર્લેન્ડ સેન્ટ્રલ બેંકને આપવામાં આવેલા ડેટાના આધારે જાહેર કરવામાં આવ્યો છે. જોકે, તેમાં ભારતીયોએ સ્વિસ બેંકોમાં જમા કરેલા કાળા નાણાંનો આંકડો સામેલ નથી. આ આંકડાઓમાં ભારતીયો, એનઆરઆઈ અથવા અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ત્રીજા દેશોમાં સ્થિત સંસ્થાઓના નામે સ્વિસ બેંકોમાં જમા કરાયેલા નાણાંનો ઉલ્લેખ નથી.

સ્વિટ્ઝર્લેન્ડ સેન્ટ્રલ બેંકના જણાવ્યા અનુસાર, 2022 ના અંત સુધીમાં સ્વિસ બેંકો પર 3.42




અબજ સ્વિસ ફ્રેંક બાકી છે, જેને કુલ જવાબદારી તરીકે ઓળખવામાં આવે છે. 2006માં, ભારતીયોએ સ્વિસ બેંકોમાં રેકોર્ડ 6.5 અબજ સ્વિસ ફ્રેંક જમા કરાવ્યા હતા, ત્યારબાદ ભારતીયોની થાપણોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ જમ્પ 2011, 2013, 2017, 2020 અને 2021માં જ જોવા મળ્યો હતો. સ્વિસ સત્તાવાળાઓનું માનવું છે કે સ્વિસ બેંકોમાં ભારતીયો દ્વારા જમા કરવામાં આવેલી રકમને કાળું નાણું કહી શકાય નહીં. તેઓ કહે છે કે તેઓ ટેક્સ છેતરપિંડી અને કરચોરી રોકવામાં ભારતને સતત સહકાર આપી રહ્યા છે. 2018 થી, ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે ટેક્સ બાબતોને લગતી સ્વચાલિત માહિતી શેરિંગ પરની સંધિ અમલમાં આવી છે. આ નિયમ હેઠળ, સપ્ટેમ્બર 2019 માં, 2018 થી સ્વિક બેંકોમાં ખાતા ધરાવતા તમામ ભારતીયો, તેમની માહિતી ભારતના ટેક્સ ઓથોરિટી સાથે શેર કરવામાં આવી હતી અને હવે તે દર વર્ષે શેર કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા પુરાવા આપ્યા બાદ સ્વિસ ઓથોરિટી આવા લોકોની વિગતો શેર કરી રહી છે જેઓ નાણાકીય છેતરપિંડીઓમાં સામેલ છે.

# મોબાઈલ સ્પીડમાં ભારત ત્રણ ક્રમ વધીને 56મા સ્થાને પહોંચ્યું

ગુજરાત | વંદન

ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ અનુસાર મે મહિનામાં ભારતે મોબાઈલ સ્પીડમાં વૈશ્વિક સ્તરે ત્રણ ક્રમ ચઢીને ૫૬મું સ્થાન મેળવ્યું હતું, જે અગાઉના મહિનામાં ૫૯મું હતું.

ભારતમાં સરેરાશ મોબાઈલ ડાઉનલોડ સ્પીડ મે મહિનામાં વધીને ૩૯.૯૪ એમબીપીએસ થઈ ગઈ છે, જે એપ્રિલમાં ૩૬.૭૮ એમબીપીએસ હતી. ઓકલાનો સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ સમગ્ર




વિશ્વમાંથી મોબાઈલ અને ફિક્સ્ડ બ્રૉડબેન્ડ સ્પીડને દર મહિને રેન્ક આપે છે.

સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સના અહેવાલ મુજબ, મે મહિનામાં ભારતે વૈશ્વિક સ્તરે સરેરાશ મોબાઈલ ઝડપમાં ત્રણ ક્રમ ઉપર ચઢી, એકંદર વૈશ્વિક મધ્ય મોબાઈલ ગતિમાં સતત સુધારો કર્યો.

મધ્યમ નિશ્ચિત બ્રૉડબેન્ડ સ્પીડ પર, ભારત વૈશ્વિક રેન્કિંગમાં એપ્રિલમાં ૮૩થી મે મહિનામાં ૮૪માં એક સ્થાન નીચે આવી ગયું છે એમ ઓકલાએ જણાવ્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# આખી રાત પાણીમાં પલાળેલા આ પાવરફુલ ડ્રાયફ્રુટ ખાવ, ડાયાબિટીસથી લઇને કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં રહેશે



કાજુ સ્વાદ અને પોષક તત્વોનો ખજાનો ગણાય છે. તેને વિશ્વમાં સૌથી વધુ ખાવામાં આવતું ડ્રાયફ્રુટ ગણી શકાય. કાજુને ઘણી શાકભાજી અને મીઠાઈઓમાં નાખવામાં આવે છે, જેથી તેનો સ્વાદ વધારી શકાય. કાજુ ખાવામાં જેટલા ટેસ્ટી છે તેટલા જ તે સ્વાસ્થ્ય માટે પણ વધુ ફાયદાકારક છે.જો કાજુને આખી રાત પાણીમાં પલાળી રાખો અને સવારે ઉઠ્યા પછી તેનું સેવન કરવામાં આવે તો આ ડ્રાય ફ્રુટ તમારા શરીરને તાકાતથી ભરી દેશે અને રોગોનો ખતરો દૂર કરશે. આજે અમે તમને કાજુના 5 કમાલના ફાયદાઓ વિશે જણાવી રહ્યા છીએ.

**પોષક તત્વોનો છે ભંડાર** | કાજુને પોષક તત્વોનું પાવર હાઉસ કહી શકાય. કાજુમાં વિટામિન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, હેલ્ધી ફેટ સહિતના ઘણા પોષક તત્વો મળી આવે છે, જે શરીર માટે ખૂબ જ જરૂરી છે. વેબએમડીના રિપોર્ટ અનુસાર, 30 ગ્રામ કાજુમાં 165 કેલરી હોય છે. પ્રોટીન 4 ગ્રામ, ફેટ 14 ગ્રામ, કાર્બોહાઈડ્રેટ 9 ગ્રામ, ફાઈબર 1 ગ્રામ અને શુગર 1 ગ્રામ છે. તેમાં મેગ્નેશિયમ, ઝિંક, ફોસ્ફરસ સહિત ઘણા સ્વાસ્થ્યવર્ધક તત્વો હોય છે.

**કોલેસ્ટ્રોલ ઓછું કરે** | કાજુનું ઓછી માત્રામાં નિયમિત સેવન બેડ કોલેસ્ટ્રોલને ઘટાડવામાં અમુક અંશે મદદ કરી શકે છે. આ વાત એક રિસર્ચમાં સામે આવી છે. કાજુમાં મોટાભાગનું ફેટ સ્ટીઅરિક એસિડમાંથી આવે છે, જે બ્લડ કોલેસ્ટ્રોલ પર ન્યૂટ્રલ ઈમ્પેક્ટ કરે છે. દરરોજ કાજુનું સેવન કરવાથી કોલેસ્ટ્રોલની સમસ્યામાં રાહત મળે છે. જો કે, કાજુમાં કેલરી વધુ હોય છે અને તેનું સેવન ઓછી માત્રામાં કરવું જોઈએ.

**હાર્ટ ડિસિઝનું જોખમ ઘટાડે છે** | એલડીએલ કોલેસ્ટ્રોલ ઘટાડવા ઉપરાંત કાજુ હાર્ટ હેલ્થને સુધારવામાં મદદ કરે છે. કાજુમાં મેગ્નેશિયમનું પ્રમાણ વધુ હોય છે, જેના કારણે તે હાર્ટ ડિસીઝને રોકવામાં મદદ કરે છે. પર્યાપ્ત મેગ્નેશિયમનું સેવન ઈસ્કેમિક હાર્ટ ડિસિઝનું જોખમ ઘટાડી શકે છે, જે મોટાભાગે ત્યારે થાય છે જ્યારે હૃદયને પૂરતું લોહી મળતું નથી.

**સ્ટ્રોકનું જોખમ ઘટાડે** | કાજુમાં રહેલુ મેગ્નેશિયમ સ્ટ્રોકના જોખમને ઘટાડવામાં મદદ કરી શકે છે. સ્ટ્રોક એ જીવલેણ સ્થિતિ છે, જેમાં લોકોના મગજમાં પૂરતા પ્રમાણમાં લોહી પહોંચતું નથી અને સેલ્સ ડેમેજ થવા લાગે છે. જેના કારણે લોકોને લકવો થઈ જાય છે અને તેમનું અડધું શરીર કામ કરવાનું બંધ કરી દે છે. સ્ટ્રોકથી દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે.

**ડાયાબિટીસ થાય છે કંટ્રોલ** | ખાસ વાત એ છે કે ડાયાબિટીસના દર્દીઓ પણ કાજુનું સેવન કરી શકે છે. કાજુમાં કાર્બોહાઈડ્રેટ ઓછું હોય છે, ખાસ કરીને અન્ય સામાન્ય નાસ્તાની સરખામણીમાં તેની માત્રા ઘણી ઓછી હોય છે. તે બ્લડ સુગર પર વધુ અસર કરતું નથી, જે ટાઈપ 2 ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. ઘણા રિસર્ચમાં એ વાત પણ સામે આવી છે કે કાજુ ખાવાથી ડાયાબિટીસનું જોખમ ઓછું થઈ શકે છે.

# ત્વચા માટે પણ ચમત્કારી છે સુકી ખજૂર, આ રીતે ઘરે બનાવો સુકી ખજૂરનો ફેસ પેક



જો તમે ત્વચાને નિખારવા માંગો છો, તો તમે સૂકી ખજૂરનો પણ ઉપયોગ કરી શકો છો, સૂકી ખજૂરની મદદથી તમે ચહેરા પરની ચમક વધારી શકો છો, તે સ્વાસ્થ્યની સાથે-સાથે ચહેરા પરની ચમક પણ જાળવી રાખે છે.

**સ્ક્રબ કેવી રીતે બનાવવું** | જો તમારે સૂકી ખજૂરનું સ્ક્રબ બનાવવું હોય તો તમારે પહેલા ચારથી પાંચ સૂકી ખજૂરને એક કપ દૂધમાં આખી રાત પલાળી રાખવાની છે, પછી તેને સૂકવીને સવારે તેને બારીક પીસી લેવી અને ત્યાર બાદ તેની પેસ્ટમાં મધ ઉમેરીને લગાવો. તેમાં સોજી મિક્સ કરો અને બે મિનિટ સુધી સ્ક્રબ કરો અને પછી પાણીથી ધોઈ લો.

**ફેસ પેક** | જો તમારે ફેસ પેક બનાવવો હોય તો આઠ સૂકી ખજૂરને એક કપ દૂધમાં આખી રાત પલાળી રાખો અને પછી તેને પીસીને સ્મૂધ પેસ્ટ બનાવો, પછી આ પેસ્ટમાં એક ચમચી મલાઈ ઉમેરો અને એક ચમચી લેમન જ્યુસ મિક્સ કરો, પછી ફેસ પેક લગાવો. સુકાઈ ગયા પછી તેને પાણીથી ધોઈ લો.

**હેયર પેક** | જો તમે તમારા વાળમાં સૂકી ખજૂરનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યા છો, તો તેના માટે દસ સૂકી ખજૂરને પાણીમાં નાંખો અને તેને સારી રીતે ઉકાળો, પછી પાણીને ઠંડુ થવા દો અને ઠંડા થયા પછી તમારા વાળ ધોઈ લો, આમ કરવાથી તમારા વાળમાં ચમક આવશે. આ પછી તમે શેમ્પૂ પણ કરી શકો છો.

## 5 ફાયદાઓ તમને કરી દેશે આશ્ચર્યચકિત

# સવારે ખાલી પેટ આ મસાલાનું પીવો પાણી, પેટની ચરબી થશે ગાયબ

તમારા રસોડામાં રાખવામાં આવેલા ઘણા મસાલા સ્વાદ વધારવાની સાથે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક હોય છે. જો આ મસાલાઓનું યોગ્ય રીતે સેવન કરવામાં આવે તો તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. કોથમીર એક એવો જ મસાલો છે. ખાલી પેટે તેનું સેવન કરવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે. તે પાચન તંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે. તે ગેસ, પેટનું ફૂલવું જેવી સમસ્યાઓમાં રાહત આપે છે. તેનો ઉપયોગ ત્વચાને સ્વસ્થ બનાવે છે. આજે અમે તમને ખાલી પેટ પર કોથમીરનું પાણી પીવાના ફાયદા જણાવીએ છીએ.





**1. બ્લડ શુગરને કંટ્રોલ કરશે:** હેલ્થલાઈનમાં પ્રકાશિત એક સમાચાર અનુસાર ખાલી પેટે ધાણાનું પાણી પીવું ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં ઘણા એવા તત્વો હોય છે, જે ડાયાબિટીસને કંટ્રોલ કરે છે. બ્લડ સુગરના દર્દીઓએ દરરોજ ધાણાના પાણીનું સેવન કરવું જોઈએ.

**2. રોગપ્રતિકારક શક્તિમાં વધારો:** ધાણામાં ઘણા પ્રકારના એન્ટીઓક્સીડેન્ટ જોવા મળે છે. તેના ઉપયોગથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. તે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. વિટામિન એ અને વિટામિન સી ઉપરાંત, ધાણા પાવડરમાં અન્ય ઘણા પોષક તત્વો પણ હાજર છે. તેના ઉપયોગથી શરદી, ઉધરસ અને તાવમાં રાહત મળે છે.

**3. હૃદયને સ્વસ્થ બનાવશે:** ધાણાના પાણીનું નિયમિત સેવન હૃદયને સ્વસ્થ બનાવે છે. તે હૃદયને મજબૂત બનાવે છે. તેના ઉપયોગથી ખરાબ કોલેસ્ટ્રોલ ઓછું થાય છે. તે હાર્ટ એટેકનું જોખમ ઘટાડે છે. હૃદયને સ્વસ્થ રાખવા માટે દરરોજ ધાણાના પાણીનું સેવન કરી શકાય છે.

**4. વજન નિયંત્રિત કરશે:** ખાલી પેટ ધાણાનું પાણી પીવાથી પાચનતંત્ર મજબૂત થાય છે. તે કબજિયાત, ગેસ, પેટનું ફૂલવું દૂર કરે છે. તેના ઉપયોગથી પેટ સારી રીતે સાફ થાય છે. ધાણાના પાણીનું સેવન પેટ માટે ખૂબ ફાયદાકારક છે. તે પેટની ચરબીને દૂર કરવામાં મદદરૂપ છે. તેના સેવનથી સ્થૂળતા ઓછી થાય છે.

**5. ત્વચા સુધારે છે:** ધાણાના પાણીનું રોજ સેવન કરવાથી ત્વચા સુધરે છે. ધાણામાં એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી ફંગલ ગુણ હોય છે. જે ત્વચાને સ્વચ્છ અને સ્વસ્થ રાખીને ચમકદાર બનાવે છે.

# ભારતમાં અહીં દિવસે નહીં, રાત્રે આવે છે ફરવાની મજા! વિશ્વમાંથી આવે છે પ્રવાસીઓ

હરવા ફરવાના શોખીનો માટે આ સમાચાર ખુબ મહત્ત્વના છે. ઘણાં લોકોને શિયાળામાં ફરવાનો શોખ હોય તો ઘણાં લોકોને ગરમીમાં ટૂર પર જવાનું પસંદ હોય છે. વળી કેટલાંક લોકો એવા પણ હોય છેકે, તેમને ચોમાસામાં વરસાદની મજા માણવાનં પસંદ હોય છે. પણ આમાંથી મોટાભાગના લોકો એવા જ હોય છેકે, જે હરવા ફરવા માટે દિવસનો સમય પસંદ કરે છે. પણ કેટલાંક એવા પણ હોય છે જેમને રાત્રિ દરમિયાનનો પ્રવાસ વધારે પસંદ આવે છે. એવા લોકો માટે આ જગ્યાઓ છે સ્વર્ગ સમાન. જો તમને દિવસ કરતા રત્રિના સમયે ફરવાનો વધુ શોખ છે તો આ જગ્યા પર તમારે જરૂર જવું જોઈએ. આ સ્થળો તમને એક અલગ જ અનુભવ આપશે. ચાંદની રાતમાં આ સ્થળોની સુંદરતા તમને મંત્રમુગ્ધ કરી દેશે. અહીં નાઈટ આઉટના શોખીન પ્રવાસીઓ દૂર દૂરથી આવે છે. અહીંનો રાત્રિનો નજારો અહીંના આહલાદક મૌસમની મજા માણવા માટે સહેલાણીઓ દોડી આવે છે.



ઉદેપુર

ઉદેપુરના તળાવો અને મહેલો રાત્રે વધુ સુંદર લાગે છે. તેના પર લાગેલી લાઈટો સોને પે સુહાગા જેવુમ કામ કરે છે. મહેલો પર લાગેલી લાઈટ જીલના પાણી પડે છે જેનો નજારો અતિસુંદર છે.



વિક્ટોરિયા મેમોરિયલ

કોલકત્તામાં આવેલું વિક્ટોરિયા મેમોરિયલ રાતના સમયે ખૂબ જોરદાર લાગે છે. વિક્ટોરિયા મેમોરિયલના નિચેના ભાગમાં કરવામાં આવેલી લાઈ સિલવર કલરની હોવાથી મેમોરિયલનો ભાગ જાણે ચાંદીનો બનાવવામાં આવ્યો હોય તેવું લાગે છે. ઉપરના ગુમ્મજ પર કરવામાં આવેલી લીલા રંગની લાઈટ ગુમ્મજને અતિ અદ્ભુત બનાવે છે.




તાજ મહેલ

તાજ મહેલ પ્રેમનું પ્રતિક કહેવા છે. આ તાજ મહેલને દિવસ જોઈને જેટલા આનંદન થાય છે તેના કરતા પણ વધારે આનંદન તેને રાતના સમય જોઈને થાય છે. રાતના સમયે તાજ મહેલ જોવો એ તમારા માટે એક એલગ જ અનુભવ હશે.



મરિન ડ્રાઈવ

મુંબઈમાં મરીન ડ્રાઈવનો નજારો પણ રાત્રે ખૂબ જ ખાસ હોય છે. રાત્રે મુલાકાત લેવા માટે યોગ્ય સ્થળ. દરિયાકિનારાના રસ્તા પાસેનો આ રોડ રાતના સમયે લાઈટિંગમાં ખૂબ અદ્ભુત લાગે છે.



ગોલ્ડન ટેમ્પલ

અમૃતસરના સુવર્ણ મંદિરની સુંદરતા રાત્રે પણ વધી જાય છે. રાત્રે સુવર્ણ મંદિરને રોશનીથી ઝળહળતું જોવું અદ્ભુત છે.

# વધુ પડતો યોગ સ્વાસ્થ્ય માટે છે હાનિકારક! જાણો શું-શું સાવધાનીઓ જરૂરી?



આજના યુગમાં ફિટ રહેવુંએ બાળકોથી લઈને વડીલો સુધી દરેક માટે પડકાર છે. યોગ સ્વસ્થ રહેવાનો એક માર્ગ છે. યોગ દરેક પ્રકારની શારીરિક અને માનસિક સમસ્યાઓનો ઉકેલ આપે છે. જેને અપનાવીને આપણે સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ. પરંતુ યોગ કરતી વખતે અનુશાસનનું પાલન કરવું જોઈએ, નહીં તો તે તમારા માટે નુકસાનકારક બની શકે છે. વધુ પડતા યોગના નુકશાનથી બચવા માટે તમારે કેટલીક સાવચેતી રાખવાની જરૂર છે, જેના વિશે જાણીએ........

## યોગ કરવાથી શરીરમાં શું નુકસાન થઇ શકે છે?

યોગ એ એક કુદરતી શારીરિક અને માનસિક કસરત છે જે શારીરિક સ્થિરતા, તણાવ વ્યવસ્થાપન અને માનસિક શાંતિમાં મદદ કરે છે. યોગ્ય રીતે યોગ કરવાથી સામાન્ય રીતે નુકસાન થતું નથી, પરંતુ સામાન્ય સાવચેતી રાખવી જોઈએ.

1 **જરુરીયાતથી વધારે યોગ ના કરો** | તમારી જાતને કોઈપણ પ્રકારના યોગ કરવા દબાણ ન કરો. શરૂઆતમાં યોગના સરળ આસનો કરો અને પછી જ મુશ્કેલ યોગ કરવાનો પ્રયત્ન કરો. જો તમે કોઈપણ બળવાળો યોગ કરો છો, તો તે તમારા શરીરને નુકસાન પહોંચાડી શકે છે. શરીરની અંદર કોઈપણ પ્રકારનું દબાણ ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. આસન કરતી વખતે બિનજરૂરી બળનો પ્રયોગ ન કરો. આસનો સરળતાથી કરો, મુશ્કેલીથી નહીં. આસન કર્યા પછી થોડીવાર આરામ કરો.

2 **ઇજા અને ઘા થઇ શકે છે** | ખોટા યોગાસનો, ખોટી રીતે સ્ટ્રેચિંગ કે બિનજરૂરી દબાણ લગાવવાથી ઈજા કે ઈજા ઘા થઇ શકે છે. તેથી, યોગ ગુરુ અથવા અનુભવી પ્રશિક્ષકની સૂચનાઓનું પાલન કરવું મહત્વપૂર્ણ છે. પીરિયડ્સ, પ્રેગ્નન્સી અને ગંભીર બીમારીઓ દરમિયાન યોગ કરવાની ભૂલ ન કરો.

3 **પાચન સમસ્યા** | કેટલાક લોકોને યોગ કરતા પહેલા કે પછી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. આવા લોકોએ યોગ કરતા પહેલા થોડો સમય ખોરાક ન લેવો, હળવો ખોરાક ન લેવો અથવા પાચન સંબંધી દવાઓનો ઉપયોગ ન કરવો.

4 **નાસ્તા બાદ યોગ ના કરો** | ઘણા લોકો સવારે નાસ્તો કર્યા પછી યોગ કરે છે, અન્યથા તેઓ સાંજે યોગ કરે છે, જ્યારે યોગ કરતા પહેલા ખાલી પેટ હોવું જરૂરી છે. ખાલી પેટ ન રાખવાને કારણે, તમને યોગ કરતી વખતે ઉલ્ટી પણ થઈ શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. શૌચ કર્યા પછી અને સવારે સ્નાન કર્યા પછી ખાલી પેટે યોગાસન કરવું જોઈએ.

5 **યોગ કર્યા બાદ તરત સ્નાન ના કરવુ** | ઘણા લોકો યોગ કર્યા પછી તરત જ સ્નાન કરે છે અથવા ઠંડુ પાણી પીવે છે. તે શરીરને નુકસાન પહોંચાડી શકે છે. કારણ કે યોગના આસનો કર્યા પછી આપણું શરીર ગરમ રહે છે, આવી સ્થિતિમાં તરત જ પાણી પીવું અથવા નહાવાથી નુકસાન થઈ શકે છે. જેના કારણે શરદી અને ગરમીની ફરિયાદ થઈ શકે છે અને તમને શરદી અને કફ જેવી સમસ્યા પણ થઈ શકે છે. યોગ કર્યાના એક કલાક પછી જ સ્નાન કરો.

## વધારે યોગ કરવાના લક્ષણ

1. વધુ યોગ કરવાથી તમારો ચહેરો લાલ થઈ જશે.
2. વધુ યોગ કરવાથી તમને ઉબકા અને થાક લાગે છે. જો તમારી સાથે પણ આવું થાય તો તરત જ રોકાય જાવ.
3. વધુ યોગાસન કરવાથી શ્વાસ ચડવો એ પણ આડઅસર છે.
4. જો શરીરમાં કોઈ પણ પ્રકારનો સોજો જોવા મળે છે, તો તે વધુ પડતા યોગનો સંકેત પણ હોઈ શકે છે.

# વરસાદની સીઝનમાં ઘરે બનાવો ગરમાગરમ સ્વાદિષ્ટ ફાફડા

વરસાદી વાતાવરણમાં ગરમાગરમ ગોટા, ફાફડા-જલેબી, પકોડા વગેરે જેવું તીખું-તળેલું ખાવાનું કોને ન ભાવે! પરંતુ ધોધમાર વરસાદના કારણે જો ઘરની બહાર લેવા જવાનું મન ન થાય ત્યારે શું? ત્યારે તો ઘરે બનાવવું જ રહ્યું.. તો ચાલો શીખી લો આજે ગરમાગરમ સ્વાદિષ્ટ ફાફડા બનાવવાની રીત...

## ફાફડા બનાવવા માટેની આ છે સામગ્રી....

- 500 ગ્રામ ચણાની દાળ
- 100 ગ્રામ અડદની દાળ
- મીઠું, સંચળ, તેલ, અજમો
- મરચું, હળદર, ચપટી સોડા



બનાવવાની રીત : ચણાની દાળ અને અડદની દાળ ભેગી કરી ઝીણો લોટ દળાવી લેવો. ત્યારબાદ થોડું પાણી લઈ તેને ઉકાળી તેમાં મીઠું અને સોડા નાંખો. પછી લોટ લઈ તેમાં હળદર નાંખી, તૈયાર કરેલા પાણીથી એકદમ કઠણ લોટ બાંધી લો. તેને દસ્તાથી ખૂબ ખાંડી ગુલ્લાં પાડી, મોટી પાતળી પૂરી વણી થોડી વાર છૂટી નાંખી રાખવી. પછી તેમાં ત્રણ કાપા પાડી, તેલમાં ફાફડા તળી લો. તળેલા ફાફડા ઉપર સંચળ અને મરચું છાંટી સર્વ કરો. શક્કરપારા જેમ ચોરસ કાપીને પણ ફાફડા તળી શકાય છે. આ ફાફડાને તમે ગળચટ્ટી કઢી કે પપૈયાની છીણ સાથે સર્વ કરો.

# WI પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત, પુજારા ટેસ્ટમાંથી આઉટ, વનડેમાં હાર્દિક વાઈસ કેપ્ટન

ગુજરાત | વંદન

વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. ટીમ ઈન્ડિયા આગામી 12મી જુલાઈથી વેસ્ટ ઈન્ડિઝ સામે 2 ટેસ્ટ મેચની સિરીઝ રમશે. સિરીઝની પ્રથમ મેચ ડોમિનિકામાં રમાશે. રોહિત શર્માને ટીમની કમાન સોંપવામાં આવી છે, જ્યારે અજિંક્ય રહાણેને ટીમના વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જો કે આ સિરીઝમાંથી અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને બહાર કરી દેવામાં આવ્યો છે.



BCCI દ્વારા આજે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ અને વનડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. ટેસ્ટ અને વનડે સિરીઝમાં રોહિત શર્મા જ ટીમનું સુકાન સંભાળશે. અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. અજિંક્ય રહાણેને ટેસ્ટ સિરીઝ માટે વાઈસ કેપ્ટનની જવાબદારી મળી છે. જ્યારે વનડે સિરીઝમાં હાર્દિક પંડ્યાને વાઈસ કેપ્ટનની જવાબદારી મળી છે.

આ ઉપરાંત યુવા બેટ્સમેન યશસ્વી જયસ્વાલ અને ઋતુરાજ ગાયકવાડને પ્રથમ વખત ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. યશસ્વી જયસ્વાલને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે સ્ટેન્ડબાય તરીકે રાખવામાં આવ્યો હતો. આ સાથે જ ઝડપી બોલર મુકેશ કુમાર અને નવદીપ સૈનીને પણ ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. મોહમ્મદ શમીને વનડે અને ટેસ્ટ સિરીઝ માટે આરામ આપવામાં આવ્યો છે. આ ઉમરાન મલિક અને સંજુ સેમસન પણ વનડે ટીમમાં પરત ફર્યા છે. ઓપનર ઋતુરાજ ગાયકવાડ, ઝડપી બોલર જયદેવ ઉનડકટ અને મુકેશ કુમારની પણ વનડે ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

### વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમ

ટેસ્ટ ટીમઃ રોહિત શર્મા (C), શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, અજિંક્ય રહાણે (vc), કેએસ ભરત (wk), ઈશાન કિશન (wk), આર.કે. અશ્વિન, રવિન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, અક્ષર પટેલ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, જયદેવ ઉનડકટ, નવદીપ સૈની.

વનડે ટીમઃ રોહિત શર્મા (C), શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, સંજુ સેમસન (wk), ઈશાન કિશન (wk), હાર્દિક પંડ્યા (vc), શાર્દુલ ઠાકુર, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ. યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જયદેવ ઉનડકટ, મોહમ્મદ સિરાજ, ઉમરાન મલિક, મુકેશ કુમાર.

## શિખર ધવનના લક્ઝુરિયસ કાર કલેક્શનમાં 4.25 કરોડની રેન્જ રોવરની શાનદાર એન્ટ્રી






ભારતીય ઓપનિંગ બૅટર શિખર ધવનને લક્ઝુરિયસ કાર ખરીદવાનો ભારે શોખ છે અને એવી મોંઘીદાટ કારના કાફલામાં તેણે હવે ૪.૨૫ કરોડ રૂપિયામાં ખરીદેલી બ્લૅક શેડવાળી રેન્જ રોવર ઑટોબાયોગ્રાફીનો પણ સમાવેશ કર્યો છે. તેણે એની ડિલિવરી લઈ લીધી છે. તેની પાસે મર્સિડિઝ-બેન્ઝ, બીએમડબ્લ્યુ, ફૉર્ચ્યુનર 4x4 પણ છે. રેન્જ રોવર ઑટોબાયોગ્રાફી નામની લક્ઝુરિયસ એસયુવી સેલિબ્રિટીઝમાં લોકપ્રિય છે. ધવનને પંજાબ કિંગ્સે ૨૦૨૩ની આઈપીએલ સીઝન રમવાના ૮.૨૫ કરોડ રૂપિયા આપ્યા છે.

## મુન્નાભાઈએ ક્રિકેટના મેદાનમાં પ્રવેશ કર્યો, મોટી ટીમ ખરીદી

ગુજરાત | વંદન

બોલિવૂડના ફેમસ એક્ટર સંજય દત્તે ક્રિકેટના મેદાનમાં એન્ટ્રી કરી લીધી છે. આ દિવસોમાં ફ્રેન્ચાઈઝી ક્રિકેટ ઝડપથી વિકસી રહી છે. દરમિયાન, ઝિમ્બાબ્વે 'ઝિમ આફ્રો ટી10' ટૂર્નામેન્ટનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. આ ટુર્નામેન્ટ 20 જુલાઈથી શરૂ થશે. આ ટૂર્નામેન્ટમાં બોલીવુડ અભિનેતા સંજય દત્ત એરીઝ ગ્રુપ ઓફ કંપનીઝના સર સોહન રોય સાથે હરારે હરિકેન ટીમના સહ-માલિક બન્યા છે.



ક્રિકેટ જગતમાં બોલિવૂડમાં આ પીઢ અભિનેતાનું ડેબ્યુ છે. ઝિમ્બાબ્વે દ્વારા આયોજિત, આ ટુર્નામેન્ટમાં કુલ પાંચ ટીમો ભાગ લેશે, જેમાં - ડરબન કલંદર્સ, કેપ ટાઉન સેમ્પ આર્મી, બુલાવેયો બ્રેવ્સ, જોબર્ગ લાયન્સ અને હરારે હરિકેન્સ હાજર છે. લીગમાં જોડાનાર ડરબન કલંદર્સની ટીમ પાકિસ્તાન સુપર લીગની ફ્રેન્ચાઈઝી લાહોર કલંદર્સની ટીમ છે.

Zim Afro T10 એ ઝિમ્બાબ્વેમાં હરારેમાં યોજાનારી પ્રથમ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ ઈવેન્ટ હશે. ટુર્નામેન્ટ માટે પ્લેયર્સ ડ્રાફ્ટ 2 જુલાઈના રોજ હરારેમાં એક કાર્યક્રમમાં યોજાશે. ઝિમ આફ્રો ટૂર્નામેન્ટની આ પ્રથમ સિઝન હશે. તે જ સમયે, સંજય દત્તે ટૂર્નામેન્ટમાં ટીમના સહ-માલિક બનવા પર પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. આ સાથે તેણે આશા વ્યક્ત કરી છે કે હરારે હરિકેન્સ ટુર્નામેન્ટ સારો દેખાવ કરશે અને ઝિમ્બાબ્વેમાં ક્રિકેટ ચાહકોનું મનોરંજન કરશે.

બોલિવૂડ અભિનેતા સંજય દત્તે કહ્યું, "ભારતમાં ક્રિકેટ એક ધર્મ સમાન છે અને સૌથી મોટા રમત રાષ્ટ્રોમાંનું એક છે, મને લાગે છે કે આ રમતને વિશ્વના ખૂણે ખૂણે લઈ જવાની આપણી ફરજ છે." તેણે ઉમેર્યું, "ઝિમ્બાબ્વેનો રમતગમતમાં એક મહાન ઈતિહાસ છે અને તેની સાથે સંકળાયેલા રહેવું અને ચાહકોને સારો સમય પસાર કરવામાં મદદ કરવી એ મને ખરેખર આનંદ આપે છે. , હું હરારે હરિકેન્સના જિમ આફ્રો ટી10માં ખરેખર સારું પ્રદર્શન કરવા માટે આતુર છું.

## ગુજરાતી ક્રિકેટરે ઓમાનને આયરલૅન્ડ સામે અપાવી દીધી ઐતિહાસિક જીત

ગુજરાત | વંદન

ઑક્ટોબરમાં ભારતમાં રમાનારા વન-ડેના વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થવા માટેની સ્પર્ધામાં રમી રહેલા દેશોમાં ટેસ્ટ-પ્લેઈંગ રાષ્ટ્ર આયરલૅન્ડની ટીમ પણ છે અને એને સોમવારે અખાત-દેશ ઓમાને આંચકો આપ્યો હતો. આ અપસેટ ઓમાનની ટીમના ભારતીય મૂળના ગુજરાતી ખેલાડી કશ્યપ હરીશભાઈ પ્રજાપતિ (૭૨ રન, ૭૪ બૉલ, એક સિક્સર, છ ફોર)ને કારણે શક્ય બન્યો હતો. એના ઉપરાંત અકીબ ઈલ્યાસે બાવન રન, કૅપ્ટન ઝીશાન મકસૂદે ૫૯ રન અને મોહમ્મદ નદીમે અણનમ ૪૬ રન બનાવ્યા હતા અને ઓમાને ૨૮૨ રનનો લક્ષ્યાંક ૪૮.૧ ઓવરમાં મેળવી લીધો હતો. આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ વતી રમી ચૂકેલા જૉશ લિટલે અને માર્ક ઍડેરે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, આયરલૅન્ડની ટીમ જ્યોર્જ ડૉકરેલ (૯૧ અણનમ, ૮૯ બૉલ, બે સિક્સર, સાત ફોર)ની ફટકાબાજીની મદદથી ૭ વિકેટે ૨૮૧ રન બનાવી શકી હતી. આ ક્વૉલિફાઈંગ રાઉન્ડમાં નેપાલને ઝિમ્બાબ્વેની ટીમે ૮ વિકેટે, અમેરિકાને વેસ્ટ ઈન્ડીઝની ટીમે ૩૯ રનથી અને શ્રીલંકાની ટીમે યુએઈને ૧૭૫ રનથી હરાવી હતી. ગઈ કાલે ઝિમ્બાબ્વેનો નેધરલૅન્ડ્સ સામે ૬ વિકેટે તથા નેપાલનો અમેરિકા સામે ૬ વિકેટે વિજય થયો હતો.




## વર્લ્ડકપ શિડ્યુલ જાહેર થવામાં થઈ શકે છે મોડું!

■ PCBના સંભવિત અધ્યક્ષના નિવેદને આપ્યા ચોંકાવનારા સંકેત

ગુજરાત | વંદન




ભારતમાં યોજાનાર ICC ODI વર્લ્ડ કપના સત્તાવાર શેડ્યૂલ માટે વધુ રાહ જોવી પડી શકે છે. વાત એમ છે કે ICCએ ODI વર્લ્ડ કપના શેડ્યૂલની જાહેરાત માટે લગભગ 27 જૂનની તારીખ નક્કી કરી હતી અને સાથે એ પણ જાણીતું છે કે 5 ઓક્ટોબરથી ટૂર્નામેન્ટ શરૂ થવાની હતી. હવે આ બધા વચ્ચે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના સંભવિત નવા અધ્યક્ષ ઝકા અશરફને કારણે ICC ODI વર્લ્ડ કપના સત્તાવાર શેડ્યૂલ માટે વધુ રાહ જોવી પડી શકે છે. સંભવિત નવા અધ્યક્ષે તેમના નિવેદન સાથે રાહ જોવા અને તેને લંબાવવાનો સંકેત આપ્યો છે.

જણાવી દઈએ કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCI અને ICCએ 27 જૂનના રોજ મોટા પાયે શેડ્યૂલ જાહેર કરવાની યોજના બનાવી હતી. પણ હાલ જ ઝકા અશરફે પોતાના નિવેદનમાં સ્પષ્ટ કર્યું હતું કે આ મેગા ઈવેન્ટમાં ભાગ લેતા પહેલા ઘણા મુદ્દાઓ છે જેને ઉકેલવાની જરૂર છે. આ સાથે જ એમના નિવેદનમાં એમને હાઈબ્રિડ મોડલ હેઠળ એશિયા કપનું આયોજન કરવાની વાતને પણ નકારી કાઢી છે.

વાત એમ છે કે ઝકા અશરફે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે પાકિસ્તાન સામે ઘણા પડકારો છે. ઘણા વર્ષોના કેસો ઉકેલવા પડે છે. હવે એશિયા કપ અને પછી વર્લ્ડ કપ છે. ટીમની તૈયારીઓથી લઈને ઘણા મુદ્દાઓ છે. હું કોઈની વિરુદ્ધ કોઈ નિવેદન આપવા માંગતો નથી. અત્યાર સુધી મેં આ પદ સંભાળ્યું નથી. એકવાર હું જવાબદારી સંભાળીશ, તે પછી હું જોઈશ કે સંજોગો શું છે. હું મીડિયાથી કંઈપણ છુપાવવામાં માનતો નથી. અમે બધા પાકિસ્તાનના સારા માટે કામ કરીએ છીએ.

ODI વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે પાકિસ્તાન તેની મેચો ભારતને બદલે અન્ય કોઈ જગ્યાએ યોજવાની માંગ કરી શકે છે. જો કે આઈસીસી અને બીસીસીઆઈ કોઈપણ કિંમતે તેની માંગ સ્વીકારશે નહીં. હવે લાગી રહ્યું છે કે એશિયા કપને લઈને ઝકા અશરફના આ વલણને કારણે બીસીસીઆઈ અને પીસીબી વચ્ચેના સંબંધો વધુ બગડવાની સંભાવના છે. આ પહેલા પાકિસ્તાને ODI વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન સામેની મેચનું સ્થળ બદલવાની માંગ કરી હતી જેને ICC દ્વારા ફગાવી દેવામાં આવી હતી.

### કોહલીને મોટું નુકસાન

## ટેસ્ટ રેન્કીંગમાં ઉથલ-પાથલ: લાબુશેનને પછાડી રૂટ બન્યો નંબર વન બેટર

■ બોલર રેન્કીંગમાં અશ્વિનની 'બાદશાહત' જળવાઈ: સ્મિથ-હેડ નંબર વન બેટર બનવાની રેસમાં પાછળ ગયા



ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ ટેસ્ટ ખેલાડીઓનું રેન્કીંગ જાહેર કર્યું છે. તાજેતરમાં જ પૂર્ણ થયેલા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલ બાદ રેન્કીંગમાં મોટી ઉથલ-પાથલ જોવા મળી છે. ભારતીય સ્ટાર સ્પિનર આર.અશ્વિને બોલરોના રેન્કીંગમાં પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે તો વિરાટ કોહલીને ભારે નુકસાન ખમવું પડ્યું છે. જ્યારે બેટરોમાં ઈંગ્લેન્ડના જો રુટે ધમાલ મચાવી છે. તેણે ઑસ્ટ્રેલિયાના માર્નસ લાબુશેનને પાછળ છોડીને દુનિયાના નંબર વન બેટરનું સ્થાન મેળવ્યું છે. રુટે પાંચ સ્થાનની લાંબી છલાંગ લગાવીને આ કારનામું કર્યું છે.

તાજેતરમાં જ ઑસ્ટ્રેલિયન ટીમે ઈંગ્લેન્ડને એશેઝ શ્રેણીના પહેલાં મતલબ કે એજબેસ્ટન ટેસ્ટમાં બે વિકેટે પરાજય આપ્યો છે. આ સાથે જ પાંચ ટેસ્ટની શ્રેણીમાં તેણે 1-0થી લીડ મેળવી લીધે છે. આ પરિણામના એક દિવસ બાદ જ રેન્કીંગમાં ફેરફાર થયો છે. રુટે ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગમાં 118 અને બીજી ઈનિંગમાં 46 રન બનાવ્યા હતા જ્યારે લાબુશેન બન્ને ઈનિંગમાં નિષ્ફળ ગયો હતો જેના કારણે તેણે ત્રીજા ક્રમે ધકેલાવું પડ્યું છે. આ સાથે જ ન્યુઝીલેન્ડનો દિગ્ગજ બેટર કેન વિલિયમસન બે સ્થાનના ફાયદા સાથે બીજા ક્રમે આવી ગયો છે.

ઑસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ (એક સ્થાન નીચે આવીને ચોથા ક્રમે) અને સ્ટિવ સ્મિથ (ચાર સ્થાન પાછળ ધકેલાઈને છઠ્ઠા ક્રમે) પણ નંબર વન ટેસ્ટ બેટર બનવાની દોડમાં ઘણા પાછળ થઈ ગયા છે. જો કે ટોચના છ બેટરો વચ્ચે માત્ર છ રેટિંગ પોઈન્ટનું અંતર છે. ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલી 14 તો કેપ્ટન રોહિત શર્મા 12મા ક્રમે છે. આવી જ રીતે ચેતેશ્વર પુજારા 25મા ક્રમે યથાવત રહ્યો છે. બોલર રેન્કીંગમાં અશ્વિન 860 પોઈન્ટ સાથે દુનિયાનો નંબર વન બોલર બન્યો છે જ્યારે તેના પછી ઈંગ્લેન્ડનો જેમ્સ એન્ડરસન આવે છે તેના 829 પોઈન્ટ છે.

### વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ પહેલા ટીમમાં કેટલાય મોટા ફેરફારની સંભાવના

## વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી20 સીરીઝમાં ઋતુરાજને રમવાની મળી શકે છે તક

### શુભમન ગીલનું પત્તુ કપાશે

ગુજરાત | વંદન





ભારતીય ક્રિકેટ ટીમ આગામી દિવસોમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાવવાની છે. ભારતીય ટીમ આવતા મહિને (જુલાઈ) વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસે જશે, જ્યાં ટીમ ઈન્ડિયા ટેસ્ટ, વનડે અને T20 આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમશે. આ ટૂર પહેલા ભારતની ટેસ્ટ અને ટી20 ટીમમાં કેટલાય મોટા ફેરફારની વાત સામે આવી છે. ટેસ્ટની સાથે સાથે ટી-20 સીરીઝમાં પણ યુવા ખેલાડીઓને સામેલ કરવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. આમાં ખાસ કરીને ટી20 સીરીઝમાં મોટો ફેરફાર થઈ શકે છે. ખરેખરમાં, T20 ટીમમાં શુભમન ગીલની જગ્યાએ આઈપીએલમાં ધોનીની ટીમમાંથી ઓપનિંગ કરનારો ઓપનર બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડને તક આપવામાં આવી શકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સના સ્ટાર ઓપનર ઋતુરાજ ગાયકવાડે ભારત માટે અત્યાર સુધીમાં 9 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાં તેને 135 રન બનાવ્યા છે, અને ગાયકવાડનો હાઈએસ્ટ સ્કૉર 57 રનનો રહ્યો છે. IPL 2023માં ગાયકવાડે ચેન્નાઈ તરફથી રમતી વખતે શાનદાર પ્રદર્શન કર્યું હતું.તેને 16 મેચની 15 ઈનિંગ્સમાં 42.14ની એવરેજ અને 147.50ની સ્ટ્રાઈક રેટથી 590 રન બનાવ્યા હતા. આવામાં તેને ભારતીય ટીમમાં વધુ એકવાર તક આપવામાં આવી શકે છે. તેને પોતાની છેલ્લી T20 આંતરરાષ્ટ્રીય મેચ લગભગ એક વર્ષ પહેલા 26 જૂન, 2022એ આયર્લેન્ડ સામે રમી હતી.

શુભમન ગિલને વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી-20 સીરીજમાંથી આરામ આપવામાં આવી શકે છે. આ કારણે ઋતુરાજ ગાયકવાડને ફરી એકવાર ભારતીય T20 ટીમમાં સામેલ થવાની તક મળી શકે છે. જોકે, ગાયકવાડ અત્યાર સુધી રમાયેલી T20 ઈન્ટરનેશનલ મેચોમાં વધુ અસર છોડી શક્યો નથી.

## ઈંગ્લેન્ડ-ઑસ્ટ્રેલિયાને ભારે નુકસાન ખેલાડીઓની 40% પેનલ્ટી-પોઈન્ટ ટેબલમાં બે પોઈન્ટનું નુકસાન

ગુજરાત | વંદન




એશેઝ શ્રેણીની પહેલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો છે. આ હાર બાદ આઈસીસીએ ઈંગ્લેન્ડને ડબલ ઝટકો આપ્યો છે. ઈંગ્લેન્ડના તમામ ખેલાડીઓને પોતાની મેચ ફીનો 40% હિસ્સો દંડ સ્વરૂપે ચૂકવવો પડશે સાથે સાથે ટીમને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં બે પોઈન્ટનું નુકસાન પણ થયું છે. આ ઉપરાંત આઈસીસીએ ઑસ્ટ્રેલિયા ઉપર પણ સમાન દંડ લગાવ્યો છે.

આઈસીસીના નિયમ પ્રમાણે દરેક મેચમાં નક્કી સમય સુધી એક ઓવર પીછે રહેવા પર ટીમનો એક પોઈન્ટ કાપી લેવામાં આવે છે અને ખેલાડીઓ પર મેચ ફીનો 20% હિસ્સો દંડ સ્વરૂપે વસૂલાય છે. આ મેચમાં બન્ને ટીમો નિર્ધારિત સમયમાં બે ઓવર કરી શકી ન્હોતી. આ જ કારણથી બન્ને ટીમોના ખેલાડીઓએ પોતાની 40% મેચ ફી ગુમાવવી પડી છે. આ ઉપરાંત બન્ને ટીમોને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના ત્રીજા ચક્ર (2023-25)ના પોઈન્ટ ટેબલમાં પણ બે પોઈન્ટનું નુકસાન પહોંચ્યું છે.

ઑસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમીન્સ અને ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે અપરાધ સ્વીકાર કરી લીધો છે. આ જ કારણથી ઔપચારિક સુનાવણીની કોઈ જરૂર પડી નથી.

### ચેન્નાઈના CEO દ્વારા ધોનીના વખાણ....

## CSKના CEO એ જાડેજા સાથે ખટપટ મુદ્દે કર્યો મોટો ખુલાસો, ધોનીની ઈજાને લઈને કહ્યું- તેમણે ક્યારેય ફરિયાદ કરી નથી

ગુજરાત | વંદન

મહેન્દ્ર સિંહ ધોની આ નામને નાના બાળકથી લઈને ઘરડા લોકો સુધી લગભગ બધા જણાતા હશે. એ વાત જાણીતી છે કે હાલ જ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ ઘૂંટણની સર્જરી કરાવી છે. હાલમાં તે આરામ કરી રહ્યો છે. ત્રણ અઠવાડિયાના આરામ બાદ તે રાંચી જશે અને પોતાની ફિટનેસ માટે ટ્રેનિંગ શરૂ કરશે. જો કે તે આવતા વર્ષે જાન્યુઆરી પહેલા રમવાનું શરૂ નહીં કરે પણ બે મહિના લાંબી ચાલનાર IPL માટે ફિટનેસ પાછી મેળવવીએ 41 વર્ષીય ધોની માટે મોટો પડકાર રહેશે.

ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાની ટીમને ઈન્ડિયન પ્રીમિયર લીગ 2023નું ટાઈટલ જીતવામાં મદદ કરી હતી અને એ સમયે ધોનીને ડાબા ઘૂંટણમાં ખરાબ રીતે ઈજા થઈ હતી. ધોની પાટો બાંધીને રમતો રહ્યો પરંતુ તે એક પણ મેચ ચૂક્યો નહતો. એવામાં હવે ચેન્નાઈ સુપર કિંગ્સના CEO કાશી વિશ્વનાથને ધોનીના ટીમ પ્રત્યેના સમર્પણની પ્રશંસા કરતાં કહ્યું કે 'અમે તેને ક્યારેય એવું પૂછ્યું નહોતું કે 'તમારે રમવાનું છે કે બહાર બેસવું છે' જો તે રમી શકે તેમ ન હોત તો તે સીધું આ વિશે કહી દેત. અમે જાણતા હતા કે તેમના માટે રમવું એક સંઘર્ષ હતો પરંતુ ટીમ પ્રત્યેનું તેમનું સમર્પણ, તેમની કેપ્ટનશીપ અને તેનાથી ટીમને મળતા ફાયદા વિશે દરેક લોકો જાણે છે. આ માટે આપણે તેમની પ્રશંસા કરવી જોઈએ.'

### SAFF ચેમ્પિયનશિપ કપમાં

## ભારતે પાક. સામે 4-0થી એકતરફી જીત નોંધાવી, કેપ્ટન સુનિલ છેત્રીની હેટ્રીક

ગુજરાત | વંદન

ભારતીય ફૂટબોલ ટીમે SAFF ચેમ્પિયનશિપ કપની ધમાકેદાર શરૂઆત કરી છે. પાકિસ્તાન સામે કેપ્ટન સુનીલ છેત્રીની કિલર રમતે ટીમને શાનદાર જીત અપાવી હતી. બુધવારે રમાયેલી મેચમાં ભારતે પાકિસ્તાન સામે 4-0થી એકતરફી જીત નોંધાવી હતી. સુનિલ છેત્રી અને ઉદંતા સિંહે ગોલ કરીને ટીમની જીત પાક્કી કરી દીધી હતી.

એશિયામાં દબદબો ધરાવતી ભારતીય ફૂટબોલ ટીમનું શાનદાર પ્રદર્શન જારી રહ્યું છે. કેપ્ટન સુનીલ છેત્રીના નેતૃત્વમાં ઈન્ટરકોન્ટિનેન્ટલ કપ જીત્યા બાદ ભારતે SAFF ચેમ્પિયનશિપમાં પણ ધમાકેદાર શરૂઆત કરી હતી. પ્રથમ મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે 4-0થી એકતરફી જીત નોંધાવી હતી. ભારતીય કેપ્ટને હેટ્રિક ફટકારીને ટીમની જીત સુનિશ્ચિત કરી હતી.



છેત્રી સૌથી વધુ ગોલ કરનાર બીજો એશિયન ખેલાડી બન્યો

સુનીલ છેત્રીની હેટ્રિકની મદદથી ભારતે SAFF ફૂટબોલ ચેમ્પિયનશિપમાં પાકિસ્તાનને તેની પ્રથમ મેચમાં 4-0થી હરાવ્યું હતું. આ સાથે છેત્રી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સૌથી વધુ ગોલ કરનાર બીજો એશિયન ખેલાડી બન્યો હતો. ઈરાનના અલ દેઈએ 149 મેચમાં 109 ગોલ કર્યા છે જ્યારે છેત્રીએ હવે 90 ગોલ કર્યા છે.

### ગેરવર્તણૂક | સૌરવ ગાંગુલીની ખાલી જમીન પશ્ચિમ બંગાળના 24 પરગણા જિલ્લાના ભટનગરમાં આવેલી છે

## ગાંગુલીના જમીન પર કેટલાક ગુંડાતત્વો દ્વારા કબ્જો જમાવવાનો પ્રયાસ

ગુજરાત | વંદન

પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કેટલાક ગુંડાઓએ ગાંગુલીની જમીન કબજે કરવાનો પ્રયત્ન કર્યો છે. આ અંગે પોલીસમાં ફરિયાદ પણ કરવામાં આવી છે. ફરિયાદમાં એવું કહેવામાં આવ્યું છે કે તાળા તોડીને ગુંડાઓએ ગાંગુલીની જમીન પર કબજો કર્યો છે.

આ દરમિયાન ત્યાં હાજર સિક્યોરિટી ગાર્ડે તે લોકોને રોકવાનો પ્રયાસ કર્યો તો તેને પણ માર મારવામાં આવ્યો હતો. ગાંગુલીના પીએ તાનિયા ભટ્ટાચાર્યએ પોલીસને આ ફરિયાદ કરી છે. તેણે કહ્યું કે, જ્યારે તે આરોપીઓ સાથે ફોન પર વાત કરી ત્યારે તેઓએ ધમકીઓ અને ગેરકરવર્તન કરવાનુ શરૂ કર્યું.




ઉલ્લેખનીય છે કે, સૌરવ ગાંગુલીની આ ખાલી જમીન પશ્ચિમ બંગાળના 24 પરગણા જિલ્લાના ભટનગરમાં આવેલી છે. આ જમીન સ્કૂલ માટે છે. અહીં એક સ્કૂલ બનાવવામાં આવશે. હાલમાં, તે જગ્યા હજુ પણ તાળાબંધી છે. ગાંગુલીના પીએ તાનિયા ભટ્ટાચાર્યએ મહેશતલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે કેટલાક ગુંડાઓએ તે જમીન પર અતિક્રમણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ફરિયાદ મુજબ, બદમાશો ઘણા દિવસોથી કબજો કરવાનો અલગ અલગ પ્રયત્ન કરી રહ્યા હતા. તેઓએ ગાંગુલીની જમીન પરનું તાળું પણ તોડી નાખ્યું હતું. અસામાજિક કામ પણ કર્યું. કાયતમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે સુરક્ષા ગાર્ડે પકડવાના સમયે તે બદમાશોને રોક્યા તો તેઓએ તેની સાથે મારપીટ પણ કરી. તાનિયાએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે, બદમાશોએ ફોન પર સિક્યુરિટી ગાર્ડને ધમકી પણ આપી છે.

# ઓગસ્ટથી ભારતીય રસ્તાઓ પર જોવા મળશે ઈથેનોલથી દોડતી બાઈક અને કાર

**ગડકરીની મોટી જાહેરાત**



ગુજરાત | વંદન

ભારતીય બજારમાં ઓગસ્ટ મહિનાથી ઈથેનોલથી દોડતી કાર આવશે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન આ જાહેરાત કરી છે. નીતિન ગડકરીએ મુંબઈમાં મોદી સરકારના 9 વર્ષ પૂર્ણ થવા પર આયોજિત રાઉન્ડ ટેબલ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરી હતી. આ પ્રસંગે નીતિન ગડકરીએ કહ્યું કે, છેલ્લા 9 વર્ષમાં ભારતે કેટલી પ્રગતિ કરી છે, તેનું ઉદાહરણ જુઓ કે ઓગસ્ટ મહિનાથી ઈથેનોલથી ચાલતી કાર પણ બજારમાં આવી રહી છે.

**ટોયોટા લોન્ચ કરશે વાહનો** | નીતિન ગડકરીએ જણાવ્યું કે, ઓગસ્ટથી માત્ર ઈથેનોલ પર ચાલતી કાર જ નહીં પરંતુ ઈથેનોલથી ચાલતી બાઈક પણ માર્કેટમાં લોન્ચ કરવામાં આવશે. એટલે કે ઈથેનોલ પર ચાલતા ફોર વ્હીલરની સાથે ટુ-વ્હીલર પણ ગ્રાહકોને મળશે. આ વાહનો 100 ટકા બાયો-ઈથેનોલ પર ચાલશે અને ઈથેનોલ ઈંધણ પેટ્રોલ કરતાં ઘણું સસ્તું હશે. આના કારણે પ્રદૂષણ પણ નહીં થાય... ઉલ્લેખનિય છે કે, ટોયોટા કંપની આ વાહનોને લોન્ચ કરવાની તૈયારીઓ કરી રહી છે. આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ઉપરાંત ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને મુંબઈ ભાજપ અધ્યક્ષ આશિષ શેલાર પણ ઉપસ્થિત રહ્યા હતા.ટોયોટાએ ઓક્ટોબર-2022માં જ 100 ટકા ઈથેનોલ પર ચાલતી ભારતની પ્રથમ ફ્લેક્સ-ફ્યુઅલ કાર લોન્ચ કરી હતી. બ્રાઝિલથી આયાત કરાયેલી આ કારને ભારતમાં BS-VI આધારીત ફ્લેક્સ-ફ્યુઅલ સ્ટ્રોંગ હાઈબ્રિડ ઈલેક્ટ્રિક કાર ટેક્નોલોજી તપાસવા માટે પાઈલટ પ્રોજેક્ટના ભાગરૂપે રજૂ કરાઈ હતી. આના પણ હજુ અભ્યાસ થઈ રહ્યો છે કે, આ ટેકનોલોજી કેટલી અસરકારક છે અને તે કાર્બન ઉત્સર્જનને કેટલુ ઘટાડી શકે છે. નોંધીય છે કે, બ્રાઝિલ વિશ્વમાં શેરડી અને ઈથેનોલનું સૌથી મોટું ઉત્પાદક છે. અહીં લગભગ 80 ટકા કાર ફ્લેક્સ-ફ્યૂલ પર ચાલે છે. ભારત સરકાર ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના ઉપયોગને પણ પ્રોત્સાહન આપી રહી છે.

## પીએમ મોદી ફરી બન્યા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા

■ 22 દેશોમાં સર્વેમાં મોદી 76 ટકા એપ્રુવલ રેટિંગ સાથે ટોચ પર, બાઈડેન-સુનક-ટ્રુડો પાછળ...



ગુજરાત | વંદન

વિશ્વના નેતાઓમાં લોકપ્રિયતાના મામલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હજુ પણ ટોચ પર છે. અમેરિકન ફર્મ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા 22 દેશોમાં કરવામાં આવેલા સર્વે અનુસાર, પીએમ નરેન્દ્ર મોદી વિશ્વના પ્રખ્યાત નેતાઓમાં 76 ટકા એપ્રુવલ રેટિંગ સાથે ટોપ પર છે, અને સર્વેમાં સામેલ માત્ર 19 ટકા લોકોએ તેમને મંજૂરી આપી નથી. સર્વેમાં સામેલ તમામ નેતાઓમાં આ આંકડો પણ સૌથી ઓછો છે.

મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ લીડર એપ્રુવલ રેટિંગ મુજબ, યુએસ પ્રમુખ જો બાઈડેન અને યુનાઈટેડ કિંગડમ, એટલે કે યુકેના વડા પ્રધાન ઋષિ સુનક પણ પીએમ નરેન્દ્ર મોદીની તુલનામાં પોતપોતાના દેશોમાં ઘણા પાછળ છે. વાસ્તવમાં, મોર્નિંગ કન્સલ્ટે વિશ્વના 22 દેશોમાં એક સપ્તાહ (7 થી 13 જૂન) માટે ડેટા એકત્રિત કર્યા પછી તેમની સરેરાશ જાહેર કરી છે. દરેક દેશમાં, ફક્ત પુખ્ત નાગરિકોને તેમના દેશના નેતાને મંજૂર અથવા નામંજૂર (મંજૂર અથવા નામંજૂર) કરવા માટે કહેવામાં આવે છે, અને નમૂનાનું કદ દરેક દેશમાં બદલાય છે.

યુકેના ભારતીય મૂળના વડાપ્રધાન ઋષિ સુનકને 31 ટકા મંજૂરી મત અને 58 ટકા અસંમતિ મત સાથે યાદીમાં 15મું સ્થાન મળ્યું હતું. પોલેન્ડના વડા પ્રધાન મેટ્યુઝ મોરાવીકી 16મા સ્થાને હાજર છે, જેમને 30 ટકા દ્વારા મંજૂરી મત અને 63 ટકા દ્વારા અસ્વીકાર મત આપવામાં આવ્યો હતો. આ યાદીમાં 17મા સ્થાને નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરે છે, જેમને નોર્વેના 30 ટકા લોકોએ મંજૂરી આપી છે, જ્યારે 64 ટકા નાગરિકોએ અસ્વીકાર કર્યો છે.

**બનાવટી દવાઓ પર આરોગ્ય મંત્રાલયનું કડક વલણ**

## 6 મહિનામાં 134 ફાર્માસ્યુટિકલ કંપનીઓની દેશમાં તપાસ કરાઈ

■ 11 કંપનીઓ પર 'સ્ટોપ પ્રોડક્શન ઓર્ડર' લાગુ કરાયું, બે ફાર્મા કંપનીઓ બંધ કરાઈ દેવામાં આવી

ગુજરાત | વંદન



દેશમાં બનતી નકલી દવાઓ પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય ખૂબ જ કડક દેખાઈ રહ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે ભારત નકલી દવાઓના મામલે 'ઝીરો ટોલરન્સ'ની નીતિનું પાલન કરે છે. છેલ્લા 6 મહિનામાં દેશની 134 ફાર્માસ્યુટિકલ કંપનીઓની તપાસ કરવામાં આવી છે અને સૌથી મોટી કાર્યવાહી હિમાચલ પ્રદેશમાં કરવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં 26 કંપનીઓને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. તે જ સમયે, 11 કંપનીઓ પર 'સ્ટોપ પ્રોડક્શન ઓર્ડર' લાગુ છે અને બે ફાર્મા કંપનીઓ બંધ કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે વિદેશમાં ભારતીય દવાઓ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો ત્યારથી DCGI અને રાજ્ય ઔષધ નિયમનકાર દ્વારા ઉત્પાદનની ગુણવત્તા ચકાસવા માટે તપાસ અભિયાન તેજ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ત્રણ અલગ-અલગ તબક્કામાં 134 ફાર્માસ્યુટિકલ કંપનીઓની તપાસ કરવામાં આવી છે. જેમાં રાજ્યોને એવી કંપનીઓના નામનો ડેટા બનાવવા માટે કહેવામાં આવ્યું છે કે જેઓ પાસે છેલ્લા ત્રણ વર્ષથી સ્ટાન્ડર્ડ ક્વોલિટી દવાનું ઉત્પાદન ન કરવાનો રેકોર્ડ હતો. આમાં, તે કંપનીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે 2019-22 દરમિયાન NSQ માં 11થી વધુ વખત નિષ્ફળ ગઈ હતી.

**ડ્રગ ટેસ્ટિંગમાં ફેલ કંપનીઓની સંખ્યા**

| | |
|---|---|
| ઉત્તરાખંડ | 22 |
| મધ્ય પ્રદેશ | 14 |
| ગુજરાત | 9 |
| દિલ્હી | 5 |
| તમિલનાડુ | 4 |
| પંજાબ | 4 |
| હરિયાણા | 3 |
| રાજસ્થાન | 2 |
| કર્ણાટક | 2 |

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે ઉધરસ રોકવા માટે ભારતમાં નિર્મિત સિરપના કારણે કથિત મૃત્યુ અંગે કેટલાક ક્વાર્ટરમાં ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ 71 કંપનીઓને 'કારણ બતાવો' નોટિસ આપવામાં આવી છે અને તેમાંથી 18 કંપનીઓને બંધ કરી દેવામાં આવી છે.

પશ્ચિમ બંગાળ, તેલંગાણા, પુડુચેરી, કેરળ, જમ્મુ, સિક્કિમ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશમાં 1-1 ફાર્માસ્યુટિકલ કંપનીઓની તપાસ કરવામાં આવી છે.

## સસ્તા દરે હપ્તેથી ફોન વેચવા Apple ભારતમાં ક્રેડિટ કાર્ડ લોન્ચ કરશે

ગુજરાત | વંદન

આઈફોન ઉત્પાદક કંપની એપલ હવે પોતાનું ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવાની તૈયારી કરી રહી છે. આ સંદર્ભમાં કંપની બેંકો અને નિયમનકારો સાથે અંતિમ તબક્કાની વાતચીત કરી રહી છે. ભારતમાં કારોબાર વધુ વિસ્તૃત કરવા માટે 'એપલ કાર્ડ' નામથી ક્રેડિટ કાર્ડ બહાર પાડવામાં આવી શકે છે. સૂત્રોએ જણાવ્યું કે એપલના સીઈઓ ટિમ કૂકે એપ્રિલમાં ભારતની મુલાકાત દરમિયાન એચડીએફસી બેંકના સીએમડી શશિધર જગદીશન સાથે વાત કરી હતી.

એપલ, ગૂગલ, એમેઝોન અને સેમસંગ જેવી કંપનીઓ પેમેન્ટ સેક્ટરમાં વિસ્તરણ કરી રહી છે અને ફાયનાન્સિયલ સર્વિસ સેક્ટરમાં મોટા વિસ્તરણની તૈયારી કરી રહી છે. અહેવાલ અનુસાર એપલે કાર્ડના સ્ટ્રકચરને લઈને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે પણ વાત કરી છે. જોકે આરબીઆઈએ એપલને તમામ પ્રક્રિયા પૂરી કરવી જ પડશે અને કોઈ ખાસ સુવિધા નહીં મળે તેવો જવાબ આપ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એપલ એચડીએફસી બેંક સાથે મળીને તેનું ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. હાલ એપલ યુએસમાં પ્રીમિયમ કાર્ડ જારી કરે છે, જે ગોલ્ડમેન સાક્સ અને માસ્ટરકાર્ડ સાથે મળીને લોન્ચ કરવામાં આવ્યું હતું. આ કાર્ડ




ટાઈટેનિયમ મેટલથી બનેલું છે અને તેને હાઈ એન્ડ કાર્ડ માનવામાં આવે છે.

એપલનું ફોકસ છેલ્લા કેટલાક સમયથી ભારત પર છે. આઈફોનનું વેચાણ પણ અહીં ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. નાણાકીય વર્ષ 2023માં ભારતમાંથી Appleની આવક 50% વધીને 50,000 કરોડ રૂપિયા એટલે કે $6 બિલિયન થઈ ગઈ. નાણાકીય વર્ષ 2022 દરમિયાન, ભારતમાં કંપનીની આવક રૂ. 33,500 કરોડ એટલે કે લગભગ $4 બિલિયન હતી. જો આ ટ્રાન્ઝેક્શનનો એક ભાગ એપલ કાર્ડ દ્વારા થશે તો તેની મોટી અસર પડશે. એપલની વૈશ્વિક આવક લગભગ $80 બિલિયન છે. કંપની ભારતમાં એપલ કાર્ડને જાપાન અથવા યુરોપિયન દેશો પહેલા લોન્ચ કરવાનું પણ જરૂરી માને છે, કારણ કે એપલ હાલમાં ભારતમાં કાર્ડ પેમેન્ટ સ્વીકારતી નથી. ભારતમાં મોટાભાગના એપ સ્ટોર્સ iCloud સેવાઓ સિવાય યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા ચુકવણીની સુવિધા પૂરી પાડે છે.

એપલ કાર્ડ એપલ પે-ને સપોર્ટ કરે છે અને રિવોર્ડના નાણાં એપલ વોલેટમાં સંગ્રહિત થાય છે.

### એક સમયે વ્હાઇટ હાઉસના ઝાપે... વર્ષો બાદ વ્હાઇટ હાઉસની અંદર...





ગુજરાત | વંદન

કહેવત છે કે મન હોય તો માળવે જવાય. નસીબમાં લખાયેલું હોય તે થાય.... ત્રીસ વર્ષ પહેલા જ્યારે હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સામાન્ય નાગરીકની જેમ અમેરિકાની મુલાકાલ લીધી ત્યારે અન્ય પ્રવાસિઓની જેમ તેમણે પણ સુપરપાવર દેશના સુપર સ્થાન વ્હાઈટ હાઉસની છેડ બહારના ઝાંપે પોતાના મિત્રો સાથે ફોટો પડાવ્યો હતો. તે વખતે તેમના મનમાં કદાચ તેવો વિચાર પણ ઝબક્યો હશે કે, શું હું પણ એક દિવસ ભારતના વડાપ્રધાન તરીકે અમેરિકાની મુલાકાત લઈને વ્હાઈટ હાઉસની અંદર જઈ શકીશ....!? નસીબમાં એવું લખાયેલુ હશે કે તેથી સમય જતા ત્રણ દાયકા બાદ તેઓ વડાપ્રધાન પદે તે સ્થિતિએ પહોચ્યા કે, જે વ્હાઈટ હાઉસના ઝાંપે ઉભા હતા તે જ વ્હાઈટ હાઉસની અંદર આન, બાન અને શાનની સાથે પ્રવેશ્યા, સુપર પાવર દેશના રાષ્ટ્રપતિએ તેમના આવકાર્યા, સંબોધન કર્યું અને તે ઐતિહાસિક સંબોધન જ્યારે ત્રીસ વર્ષ પહેલાની અમેરિકાની મુલાકાતનો ઉલ્લેખ કર્યો ત્યારે સમજો કે એક વર્તુળ પુરૂ થયું...!

**કાંદીવલીનાં ફલેટ પર દરોડો: જતીન મહેતા નામના શખ્સની ધરપકડ**

## મુંબઈમાંથી મસમોટા 'ડબ્બા ટ્રેડીંગ' કૌભાંડ: 4672 કરોડના જંગી વ્યવહારો પકડાયા

ગુજરાત | વંદન

મુંબઈમાં શેરબજારમાં સમાંતર ચાલતા ગેરકાયદે સ્ટોક એકસચેંજનો પર્દાફાશ કર્યો છે અને 4672 કરોડના જંગી વ્યવહારો ખુલ્યા છે.ડબ્બા ટ્રેડીંગના આ કેસમાં જતીન મહેતા નામનાં શખ્સની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસને નેશનલ સ્ટોક એકસચેંજ તથા એમસીએકસ તરફથી મળેલી બાતમીનાં આધારે કાંદીવલીમાં એક ફલેટ પર દરોડો પાડવામાં આવ્યો હતો. જયાંથી ગેરકાયદે સમાંતર સ્ટોક એકસચેંજ (ડબ્બા ટ્રેડીંગ)ના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ડબ્બા ઓપરેટર જતીન મહેતાની ધરપકડ કરીને તેના કબ્જામાંથી પાંચ મોબાઈલ એક લેપટોપ, એક રાઉટર, એક ટેબલ, એક પેનડ્રાઈવ તથા મોટી રોકડ કબ્જે લેવામાં આવી હતી.

પ્રાથમીક તપાસમાં જતીન મહેતાએ માર્ચથી 20 જુન દરમ્યાન 4672 કરોડનું ટર્નઓવર કર્યાનો ખુલાસો થયો છે.આ વેપાર કાયદેસર રીતે થયો હતો તો સરકારને અંદાજીત 1100 કરોડની ટેકસ આવક શકય હતી.તપાસનીશ અધિકારી અમીજીત જાધવે કહ્યું કે આરોપી દ્વારા 'ળજ્ઞજ્ઞમુ'નામક એપ બનાવવામાં આવી હતી અને તેનાં મારફત કારોબાર ચલાવતો હતો અન્ય લોકોને પાસવર્ડ આપીને આ ટ્રેડીંગમાં સામેલ કરતો હતો. આ માટે 50,000 ની ડીપોઝીટ વસુલવામાં આવતી હતી. શેરબજારની જેમ જ ખરીદ વેચાણની સવલત હતી. એપમાં જ સોદા તથા લેવડદેવડનો હિસાબ રહેતો હતો.

## વિપક્ષો હવે મહામોરચાની તૈયારીમાં: ભાજપને હરાવવા 15 પક્ષો એક થયા

■ 6 રાજ્યોના મુખ્યમંત્રી તેમજ પાંચ પુર્વ મુખ્યમંત્રી સહિતના નેતાઓનો જમાવડો



ગુજરાત | વંદન

આગામી લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ સામે એક જૂથ થવા પંદર વિપક્ષોની બેઠકમાં તમામ ટોચના નેતાઓએ મહત્વાકાંક્ષા મુકીને સાથે ચુંટણી લડવાની આવશ્યકતા દર્શાવી હતી. જયારે બીજી તરફ ભાજપની છાવણીમાં પણ આ બેઠકના પડઘા પડયા હતા અને કેન્દ્રીય મંત્રી તેમજ ભાજપના વરિષ્ઠ નેતા અમીત શાહે આ બેઠકને ફોટોસેશન તરીકે ગણાવીને વિપક્ષો કદી એક થઈ શકશે નહી તેવો ટોણો માર્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે આજે પટણામાં બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારના આમંત્રણથી 15 દળોના નેતાઓ એકત્ર થયા છે અને યુપીએ સ્ટાઈલનું નવો રાષ્ટ્રીયમંચ રચે તેવા સંકેત છે. આજે સવારથી જ પટણામાં નેતાઓના આવાગમન શરુ થઈ ગયા હતા. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે, પક્ષના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી તેમજ મહામંત્રી વેણુગોપાલન, એનસીપીના વડા શરદ પવાર અને કાર્યકારી પ્રમુખ સુપ્રીયા સુલે ભારતીય સામ્યવાદી પક્ષના મહાસચીવ સીતારામ યેચુરી, પશ્ચીમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પક્ષના સીનીયર નેતાઓ પટણા પહોંચ્યા હતા અને તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે લોકતંત્રની રક્ષા કરવાની જવાબદારી હવે આપણા પર આવી ગઈ છે.ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન પણ બેઠકમાં સામેલ થયા હતા અને રાજદના વડા લાલુપ્રસાદ યાદવ તેમજ પુર્વ મુખ્યમંત્રી રાબડી દેવી પણ નેતાઓ સાથેની બેઠકમાં જોડાયા હતા. સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ, નેશનલ કોન્ફરન્સના ઓમાર અબ્દુલ્લા, શિવસેના ઉદ્ધવ જૂથના વડા ઉદ્ધવ ઠાકરે તેમજ પીડીપીના મહેબુબા મુફતી પણ પટણા પહોંચ્યા હતા અને બપોરે 12 કલાકે પ્રારંભ થયેલી આ બેઠકમાં તામિલનાડુના મુખ્યમંત્રી એન.કે.સ્તાલીન, પંજાબના મુખ્યમંત્રી ભગવંતસિંહ માન પણ જોડાયા હતા

ડાબેરી નેતા ડી.રાજા તેમજ દિપાંકર ભટ્ટાચાર્ય પણ સામેલ થયા હતા. આ બેઠકમાં પશ્ચીમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સ્પષ્ટ વાત કરતા કહ્યું કે કોઈ એક પક્ષ પોતાનો દબદબો બનાવવાની કોશીશ કરે નહી અને મહત્વાકાંક્ષા છોડીને જો સાથે બેસશું તો આપણે ભાજપને પરાજીત કરી શકશું.

## કેન્દ્ર સરકારે પશુધન વિધેયકનો મુસદ્દો પરત ખેંચ્યો

ગુજરાત | વંદન

ભારે વિરોધ પછી પશુધન અને પશુધન ઉત્પાદન વિધેયક-2023નાં મુસદ્દાને કેન્દ્ર સરકાર તરફથી પરત ખેંચી લેવામાં આવ્યો છે. આ મહિને 7 તારીખે કેન્દ્રીય મત્સ્ય પાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયે મુસદ્દા ખરડાને સાર્વજનિક મંચ ઉપર મૂક્યો હતો અને તેમાં સુધારા અને સૂચનો મંગાવ્યા હતા.સરકારે લાઈવસ્ટોક ઈમ્પોર્ટેશન એક્ટ 1898માં સુધારો કરતાં લાઈવસ્ટોક પ્રોડક્ટ ઈમ્પોર્ટેશન એન્ડ એક્સ્પોર્ટેશન બિલ 2023નો ડ્રાફ્ટ તૈયાર કરેલો.

## આસામમાં પૂરની સ્થિતિ વણસી, 19 જિલ્લાના 2.67 લાખ લોકો પ્રભાવિત

ગુજરાત | વંદન

આસામમાં પૂરના કારણે અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે. પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી લોકોને રાહત શિબિરોમાં લઈ જવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં 19 જિલ્લાઓમાં 4.89 લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. છેલ્લા 24 કલાકમાં નલબારી જિલ્લામાં પૂરના પાણીમાં ડૂબી જવાથી એક વ્યક્તિનું મોત થયું છે.

પૂર પ્રભાવિત બજાલી જિલ્લાના રહેવાસીએ રાજ્યની પરિસ્થિતિ પર પત્રકારો સાથે વાત કરી. "તે સતત વરસાદ પડી રહ્યો છે અને અમારી પાસે યોગ્ય આશ્રય નથી. આ દરમિયાન આપણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ. ખોરાક અને પીવાના પાણીની અછત છે. બજારમાં માલ ખરીદવા માટે પણ કોઈ સાધન નથી. હવામાન વિભાગે રાજ્યના વિવિધ ભાગોમાં વધુ વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપી છે. સેન્ટ્રલ વોટર કમિશને તેના એક રિપોર્ટમાં કહ્યું છે કે બ્રહ્મપુત્રા નદી તેના ખતરાના સ્તરથી ઉપર વહી રહી છે. કામરૂપ અને નલબારી જિલ્લામાં વહેતી પુથિમરી અને પાગલાડિયા નદીઓ તેમના લાલ નિશાનને વટાવી ગઈ છે. પ્રાદેશિક હવામાન વિભાગે શનિવારે યલો એલર્ટ જાહેર કર્યું છે.

**નિવૃત લેફ.કમાન્ડરની વેદના:મણિપુરને તેના નશીબ પર છોડી દેવામાં આવ્યું છે. કોઈ સાંભળે છે?"**


# વડાપ્રધાને મહામહેનતે કેળવેલો વિશ્વાસ હિંસાની આગમાં ખાખ...!

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં સત્તાના સુત્રો સંભાળ્યા બાદ પૂર્વોત્તરના રાજ્યો તરફ વિશેષ ધ્યાન આપ્યું અને વારંવાર મુલાકાતો લઈને જે વિશ્વાસ કેળવ્યો હતો તે મણિપુરની નવી રચાયેલી સરકારની બેદરકારીને કારણે ધોવાણ થઈ ગયું છે. હિંસાગ્રસ્ત મણિપુરમાં દોઢ મહિના પહેલા શરૂ થયેલી વંશીય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી

મણિપુરમાં જે ગંભીર ઘટનાઓ બની તેમાં,

કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી આરકે રંજનનું ઘર સળગાવી દીધા બાદ વિરોધીઓએ ભાજપના નેતાઓના ઘરને સળગાવવાનો પ્રયાસ કર્યો. 16મી જૂને મોડી રાત્રે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે લોકો ઘાયલ પણ થયા. તે જ સમયે, ચર્ચંદપુર અને બિષ્ણુપુર જિલ્લામાં પણ ફાયરિંગ કરવામાં આવ્યું છે.







**મૈતેઇ સમાજને અનામત આપવાની હિલચાલમાં ઉગ્રવાદીઓને ભાવતું મળી ગયું..**

ઈમ્ફાલ પશ્ચિમમાં એક પોલીસ સ્ટેશનમાં પણ લૂંટનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે કોઈ હથિયારની લૂંટ થઈ ન હતી.

લોકોએ બીજેપી ધારાસભ્ય બિસ્વજીતના ઘરને સળગાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળ થઈ શક્યા નહીં. રેપિડ એક્શન ફોર્સ (RAF) એ ટોળાનો પીછો કર્યો. ટોળા પર ટીયર ગેસ અને રબરની ગોળીઓ છોડવામાં આવી.

એક ટોળાએ ભાજપ કાર્યાલયને ઘેરી લીધું હતું. લગભગ 1000 લોકોની ભીડે રાજધાનીમાં અનેક ઈમારતોને આગ લગાડવાનો પ્રયાસ કર્યો હતો. ટોળાએ સિંજમાળ વિસ્તારમાં ભાજપ કાર્યાલયને પણ ઘેરી લીધું હતું, પરંતુ ત્યાં કશું કરી શક્યા નહીં.

ઈમ્ફાલમાં બીજેપી મહિલા પાંખના પ્રમુખ શારદા દેવીના ઘરને પણ મોડીરાત્રે ઘેરી લેવામાં આવ્યું હતું અને તોડફોડ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જો કે સુરક્ષા દળોએ ભીડને ત્યાંથી હટાવી દીધી હતી.

આ પહેલા 15 જૂનની રાત્રે કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી આરકે રંજનનું ઘર સળગાવી દેવામાં આવ્યું હતું. તે રાજધાની ઈમ્ફાલના કોંગબા બજાર વિસ્તારમાં રહે છે. ઘટના સમયે આરકે રંજન કેરળમાં હતા.

મીડિયા સાથે વાત કરતા તેણે કહ્યું કે પોતાના ગૃહ રાજ્યમાં આ બધું જોઈને ખૂબ જ દુઃખ થાય છે. હું લોકોને વિનંતી કરું છું કે તેઓ શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરે. જેઓ આ પ્રકારની હિંસામાં સામેલ છે તેઓ ચોક્કસપણે અમાનવીય છે.

14મી જૂનની રાત્રે રાજ્યના ઉદ્યોગ મંત્રી નેમચા કિપજેનનું ઘર સળગી ગયું હતું. આના એક દિવસ પહેલા ખામેનલોક ગામમાં 9 લોકોના મોત થયા હતા.

સ્થિતિ એવી થઈ ગઈ છે કે મણિપુરમાં એક નિવૃત્ત સૈન્ય અધિકારીએ કહ્યું છે કે રાજ્યની હાલત સીરિયા જેવી છે. લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) એલ નિશિકાંત સિંહે 15 જૂને ટ્વિટર પર લખ્યું,

લેફ.જનરલ (નિવૃત) નિશિકાંતસિંગ દ્વારા મણિપુરની તાજા સ્થિતિની સરખામણી સિરિયા અને લિબિયા જેવા કાયમી અશાંત અને આતંકવાદગ્રસ્ત દેશ સાથે કરીને એક ટ્વીટમાં ગંભીર આરોપ લગાવ્યો કે, "હું મણિપુરમાં રહેતો એક સામાન્ય ભારતીય છું. હું નિવૃત્ત જીવન જીવી રહ્યો છું. રાજ્ય હવે 'સ્ટેટલેસ' થઈ ગયું છે. ગમે ત્યારે જીવ ગુમાવી શકે છે અને કોઈની પણ સંપત્તિનો નાશ થઈ શકે છે. લિબિયાની જેમ, લેબનોન, નાઈજીરિયા અને સીરિયામાં થાય છે. એવું લાગે છે. જેમ કે મણિપુરને .... અનુસંધાન પેજ નં.6 પર



# નેપાળી એક્ટ્રેસ અદિતિએ પોતાની સુંદરતાથી લોકોને બનાવ્યાં દિવાના

નેપાળથી આવેલી અદિતિ બુધાથોકી માત્ર એક બ્રિલિયન્ટ એક્ટ્રેસ જ નથી પરંતુ એક મોડલ પણ છે. અભિનેત્રી પોતાની ફેશન સેન્સના કારણે હંમેશા ચર્ચામાં રહે છે. અદિતિ તેના બોલ્ડ અને સ્ટાઈલિશ ફોટોશૂટથી સોશિયલ મીડિયા પર સનસનાટી મચાવતા હોય છે. હાલમાં તેણે પોતાની તસ્વીરો શેર કરી છે. અભિનેત્રી સોશિયલ મીડિયા માટે નવો ચહેરો નથી. તેણીની ફેન ફોલોઈંગ ઘણી મોટી છે અને ચાહકો તેની સુંદરતાના વખાણ કરતા થાકતા નથી. અદિતિ માત્ર 26 વર્ષની છે અને આટલા ઓછા સમયમાં તેણે ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે. અભિનેત્રીનો જન્મ 28 જૂન, 1996ના રોજ નેપાળના દમકમાં થયો હતો. અદિતિએ હાલમાં જ પોતાના કરિયરની શરૂઆત કરી છે અને કેટલીક ફિલ્મોમાં જોવા મળી છે.

# બીચ પર ધૂમ મચાવી રહી છે અરબાઝની ગર્લફ્રેન્ડ



બોલિવૂડ એક્ટર અરબાઝ ખાનની ગર્લફ્રેન્ડ જ્યોર્જિયા એન્ડ્રિયાની એક વાર ફરી ચર્ચામાં આવી છે. હંમેશા તેના લુક્સના કારણે સોશિયલ મીડિયાની ચર્ચામાં રહે છે. આ વખતે સોશિયલ મીડિયામાં તેની ગ્લેમરસ તસ્વીરો સામે આવી છે. તેની કેટલીક લેટેસ્ટ તસવીરો વાયરલ થઈ રહી છે, જે તેણે ખુદ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. છે જેના પર તેના ચાહકો આકર્ષાય છે. જ્યોર્જિયા દ્વારા શેર કરવામાં આવેલ તસ્વીરોમાં તેના લુકના કારણે ચર્ચામાં છે. ફોટોમાં જ્યોર્જિયાનો અંદાજ ખુબ હોટ જોવા મળી રહ્યો છે. જેના પર ચાહકો ફિદા થયા છે, ચાહકો કોમેન્ટમાં હાર્ટ ઈમોજી શેર કરી તેના વખાણ કરી રહ્યા છે. જ્યોર્જિયા પ્રિન્ટેડ બિકની પહેરેલી જોવા મળી રહી છે. બીચ કિનારે પોતાનો જલવો દેખાડી રહી છે. નોંધનીય છે કે, જ્યોર્જિયા એક ફેમસ અભિનેત્રી, મોડલ અને ડાન્સર છે. જે ઈટલીની રહેવાસી છે પરંતુ અરબાઝની સાથે નામ જોડાયા બાદ તે ભારતમાં રહે છે.

# 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' ના ટીઝરમાં દેખાઈ આલિયા ભટ્ટ અને રણવીરની જબરદસ્ત કેમેસ્ટ્રી




આલિયા ભટ્ટ અને રણવીર સિંહની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ ટીઝરમાં આલિયા અને રણવીરની જબરદસ્ત કેમેસ્ટ્રી જોવા મળી રહી છે. આ થોડીક સેકન્ડનું ટીઝર જોયા બાદ ફિલ્મને લઈને ચાહકોની ઉત્સુકતા વધી ગઈ છે.

ટીઝરને જોઈને લાગે છે કે ફિલ્મની સ્ટોરી પણ મજબૂત હશે. રણવીર, આલિયા અને કરણ જોહરે તેમના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર ટીઝર રિલીઝ કર્યુ છે, જે થોડી જ મિનિટોમાં વાયરલ થઈ ગયુ હતું. આ ફિલ્મના અમુક સેકન્ડના ટીઝરમાં રોકી અને રાનીની લવસ્ટોરી બતાવવામાં આવી છે. આ બંનેની લવસ્ટોરી ક્યાં સુધી જશે, તે તો ફિલ્મ જોયા પછી જ ખબર પડશે, જેના માટે તમારે 28 જુલાઈની રાહ જોવી પડશે. ટીઝરમાં રણવીર અને આલિયાના રોમાન્સનો જંગ જામ્યો છે. બીજી તરફ ફિલ્મના લક્ઝુરિયસ સેટ અને શાનદાર આઉટફિટ્સ અને ટીઝરને જોતા લાગે છે કે ફિલ્મની સ્ટોરી જોરદાર હશે.

રણવીર, આલિયા અને કરણ જોહરે ટીઝર રિલીઝ કરવાના એક દિવસ પહેલા નવા પોસ્ટર સાથે ફિલ્મની ટીઝર રિલીઝ ડેટની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે, આ ફિલ્મમાં આલિયા અને રણવીર સિંહ સિવાય ધર્મેન્દ્ર, જયા બચ્ચન, શબાના આઝમી, રોનિત રોય, અર્જુન બિજલાની, ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચિયા જોવા મળશે. તે જ સમયે, આ ફિલ્મનું નિર્દેશન કરણ જોહરે કર્યું છે.

# હવે OTT પર ધમાલ મચાવશે ધીરજ ધૂપર



ધીરજ ધૂપર ટીવીના સૌથી લોકપ્રિય કલાકારોમાંથી એક છે. ધીરજે કુંડળી ભાગ્યમાં કરણ મલ્હોત્રાના પાત્રથી ઘણા દિલ જીતી લીધા અને ઘર-ઘરમાં જાણીતી બની ગઈ. તે જ સમયે, ધીરજ ઓટીટી પર તેની ઈનિંગ શરૂ કરવા માટે તૈયાર છે. અભિનેતા ટૂંક સમયમાં બોલિવૂડની હસીના નરગીસ ફાખરી સાથે વેબસીરીઝમાં જોવા મળશે.

ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે ટ્વીટ કરીને માહિતી આપતા કહ્યું છે કે ધીરજ ધુપર OTT પ્લેટફોર્મ પર ડેબ્યૂ કરી રહ્યો છે. તરણે પોતાના ટ્વિટમાં લખ્યું, "ધીરજ ધુપર ઓટીટી ડેબ્યૂ કરી રહ્યો છે. તે બોલિવૂડ અભિનેત્રી નરગીસ ફાખરી અને દિવ્યા અગ્રવાલ સાથે જોવા મળશે. તે શીર્ષક પાત્ર 'ટટલુબાઝ' ભજવશે. ગેંગ્સ ઓફ વાસેપુર 2 અને બ્લડી ડેડી ફેમ ઝીશાન કાદરી પણ મહત્વની ભૂમિકા ભજવશે. આ શ્રેણીનું નિર્દેશન વિભુ કશ્યપ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ 9PMFilms દ્વારા કરવામાં આવ્યું છે." હાલમાં, ધીરજ પણ તેના OTT પ્રોજેક્ટને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તે જ સમયે, ચાહકો પણ સિરીઝમાં અભિનેતાને જોવા માટે ઉત્સુક થઈ રહ્યા છે.

ધીરજ ધૂપરે ઘણી ટીવી સિરિયલોમાં કામ કર્યું છે અને ઈન્ડસ્ટ્રીમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. ધીરજે 'માતા પિતા કે ચરણો મેં સ્વર્ગ', 'સિસ્ટર્સ' અને 'મિસિસ તેંડુલકર' જેવી સિરિયલોમાં કામ કર્યું હતું, જોકે તેને 'સસુરાલ સિમર કા'માં પ્રેમ તરીકે ખૂબ જ ખ્યાતિ મળી હતી. આ પછી ધીરજ કુંડળી ભાગ્યમાં કરણ મલ્હોત્રાના પાત્રમાં શ્રદ્ધા આર્ય સાથે દેખાયો અને ઘર-ઘર લોકપ્રિય બન્યો. અભિનેતાએ 'ઝલક દિખલા જા 10' માં પણ તેના ડાન્સ મૂવ્સથી સૌને પ્રભાવિત કર્યા હતા. ધીરજ ધૂપર સુરભી ચંદના સાથે 'શેરદિલ શેરગિલ'માં રાજકુમારની ભૂમિકામાં જોવા મળ્યો હતો.



# બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા સોશિયલ મીડિયા પર છવાઈ

બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા સોશિયલ મીડિયા પર છવાયેલી છે. નવ્યા ભલે ફિલ્મી દુનિયાથી દૂર હોય, પરંતુ તે પોતાના અંગત જીવનને લઈને ઘણી વખત હેડલાઈન્સમાં આવી છે. નવ્યા ઘણી વખત ખૂબ જ સિમ્પલ સ્ટાઈલમાં જોવા મળી છે. હવે તેની સાદગી અને સમજણ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પણ જોવા મળે છે. આ ઈન્ટરવ્યુમાં નવ્યાની હિન્દી બોલતા સાંભળીને સોશિયલ મીડિયા યુઝર્સ આશ્ચર્યચકિત થઈ ગયા છે. દરેક વ્યક્તિ તેના વખાણના પુલ બાંધે છે. સાથે જ ચાહકો પણ નવ્યાની વિચારસરણીના વખાણ કરી રહ્યા છે.

## નવ્યાને હિન્દી બોલતા સાંભળીને સોશિયલ મીડિયા યુઝર્સ આશ્ચર્યચકિત થયા

વાસ્તવમાં, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં નવ્યાએ સ્પષ્ટ કર્યું હતું કે તે હાલમાં એક્ટિંગમાં કરિયર બનાવવાનું વિચારી રહી નથી. નવ્યાએ પોતાના બિઝનેસ અને ભવિષ્યના વિઝન વિશે વાત કરતાં કહ્યું કે એક વાત હું વારંવાર સાંભળું છું કે તું ઘણી નાની છે, તને અનુભવ નથી. તો તમે આ વસ્તુઓ વિશે કેવી રીતે કામ કરી શકો? શું તમે તબીબી સંભાળ, કાયદાકીય જાગૃતિ અને ઘરેલું હિંસા વિશે જાણો છો? મને લાગે છે કે જો હું કંઈક કરવા માટે 80 વર્ષ રહીશ તો આ દુનિયાનું શું થશે? આપણી પેઢીનું શું થશે. આપણી પાસે ઘણું જ્ઞાન છે અને દેશના 80 ટકા લોકો આપણી જ ઉંમરના છે.



# ઈશાએ કરણને બારોબાર ઈન્સ્ટા પર શુભેચ્છા આપી

હેમા માલિનીની દીકરી ઈશા દેઓલ તેના ઓરમાન ભાઈ સની દેઓલના પુત્ર કરણના લગ્નમાં આમંત્રણ છતાં પણ હાજર રહી ન હતી. તેણે બારોબાર ઈન્સ્ટાગ્રામ પર જ શુભેચ્છા આપી દીધી હતી. ઈશાએ ઈન્સ્ટા સ્ટોરીમાં કરણ અને દ્રિશાને શુભેચ્છા પાઠવી હતી. ઈશાની આ સ્ટોરી સોશયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. સોશયલ મીડિયાના યુઝર્સ ટિપ્પણી કરી રહ્યા છે કે ભલે સની દેઓલે ઈશા તથા આહનાને લગ્ન માટે આમંત્રણ આપ્યું હોય પરંતુ માતા હેમા માલિનીની જેમ તેમણે પણ ધર્મેન્દ્રની પહેલી પત્નીના પરિવાર સાથે અંતર જાળવવાનું પસંદ કર્યું છે. ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશની તસવીરો ભાગ્યે જ જોવા મળે છે. લગ્ન વખતે ધર્મેન્દ્રની તેમની સાથેની તસવીરો પણ વાયરલ થઈ છે.

# સાલારમાં પ્રભાસની હિરોઈન હશે શ્રીયા રેડ્ડી



પ્રભાસની 'આદિપુરુષ' હાલ વિવાદોમાં સપડાઈ છે. હવે તેની આગામી ફિલ્મ 'સાલાર' પર ચાહકોની નજર છે. આ ફિલ્મમાં શ્રીયા રેડ્ડી પ્રભાસની હિરોઈન હોવાની જાહેરાત થઈ છે. શ્રીયા આ ફિલ્મમાં એક્શન રોલમાં હશે. તે આ રોલ માટે તૈયારી કરતી હોય તેવો વીડિયો પણ વાયરલ થયો છે. મૂળ તેલુગુમાં બનનારી 'સાલાર' સાઉથની તમામ ભાષા ઉપરાંત હિન્દીમાં પણ રીલીઝ કરાશે. 'આદિપુરુષ' જે રીતે વિવાદોમાં સપડાઈ તે પછી પ્રભાસના પાન ઈન્ડિયા લોકપ્રિય સ્ટાર બનવાનાં સ્વપ્નને ધક્કો વાગ્યો છે. હવે તેને 'સાલાર' પર મોટી આશા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# રથયાત્રા હેમખેમ પાર પડતા મંદિર જમીનનો વિવાદ પહોંચ્યો હાઈકોર્ટમાં

■ 2.97 લાખ ચો.મી. જમીન મંદિરના ટ્રસ્ટીઓએ ગેરકાયદેસર રીતે વેચી મારી હોવાનો રીટમાં દાવો

ગુજરાત | વંદન

ચાલુ વર્ષે અષાઢી બીજે શહેરના જમાલપુર જગન્નાથ મંદિરની રથયાત્રા હેમ ખેમ પાર પડી તો બીજી તરફ જગનાથ મંદિરની જમીનનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો છે. એવો આરોપ મુકવામાં આવ્યો છે કે, મંદિરના ટ્રસ્ટીઓએ મંદિરની 2.97 લાખ ચો.મી. જમીન કોઈ બિલ્ડરને વેચી મારી છે.

શ્રી જગન્નાથજી મંદિરની કરોડોની ગૌચરની જમીન ગેરકાયદેસર રીતે વેચી દેવાના કૌભાંડમાં હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ તરફથી આ સમગ્ર મામલે રિટ પિટિશન કરીને જવાબદારો સામે પગલાં લેવા અને વિવાદીત જમીનના વેચાણને રદ કરી જમીન મંદિરને પરત મળે એવા આદેશ કરવાની માંગ કરવામાં આવી છે. આ કેસની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાય એવી શક્યતા છે.

વિશ્વ હિન્દુ પરિષદના અખીલ ભારતીય ધર્મ પ્રસાર વિભાગના જોઈન્ટ સેક્રેટરી ધર્મેન્દ્ર ભાવાણી જાહેરહિતની અરજીના અરજદાર છે. તેમણે જણાવ્યું હતું કે,'2.97 લાખ ચો.મી.ની આ જમીન અંદાજિત 25 હજાર કરોડ રૂપિયાની બજાર કિંમત ધરાવે છે. આ જમીનના ગેરકાયદેસર વેચાણ માટે થયેલા કરાર રદ થવા જોઈએ અને જમીન મંદિરને પરત મળવી જોઈએ. મંદિર ટ્રસ્ટે આ જમીન ઉસ્માનગની ઘાંચીને વેચી હતી, જેણે આ જમીન ખરીદવા માટે



જગન્નાથ કન્સ્લટન્સી બનાવી હતી. તે મૂળ HS હોટલવાલા ડેવલપર્સના નામે કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરે છે. મંદિર ટ્રસ્ટ અને બિલ્ડરે મળીને દાણીલીમડા અને બહેરામપુરાની 12 સર્વે નંબરની 2.97 લાખ ચો.મી. જમીનના વેચાણ કરાર કર્યા હતા.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'અમે આ અંગે PIL કરી છે. કેમ કે જગન્નાથજી મંદિર કરોડો હિન્દુ શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. મંદિર અને હિન્દુ સમાજના હિતને ધ્યાનમાં રાખીને દાતાઓએ ખુલ્લા હાથે જમીન દાનમાં આપી હતી. તે સિવાય AMC દ્વારા ગૌશાળાના સંચાલન અને સંવર્ધન માટે જમીન ફાળવવામાં આવી હતી. ગૌશાળા માટેની જમીન અને તે સિવાય મંદિરના નિભાવ માટે આપવામાં આવેલી જમીનનો મોટો ભાગ વેચી કાઢવાનું આ કૌભાંડ છે. ચેરિટી કમિશનરે જમીનના આ વેચાણને ગેરકાયદેસર ઠરાવતા ચુકાદા આપ્યા છે. તેમ છતાંય ટ્રસ્ટે ગેરકાયદેસર રીતે જમીન વેચીને કૌભાંડ આચર્યું છે.'

ભાવાણીએ વધુમાં જણાવતાં એવો દાવો પણ કર્યો છે કે, 'આ જમીન શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલી છે અને ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અન્ય ધર્મના લોકોને વેચી કાઢી છે. ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આ જ મુદ્દે અમે સ્યૂટ પણ દાખલ કર્યો છે કેમ કે લોકાયુક્ત અને રેવન્યૂ વિભાગ દ્વારા અમારી રજૂઆત સાંભળવામાં આવી નહોતી. આશ્ચર્યની વાત તો એ છે કે 25 હજાર કરોડની બજાર કિંમત ધરાવતી જમીન વેચીને ટ્રસ્ટને માત્ર રૂ. 7.75 કરોડ જ મળ્યા છે. તેથી એ સ્પષ્ટ થાય છે કે સમગ્ર વ્યવહાર ગેરકાયદેસર અને ભારોભાર ભ્રષ્ટાચારના અંતે થયો છે.' ઉલ્લેખનીય છે કે જમીન ખરીદનાર બિલ્ડર અને અન્યોએ

...અનુસંધાન પેજ નં. 6 પર

# 'દિવ્ય પુરૂષ'એ 'આદિપુરુષ' બનાવનારના કાન આમળ્યાં-શા માટે વિવાદ સર્જો છો?





■ મોરારી બાપુની નિખાલસતા: રામાયણ સિરિયલ બનાવનાર રામાનંદ સાગરે મારી લીધી હતી સલાહ

ગુજરાત | વંદન

રામાયણ પર બનેલી આદિપુરુષ ફિલ્મ તેના ડાયલોગ સહિતની કેટલીક બાબતોના કારણે ઘણી જ ચર્ચામાં છે. આ ફિલ્મનો ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે રામાયણના કથાકાર તરીકે મોટું નામ ધરાવતા મોરારિબાપુએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરીને કેટલીક વાત કહી છે. તેમણે કહ્યું કે, વ્યાસપીઠ પરથી વિનયતા સાથે કહેવા માગું છું કે તમારે રામાયણ પર કોઈ નાટક બનાવવું હોય, કોઈ ફિલ્મ બનાવવી હોય, કોઈ કથા લખવી છે, તમારું ઈન્ટરપ્રિટેશન નાખવું હોય.. તો વાલ્મીકીનો આધાર લો, તુલસીદાસજીનો આધાર લો. રામાયણ સિરિયલ બની તે સમયે કરવામાં આવેલા રિસર્ચની વાત પણ તેમણે વ્યાસપીઠ પરથી કરી હતી.

તેમણે રામાયણ પર બનેલી ફિલ્મના વિવાદ અંગે વાત કરીને કહ્યું કે, બને તો મોરારિબાપુને પૂછો, તમને આ અહંકાર પણ લાગી શકે છે. પરંતુ મેં આના પર કામ કર્યું છે. હું 65 વર્ષથી આના પર કામ કરી રહ્યો છું. હું દિવંગત રામાનંદ સાગરને આદર આપું છું, તમે જ્યારે રામાયણ સિરિયલ બનાવી ત્યારે બે વ્યક્તિઓનો મત લીધો હતો. એક તો પંડીતજી રામકિંકર મહારાજની બીજા સ્વયં તલગાજરડાના.. બોલ્યા કે બાપુ અમે તમને અમુક વાત પૂછીએ છીએ તમે અમને માર્ગ બતાવો.

આ પછી તેમણે પોતાનો ઉલ્લેખ કરીને કહ્યું કે, મને છોડી દો, વાલ્મીકીને પૂછો, વાલ્મીકીજીએ આ ગ્રંથને સંશોધિત કરીને દેશ, કાળ અને પાત્રો અનુસાર (વાત કહી છે).

...અનુસંધાન પેજ નં. 6 પર

# 10 સાક્ષીઓએ કોર્ટ સમક્ષ આપી જુબાની ગુજરાતીઓને ઠગ કહેવાના મામલે તેજસ્વી યાદવની વધી શકે છે મુશ્કેલીઓ

ગુજરાત | વંદન

ગુજરાતીઓને ઠગ કહેવાના મામલે અમદાવાદ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં બિહારના ઉપ-મુખ્યપ્રધાન તેજસ્વી યાદવ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ મામલે કોર્ટમાં પાછલી બે સુનાવણી દરમિયાન અલગ-અલગ 10 સાક્ષીઓએ કોર્ટ સમક્ષ નિવેદન નોંધાવ્યા છે. જેમાં ગુજરાતી લોકોને ઠગ કહેવા મુદ્દે ગુજરાતીઓની લાગણી દુભાઈ છે. ત્યારે સાક્ષીઓના નિવેદન બાદ કોર્ટ તેજસ્વી યાદવને કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કરી શકે છે.

ગત માર્ચ મહિનામાં એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવે ગુજરાતીઓને ઠગ કહ્યા હોવાનું સામે આવ્યું હતું. આ મુદ્દે મેટ્રો કોર્ટમાં એક ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ કેસમાં



છેલ્લી બે સુનાવણી દરમિયાન વિવિધ સાક્ષીઓની જુબાની લેવામાં આવી રહી છે. સાથે અન્ય બીજા પાંચ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. ફરિયાદીના વકીલ એડવોકેટ પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે, તેજસ્વી યાદવ સામેના કેસમાં વધુ 5 એ જુબાની આપી છે. અત્યાર સુધીમાં કુલ દસ સાક્ષીઓ જુબાની આપી ચૂક્યા છે.

આ મામલે આગામી સુનાવણી 28 તારીખે થશે ત્યારે વિશેષ સાક્ષીઓની જુબાની લેવામાં આવશે. ત્યારબાદ ઈન્ડિયન પીનલ કોડ 204 મુજબનું હીયરિંગ થશે અને ત્યારબાદ જો કોર્ટને લાગશે તો તેજસ્વી યાદવ સામે

...અનુસંધાન પેજ નં. 6 પર

## નમસ્તે મેઘરાજા....વહેલા રે પધારશો....જુવે તમારી રાહ....



તાજેતરમાં બિપરજોય વાવાઝોડાના કારણે શહેરમાં વરસાદની હેલી થઈ હતી પરંતુ નિયમિત ચોમાસાની હજુ શરૂઆત થઈ નથી. શહેરનું દિલ્હી દરવાજા બહાર નમસ્તે સર્કલ ખાતે બે હાથની મુદ્રાવાળી આઈકોનિક પ્રતિમા મુકવામાં આવી છે. આકાશમાં વરસાદી વાદળા...તેની નીચે ઉડી રહેલા પક્ષીઓની હારમાળા અને નીચે બે હાથની મુદ્રા જાણે કે મેઘરાજાને વિંતની કરી રહી છે કે, મેઘરાજા અષાઢ બેસી ગયો છે, ગરમીથી નગરજનો પરેશાન છે. ખેતરમાં ખેડૂતો તમારી ચાતક નજરે રાહ નિહાળી રહ્યાં છે. વિરહમાં ઝુરતા પ્રેમી પંખીડાઓ પણ મેઘા રે મેઘા મત પરદેશ જા.... આજ તુ પ્રેમ કા સંદેશ બરસા જા....એવી લાગણી ધરાવી રહ્યાં છે. કોઈ ખેતરમાં કે કોઈ ગામમાં ફિલ્મ લગાનની જેમ કાલે મેઘા કાલે મેઘા પાની તો બરસાઓ.... બિજલી કી તલવાર નહી બુંદો કે બાણ ચલાવો...નું ગીત ગાઈ રહ્યાં હશે. તો વળી કોઈ જગ્યાએ ધરતી કહે પુકાર કે બીજ ઉગાલે પ્યાર કે....એવું પણ ગીત...શબ્દો હવામાં ગૂંજી રહ્યા હશે. કુલ મિલાકે મેઘરાજા અરજ એટલી જ છે કે, વેળાસર પધારશો.... (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

# ગુજરાતમાં ગૂગલ ગ્લોબલ ફિનટેક સેન્ટર શરૂ કરશે

■ નરેન્દ્ર મોદીને મળ્યા બાદ ગૂગલના સીઈઓ દ્વારા મોટી જાહેરાત

ગુજરાત | વંદન

PM મોદીએ પોતાની અમેરિકા યાત્રા દરમિયાન અનેક દિગ્ગજો સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન, ઉપપ્રમુખ કમલા હેરિસ અને અન્ય અગ્રણી નેતાઓ તેમજ અગ્રણી અમેરિકન કંપનીઓના ઉચ્ચ અધિકારીઓને મળ્યા હતા. જેમાં ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પિચાઈનો સમાવેશ થાય છે. પીએમ મોદીને મળ્યા બાદ પિચાઈએ કંપની વતી મોટી જાહેરાત કરી છે.

ગૂગલના CEOએ જણાવ્યું કે, કંપની ગુજરાતમાં તેનું ગ્લોબલ ફિનટેક (ફાઈનાન્સિયલ ટેક્નોલોજી) ઓપરેશન સેન્ટર ખોલશે. આ સાથે સુંદર પિચાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમની પણ પ્રશંસા કરી હતી.



પિચાઈએ કહ્યું કે, PM મોદીની અમેરિકાની ઐતિહાસિક મુલાકાત દરમિયાન તેમને મળવું સન્માનની વાત છે. અમે વડાપ્રધાનને કહ્યું કે, Google ભારતના ડિજિટાઈઝેશન ફંડમાં $10 બિલિયનનું રોકાણ કરી રહ્યું છે. અમે ગુજરાત ઈન્ટરનેશનલ ફિન-ટેક (ગિફ્ટ) સિટી ગુજરાતમાં અમારા ગ્લોબલ ફિનટેક ઓપરેશન્સ સેન્ટરની શરૂઆતની જાહેરાત કરી રહ્યા છીએ. ડિજિટલ ઈન્ડિયાના વખાણ કરતાં Google CEOએ કહ્યું કે, ડિજિટલ ઈન્ડિયા માટે વડાપ્રધાનનું વિઝન તેના સમય કરતાં આગળ હતું અને હવે હું તેને એક બ્લુપ્રિન્ટ તરીકે જોઉં છું જેને અન્ય દેશો અનુસરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# ખેતરો પાણી-પાણી, જાંબુઘોડામાં 2.5 ઈંચ ભારે ઉકળાટ બાદ ડાકોર-ગોધરા સહિત મધ્ય ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો

ગુજરાત | વંદન

દેશના અનેક રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવે હવામાને મિજાજ બદલ્યો છે. દેશભરમાં લોકોને આજથી હીટવેવથી રાહત મળવાની શરૂ થઈ જશે કારણ કે દિલ્હીથી લઈને ઉત્તર પ્રદેશ સુધી હવે વરસાદ દસ્તક દે તેવી શક્યતાઓ વધી રહી છે. મોટા ભાગના રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. 26 રાજ્યોમાં આજે વરસાદ થવાની

...અનુસંધાન પેજ નં. 6 પર

## નડિયાદમાં ગરનાળામાં કોલેજની બસ અટવાઈ



ગૃહમંત્રી ખામોશ કેમ છે, કોંગ્રેસનો સવાલ

# SMC દ્વારા ગોંડલમાં 1 કરોડનો દારૂનો જથ્થો જપ્ત કરાયો

ગુજરાત | વંદન

ગુજરાત કોંગ્રેસ દ્વારા ગોંડલમાં પકડાયેલા અંદાજીત 1 કરોડના દારુના મામલે ભાજપ સરકાર પર વાકબાણ ચલાવાયા છે. ગુજરાત કોંગ્રેસના નેતા અને પ્રવક્તા મનહર પટેલ દ્વારા હાલમાં જ એક વીડિયો માધ્યમથી ગુજરાતની દારુબંધી અંગે ગુજરાત સરકાર, ગુજરાત પોલીસ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ગોંડલ પોલીસની હદમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અંદાજીત 1 કરોડ રૂપિયાની કિંમતનો દારુનો જથ્થો પકડાયો છે. ત્યારે રાજકોટ રેન્જ પોલીસ ક્યાં છે? ગુજરાતમાં દારુની રેલમ છેલમ કરીને બુટલેગરોને તાકાત આપવાનું કામ 25 વર્ષથી ભાજપ સરકાર કરી રહી છે. ગૃહ પ્રધાન મૌન... આ સાથે જ તેમણે આ વીડિયો સોશ્યલ મીડિયા પર પણ પોસ્ટ કર્યો છે અને ગુજરાત પોલીસ, હર્ષ સંઘવી અને ગુજરાતના ડીજીપીને પણ ટેગ કર્યા છે.

# સ્ટેટ GST વિભાગનો સપાટો: અમદાવાદ, સુરત સહિત રાજ્યમાં વિવિધ ડોક્ટરોના 21 ક્લિનિક પર દરોડા

ગુજરાત | વંદન

સ્ટેટ GST વિભાગના રાજ્યભરમાં 40 સ્થળો પર દરોડા પાડ્યા છે. જેમાં કોસ્મેટીક સર્જરી, સ્કીન-હેર ટ્રીટમેન્ટ, પ્લાસ્ટિક સર્જરીના એકમ પર દરોડા પાડ્યા છે. અમદાવાદમાં 9 ક્લિનીકનાં 16 સ્થળો પર દરોડા પડ્યા છે. જ્યારે વડોદરામાં 5 ક્લિનીકનાં 9 સ્થળો પર દરોડા પડ્યા છે. તેમજ સુરતનાં 5 ક્લિનિક પર 15 સ્થળોએ દરોડા પડ્યા છે. ત્યારે કુલ 21 ક્લિનીક અને 40 સ્થળો પર સ્ટેટ GST દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. માર્ચ મહિનો પૂર્ણ થયા બાદ GST વિભાગ દ્વારા વેપારી, ડોક્ટરોના

...અનુસંધાન પેજ નં. 6 પર





Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE


# કોલંબિયન ત્રાસવાદીઓએ અપહરણ કરીને માંગ્યા 1 લાખ ડોલર, ન મળતા હત્યા કરી

■ અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા

ગુજરાત | વંદન

ગેરકાયદે અમેરિકા જવા નિકળેલ નવા નરોડાના પટેલ દંપતિ પર અપહરણ અને અમાનુષી અત્યાચારની ચોંકાવનારી ઘટના બાદ હવે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમા અમેરિકામાં કોલંબિયન ત્રાસવાદીઓ દ્વારા એક ગુજરાતી યુવકનું અપહરણ કરીને ખંડણીની રકમના આપતા તેની કરપીણ હત્યા કરવામાં આવી છે.

અમેરિકામાં અમદાવાદના હિરેન ગજેરાનું અપહરણ બાદ હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. હિરેન ગજેરાની નિર્દયતાથી હત્યા બાદ ગજેરા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મહત્વનું છે કે, હિરેન ગજેરાના અપહરણ કર્યા બાદ ત્રાસવાદીઓએ 1 લાખ US ડૉલર અથવા 70 કિલો ડ્રગ્સની માંગણી કરી હતી.



મળતી માહિતી અનુસાર, અમદાવાદના મેમનગર વિસ્તારમાં રહેતા ડો. એમ. કે. ગજેરાના પુત્ર હિરેન ગજેરા (ઉં.વ 41) 2006માં અમેરિકા ગયા હતા. અમેરિકાના એમ્પાલમ શહેરમાં તેઓએ સાગના લાકડાનો બિઝનેસ શરૂ કર્યો હતો. તેઓ સાગના લાકડાને એક્સપોર્ટ કરતા હતા. તેઓ વર્ષ 2014 સુધી અમેરિકા રહ્યા બાદ અમદાવાદ પરત આવ્યા હતા. જે બાદ તેઓ ગયા વર્ષે માર્ચ મહિનામાં ફરી અમેરિકા ગયા હતા. તેઓએ ક્યુએન્કા શહેરમાં નવું ઘર પણ બનાવ્યું હતું.

## મેમનગર વિસ્તારના ડોક્ટર પુત્રની હત્યા

ત્રણ જૂને હિરેન ગજેરા મિત્રના પિતાની બર્થ ડે પાર્ટીમાં ગયા હતા. જ્યાંથી પરત ફરતી વખતે દક્ષિણ અમેરિકાના એમ્પાલમે શહેરમાંથી હિરેન ગજેરાનું કોલંબિયન ત્રાસવાદીઓ અપહરણ કર્યું હતું. અપહરણ કર્યા બાદ ત્રાસવાદીઓએ 1 લાખ US ડૉલર અથવા 70 કિલો ડ્રગ્સની માંગ કરી હતી. થોડી રકઝક કર્યા બાદ ત્રાસવાદીઓ હિરેન ગજેરાને 20 હજાર US ડૉલરમાં છોડવા તૈયાર થયા હતા. ત્રાસવાદીઓએ રકમ હિરેન ગજેરાની પત્ની એકલી લઈને આવશે તેવી શરત મૂકી હતી. જે શરત તેમના પરિવારજનોએ માની લીધી હતી. છતાં ત્રાસવાદીઓએ હિરેન ગેજરાની હત્યા કરી નાખી અને તેમના મૃતદેહને નદીમાં ફેંકી દીધો હતો. આ ઘટના બાદ પરિવાર પર આભ ફાટી પડ્યું છે. હિરેન ગજેરાની હત્યા બાદ પરિવારમાં શોકનો મોજુ ફરી વળ્યું છે